વરંવેલી વીણા



વરઘેલી વીણા

—: યાને :—

પ્રેમી કે પાગલ

પવિત્ર પ્રેમનો આદર્શ ચિતાર

ભાગ ૧ થી ૮

* સંપુર્ણ સચીત્ર વર્ણન *

છપાવી પ્રસિદ્ધ કરનાર

બુકસેલર કંચનલાલ શાન્તિલાલ બ્રધર્સ

ઠે૦ સ્વામીનારાયણના મંદીર પાસે, મુ૦ નડીયાદ.

આવૃત્તિ ૪   પ્રત ૧૫૦૦   સને ૧૯૩૧

કિંમત ફક્ત દસ આના

૧૬૦૭૯

સુચના

આ પુસ્તક તેના લેખક ગામ **અનારાના** કવિ શ્રીયુત **જોઇતાભાઇ ભગવાનદાસને** યોગ્ય બદલો આપી રચાવવામાં આવ્યું છે. માટે તેનો સર્વ હક્ક નડીયાદના **બુકસેલર જદુલાલ નારણદાસ ચોકસીનો** હોવાથી તેમની લેખીત પરવાનગી સિવાય કોઇએ છાપવી અથવા છપાવવી નહિ. જે કોઈ કાયદાનો ભંગ કરશે તેના ઉપર યોગ્ય ઇલાજ લેવામાં આવશે.

એકજ ભાગમાં સંપુર્ણ ડીટેકટીવ વારતા

આકાશમાં અકસ્માત

— યાને —

પેરીસની પરી

કીંમત ફક્ત બાર આના

આ ચોપડી ઉમરેઠ બટવાડી પોળ પાસે આવેલા રતીલાલ બાળકૃષ્ણ ત્રીવેદીના સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસમાં ભાઇલાલ ચુનીલાલ જોશીએ છાપી અને બુકસેલર કંચનલાલ શાંતિલાલે સ્વામીનારાયણના મંદીર પાસે નડીયાદમાંથી પ્રગટ કરી.

વરઘેલી વીણા
યાને
પ્રેમી કે પાગલ
ભાગ ૧ લો

રાગ (હરિગીત છંદ) શશીકાન્ત મારા લગ્નની કંકોત્રી

લલીતા—વ્હાલા! વિણાનું શું કર્યું? નિંદ્રા હજુ ના ઉડતી
વિણા વરસ થઈ સોળની વાતો વિવિધ તેથી થતી.
જોઇ જમાઇ શોધતાં જગ્યા વળી જ્યાં જ્યાં હતી
પણ કોઇ મોઢું મોડતું ના રે વિનવતાં કરગરી. ૧
પેલા મગનના છોકરાનું માગું કરવા હું ગઇ
શો રોફ ઘરમાં રાણીજીનો જોઇ વિસ્મય હું થઇ
પુછી અરે મેં વાત પેરે તો તડુકી બોલી એ
મારો ચીમન પરણાવશું જ્યારે થશે તે તો બી. એ. ૨
અહો નાથ એવા જ્યાં પૂરી ત્યાં એજ ઉત્તર સાંભળ્યા
વ્હાલા વિચારો વાત આ મારી હૃદય ધારી જરા

કર્ત્તા—વિણા તણી વદી એમ માતારે લલીતા નાથને
સુણી કૃષ્ણુલાલે કષ્ટથી વદીઆ વિચારી વાતને ૩

કૃષ્ણુલાલ—વ્હાલી પડી તેની તને શી છે ઘણી ચીંતા મને
ઘણીવાર તુજને મેં કહ્યું કે માગુ તુજથી ના બને

થાશે ધણીનું ધાર્યું જગમાં માનવી કોણ માત્ર છે
સરખો પ્રભુ છે સર્વનો વળી એ દયાનું પાત્ર છે ૪
વિણા વયે હજુ બાળકી છે વર્ષ સોળ થયા છતાં
અંગ્રેજીના અભ્યાસમાં હજુ ચાર વર્ષજ ખુટતાં
મળશે પછી વર આપ મેળે છે ઘણા ભ્રગુપુરમાં
લાયક અહીં મળશે નહીં દઈશું વીણાને દુરમાં ૫

લલીતા–ના ના પીયુ એ શું વદો સહુલોક મેણાં મારતા
જુઓ કાકીજી આવી મને નીત્યે રહ્યાં ઠપકારતાં
પરણાવી દો કન્યા કહે એ સાપનો ભારો ગણી
કન્યા કુંવારી બાર વરસે ના કદી રહી આપણી ૬
શું બોળવા બેઠાં તમે પેઢી તણી ઇજ્જત બધી
બીજવર અરે પરખો મળે ના પંથવર કયાંએ કદી
ત્યારે કહ્યું કાકી બતાવો વર તમો વીણા સમો
કાકી કહે હરીલાલ પેલો છે મુને તે તો ગમ્યો ૭
ઉંમર વરસ ચાળીસની છે છોકરાં વળી ચારતો
જડુ કાગની કોટે હીરો ગમાર એવી ન ધારશો
નથી છોરા ખાટી છેક એવી કે ઉકરડે ઢોળવી
કાકી સુણી રીસાઇ ગયાં મુને શકયાં ના ભોળવી ૮
જેકોર મામી એક દીન આવ્યાં હતાં મારી કને
થઇ રોષથી રાતાં પીળાં ઠપકો અરે દેતાં મને
શું ભાયડા જાણે બીચારા કે ગ્રહે શું ચાલતું

જાણે રળી રઝળી કરીને કામ કરતાં ફાલતું ૯
નીજ છોકરાં પરણાવવાં તે છે સ્ત્રીઓનું કામ તો
ઘરનો ધણી ગુલામ છે ઘર કામમાં અધીકાર શો
થઇ આવડી મોટી છતાં ઘરમાં ચલણ તારૂં નથી
એવો ધણી છે માહરે પણ નેત્રથી નચવું ઘડી ૧૦

કર્તા–એવી સુણી વાણી સગાંની રોજ લલીતા ત્રાસતી
પરિવારમાં પુત્રી હતી વીણા વિસામો આપતી
કલેકટર તણી ઓફીસમાં કરે કૃષ્ણલાલજ નોકરી
બી. એ. થઇ શરૂઆતમાં સ્વીકારી ત્રીસની નોકરી ૧૧

હલકા પગારે નાવડું નિભાવતાં એ દંપતિ
કરી કરકસર તેમાં વળી દેવું ભરે મહા કષ્ટથી
મુક્યું પીતાએ વારસામાં રૂણ પાંચ હજારનું
છતાં દંપતિ હિંમત ધરી નિભાવતાં વહેવારનું ૧૨

ગુજરાતી ચોથી રે ભણી વીણા ગઇ અંગ્રેજીમાં
સ્વરૂપમાં છે સુંદરી સૌન્દર્ય ન કો બીજીમાં
બાળા હતી હજુ સોળ વરસે છે યુવાની ફુટતી
હજુ પ્રેમસાગરની ધીમી રે સ્નેહ ઉર્મી સ્ફુરતી ૧૩

ગૌરાંગ સર્વાંગે વદન લાલી ગુલાબી છે ભરી
સદગુણ પણ એવા વસ્યા સોને સુગંધી છે મળી
નિર્દોષ નજરે સ્નેહથી રસ હિણને આકર્ષતી
વધતી જતી ઉંમર હતી ત્યમત્યમ વધી ખુબસુરતી ૧૪

લલીતા હતી વિદ્યા વિહિન સહવાસથી સુધરી હતી
અતિ પ્રેમ પતિ પર રાખતી પતિ આજ્ઞાને અનુસારતી
સુખી હતી સહુ વાતથી પણ દુઃખી દીકરીથી થતી
પુત્રી થઇ પરણ્યા સમી શોધ્યો ન વર જડતો નથી ૧૫

પુત્રી પ્રભુ તું લે ઉપાડી એમ હરદિન માગતી
ઓશીઆળી અવની હું ફરૂં પુત્રી તણા પ્રતાપથી
ગુજરી ગયા પુત્રો અરે છે દુઃખ અંતર છે ઘણું
તેથી કુંવારી પુત્રી છે તે દુઃખ ગણુતી સો ઘણું ૧૬

સુધરેલ પીતાએ વીણાને કેળવી નિશાળથી
સુંદર ભરતને ચીત્રકામો શીખવ્યાંતાં પ્હારથી
કરી પાકશાસ્ત્ર પુર્ણ તે પુરી પ્રવીણતા દેઇને
કરતી મદદ ગૃહકાર્યમાં વીણા અરે તન દેઇને ૧૭

ત્રણ વર્ષ વીત્યાં એમ પણ વિવા ન વિણાનો થયો
સહી ના શકયાં કાકીજી એ મીજાજ આખર તો ગયો
લાડકોર નામે કાકીજી ઘરડાં અને ગુણીયલ હતાં
લઘુ વય વિષે રાંડયા પછી તણાઇ ડાપણુમાં જતાં ૧૮

નીજ નાતની પટેલાઇમાં કંઇ કાળ તો જાતો હતો
વધુ માંડુ કંઈ જાણે કદી કુટવા ઉભળકો આવતો
અહીંની તહી તહીની અહીં રજનું કરી ગજ આવવું
વળતી લઢાવી ન્યાય કરવા ત્યાં વળી પોતે જવું ૧૯

એવાં અનેરાં નિત્ય કર્મોમાં વરસ વિત્યાં હતાં

મશહુર ઘરડાં જાણીને સહુ કાકી કહી બોલાવતાં
મોશાળ પક્ષેરે સગાઇ કૃષ્ણુલાલ તણી હતી
કાકી અને લલીતા તણી સગાઇ પણ થોડી હતી ૨૦

કાકીજી—એક દીન કાકીજી પધાર્યાં કૃષ્ણુલાલ કને અરે
કંઇ પેરથી ઉપાડી વાતો શું ગળે અન્ન ઉતરે
વિત્યાં વરસ ઓગણીસ વિણુ શું કુંવારી રાખશો
જોઇ ઠીક ઠેકાણું હવે અપવાદ જગનો ભાગશો ૨૧

કૃષ્ણુલાલ—કાકી હજુ વિચાર મારો કો જગે ગોઠયો નથી
હજુ ઓગણીસમું બેઠું હમણાં એ થકી મોટી અતિ

કાકીજી—કદી ના કુંવારી છોકરી આપણ ગૃહે મોટી થઇ
માટે વિચારો ભાઇ આવું કાકીજી બોલ્યાં રહી ૨૨

કર્તા—માઝા તજીને કૃષ્ણુલાલે કાકીને ખખડાવીયાં

કૃષ્ણુલાલ—શું થયું તેમાં અરે દશ વર્ષથી તમે રાંડીયાં
ઉંમર થઇ ચાળીસની તમ તાતે તે કેમ જીરવ્યું
વિણુ સમો વરઘર મળે ત્યારે ધીમે પરણાવશું. ૨૩

નહિ આંધળો થઇ લાકડે હું માંકડું જોડું કદી
પરગામ પણ પરણાવશું જો વર અહીં મળશે નહિ
મિથ્યા ઇજ્જતના કારણે દુહિતા દુઃખી હું નહિ કરૂં
માટે સિધાવો માફ કરીને શ્રાપ એ કાં શીર ધરૂં. ૨૪

કાકીજી—ભવ બાળવાના ભાઇ મારા જો વિચારો હોય ના
સમજુ લલીતાને ઘણું પણ કહેવડાવ્યું તોય ના

હા હા ખરે ના છોકરીને કંઈ કુવે ઉતારવી
શત્રુ થઈને છોકરીને શીદ ગરદન મારવી. ૨૫
વિનય વિવેકે પુર્ણ વિણાને વિવાહે જોડવી
જ્યારે મળે વર યોગ્ય ત્યારે પ્રેમથી પરણાવવી
પણ ભાઇ અંતર દાઝતું લાગે ન કડવું તો કહું
વિણા ભણે અંગ્રેજી તે તો થાય છે ખોટું બહુ ૨૬
ભ્રગુક્ષેત્રમાં ભઇ અરે એવું હજી પોસાય ના
ફરી પારસણો સાથ શું વંઠી અરે એ જાય ના
કહ્યું ના કરે તે કોઇનું "ગોઢેમ" તે સહુને કહે
એથી મળે ના વર વળી એ ભય મને રોજે રહે. ૨૭
કર્તા–મીજાજ ખોયો કૃષ્ણલાલે વાત કાકીની સુણી
કૃષ્ણ–ડા'પણ તમારૂં દાટી દો ચીંતા પડી શી પર તણી
પંચાત મુકો પારકી ઘરડાં થયાં ગતિ શું ગઈ
લાળા બુઝાવી પેટના માળા હવે બેસો લઈ. ૨૮
કર્તા–ના કાકીએ કોદી કંઈ આવું કહેલું સાંભળ્યું
ખોટું ખરેખર લાગીયું ધીરજ ધરી ધીમે કહ્યું
કાકી–કરજે અરે બાપુ ગમે તે ફાવે તો પરણાવજે
નહિ તો કુંવારી રાખીને બીજાં મીરાં બનાવજે ૨૯
કર્તા–ઉઠી ગયાં કાકી હવે કહેવા કદી ન આવતાં
થતી ચીંતા કૃષ્ણલાલને વિવાહનું વિચારતા
જોઇ વળ્યો લાયક બધા જે જે મુરતીઆ તો હતા

બે ત્રણ હતા ખપના બીજા પીતરાઇ ગોત્રી તો થતા ૩૦
લાયક ઘરો જે જે લલીતાને બધાં દરશાવીઆં
વિણા તણા જન્માક્ષરો જ્યાં ત્યાં જઇને આપીઆ
હા ના તણો ઉત્તર ન કોઇ દીલ ખોલી આપતા
પઇસા તણી પંચાત સઉને તેથી ગળીયાં ચાવતા ૩૧

લલીતાએ પઇઠણનો કર્યો પંદરસોનો આંકડો
મોઢું ન માંડયું કોઇએ ના કોઇએ કરીઓ ઘડો
માતા સમજતી મુર્તીઆની પુત્ર ચલણી નોટ છે
પણ નોટ પર તો આંક હોયે આંક વિણના નોટ છે. ૩૨

વધતી કીંમત વરશે વળી સઇકોં તણાં હીસાબથી
કરતો પરીક્ષા પાસ કોઇ પાંચસો વધતા વળી
વળી માગુ સાધારણુ ગ્રહે કરતાં અરે ઉત્તર મળી
કોઇ કહે ભણાવવો ભણતો હજુ નાનો અરે. ૩૩

કોઇ કહે શું વહી જતું કોના કીકા ના પાડતા
વળી કોઇ કહે જન્માક્ષરો મળતા ન મુદ્દલ આવતા
સુણી વાણી સઉની આવી રે લલીતા ત્રાસતી
મરજો અરે આ છોકરી પ્રભુ પાસ એ નીત માગતી ૩૪

વર ઘર તણી પંચાતમાં વીત્યા દીનો વિમાસતાં
ફાગણ ગયો ને ચૈત્ર તો જાતો રહ્યો વિચારતાં
આવ્યો લગ્નગાળો વળી વિવાહ વાત ચલાવતા
દુહિતાપિતા વરતાતને ત્યાં નિત્ય આંટા મારતા ૩૫

શક્તિ ન કૃષ્ણલાલની પણ ઘર ગીરો મુકી કરી
વિણા તણા વિવાહે પંદરસો તણી હિંમત ધરી
તૈયાર થઇ વર શોધતો જ્યાં ત્યાં અરે ફરતો હતો
પણ નાથ વિણાનો પ્રભુએ જગતમાં નિરમ્યો નતો ૩૬

પત્તો ન લાગ્યો ન્યાતમાં જ્યાં ત્યાં ફરી થાકયો અરે
પઇસા તણી બલીહારી જગમાં જાણ્યું તે આજે ખરે
કરશું વિવા વળી આવતે વરસે વળી શું થઇ ગયું
કરી કૃષ્ણલાલે યુક્તિથી સમજાવી લલીતાને કહ્યું. ૩૭

× × × ×

આવ્યો શરદપુનમ તણો મેળો અરે ડાકોરનો
સહકુટુંબ કૃષ્ણલાલતો ડાકોર યાત્રાએ ગયો
સાથે ગયાં કાકી બીજાં નાલકોર નામે જે વળી
ઉંમર વરસ હતી સાઠની પરિબ્રહ્મ ભજતાં ભાવથી ૩૮

જાત્રા કરી સહુ સાંજની ટ્રેને વળ્યાં પાછાં જવા
ઉતર્યાં બધાં આણંદમાં ગાડી બીજીમાં બેસવા
હતી ભીડ ભારે ટ્રેનમાં શોધી વળ્યાં જગ્યા બધે
એન્જીન આગળના ડબે જગ્યા જણાઇ મેંનતે ૩૯

નિહાળી કૃષ્ણલાલને ખોલ્યું ડબાના દ્વારને
ઉતારૂ બેઠા માંહિ તેણે દાખવ્યો ઉપકારને
નજરે નિહાળી કૃષ્ણલાલે ઓળખી લીધા બધા
નીજ નાત અમદાવાદના તે તો બધા ક્ષત્રી હતા ૪૦

હતા ચારમાં ત્રણુની ઉમ્મર સોળ સત્તરની હતી
ચોથા તણી ચોવીસની મૂર્તી મહા મોહક હતી
બેઠા વિવેકે તે બધા સામાજ કૃષ્ણુલાલ છે
વીણા વળી બેઠી તહાં જોવા તહાં જ્યાં લાગ છે ૪૧
મીઠી નજર નિહાળતી વિણા યુવક ચારે વળી
તેમાં વળી સૌથી વડા પર સ્નેહ દૃષ્ટી જઇ ઠરી
સૌન્દર્ય ને તેજે અહો ! ભભકી તે નર ચ્હેરો રહ્યો
આનંદ ને વિવેકની છાયા વિષે તે નર ઘડયો. ૪૨

કૃષ્ણુ-પછી કૃષ્ણુલાલે પુછીયું કયાં જાત ને અભ્યાસ શો
યુવક-વળતી યુવક બોલ્યો ધીમે જઇએ છીએ મુંબઇ અમે
પ્રીવીઅસ વિષે ત્રણુ જાય છે આ હું અરે એમ. એ. થવા
અજ્ઞાત મુંબઇ આ હતા તેથી જતો હું મુકવા ૪૩

કૃષ્ણુ-કહો નામ શું છે આપનું કહો ભાઈ ઉમ્મર કેટલી ?
યુવક-મુજ નામ કુન્દનલાલ છે ઉંમર વરસ તેવીસની
વળી છે પરિક્ષા કયારની પાછા વળો કયારે તમે
છે સોમવારે પ્રીવીઅસ એમ. એ. તણી વીસ દિવસે ૪૪

કર્તા-કાકી હતાં સાથે વળી જે ટાપસી પુરતાં વધાં
કાકી-કહે ભાઇ તારી બેનને પરણાવી જે વઇશાખમાં
કહો કેટલા ભરવા પડયા બીજા ખરચીયા કેટલા
કુન્દન-કાકી પત્યુ પંદરસો બીજા ખરચમાં તેટલા ૪૫
કાકી-વળી નાત અમદાવાદનીએ આજ તો અવધી કરી

કદી દામ વીના કામ તો થાતું નથી ત્યાં તો જરી
તમ પાપના છાંટા અરે સુરત ભરૂચને લાગીઆ
વળી વર ખરીદી વિક્રયે ધંધા બધા પડી ભાગીઆ ૪૬
હજુ ભાઈ તું છે પરણવાનો કેટલા ઓકાવશે
વળી આજ અમદાવાદનું ગરમાગરમ બજાર છે
સોદા બહુ તેજી તણા વર વિક્રયે તો થાય છે
કાકી વધ્યાં તેના પ્રતાપે બાળહત્યા થાય છે ૪૭

કુન્દન–કાકી વદોના વાત એ નિશ્ચય કર્યો મેં તો ખરો
પૈસા નહિ લેવા દઉં સંકલ્પ મુજ એ આકરો
મુજ જાતને વેચે પિતા પરણું નહિ કો પેરથી
રોબે ભરાઈ કાઢશે તો જઈશ સુખે ઘેરથી ૪૮

કૃષ્ણ–વાતો વદી ના ના કરો ભાઈ બધું હું જાણતો
કરો વાત અહીં સ્વેચ્છા થકી પૈસાતણું નહી કામ તો
આવે વખત લેવા તણો ત્યાં દોષ કાઢો તાતનો
જુઓ કાંતીલાલે શું કર્યું કહેતા હતા શું વાત તો ૪૯

કુન્દન–કહો આપ ફાવે તેમ પણ બોલ્યું અબોલ્યું ના કરૂં
દરકારના જીવની કરૂં આજ્ઞા ન એવી અનુસરૂં
ઘર બ્હાર કાઢી મુકશે લોકો કદી ધીક્કારશે
કરી છે પ્રતિજ્ઞા પાળવા જીવતાં લગી એ પાળશે ૫૦
અનીતી થતી અટકાવવા છે એજ રસ્તો એક તો
પૈસા લઈ પરણું નહિ રહેવું કુંવારા છેક તો

ગણુતો રૂઢી હું તોડતાં આ પાપ તાત અનાદરે
મુજ સમ ભણેલા લાગશે તો કોઇ બીજું ન આદરે ૫૧
લઉં છું પ્રતિજ્ઞા બીજી તે તો કૃષ્ણલાલજ સાંભળો
જે રાક્ષસી રૂઢી થકી વિક્રય કરી પરણે વરો
ના જાઉં વરઘોડે કદી ન્યાતો મરણની તે ગણી
બનતા સુધી અટકાવવા બીજા જતા જે તે ભણી ૫૨

કૃષ્ણ—આવ્યું ભરૂચ કહ્યું કૃષ્ણલાલે મીત્ર સહ પધારજો
કુન્દન—બનતા સુધી હું એકલો આવીશ એવું ધારજો
કર્તા—એડ્રેસ લખી એકમેકનાં આવ્યું ભરૂચ ઉતરી ગયા
લ્યો આવજો, લ્યો આવજો કહી સહુ છુટાં સ્નેહે થયાં ૫૩

* * * *

ચુનારવાડા મધ્યમાં હતું ઘર કૃષ્ણલાલનું
ભભકા મહી ભારે નહી ને સેજ બેઠા ઘાટનું
વળી પાછલો વિભાગ સરીતા તર્ફનો ખુલ્લો હતો
વિણા તણા વિલાસનો પણ ઓરડો ત્યાં તો હતો ૫૪
એક દીન શોભા નીરખતી વિણા તહાં બેઠી હતી
ભરતી થતાં ભારે સરીતા તો ઉછાળા મારતી
સુખદા સમીર વા'તો છતાં વામા નિશાસા નાખતી
ના ચોટતું ચીત તેહનું ગ્લાની કંઇ અંતર હતી ૫૫
ડાકોર જઇ આવે હજુ દહાડા વિસેક તો છે થયા
નિહાળી સુરતી પ્રેમની વિચાર ત્યાંથી ઉદભવ્યા

વળી જોઇ કુન્દનલાલને કુન્દનમથી તે તો બની
તન એકલું ફરતું અહીં મન સાથ કુન્દનલાલની ૫૬
વિચારમાં વિવશ બની જાણી વદી ત્યાં એકલી
વિણા-પ્રભુ આપુ તો પતિ આપજે એ અર્જ મારી સાંભળી
જડી છે જતનથી એજ મુરતી આ હૃદય તેનું ગણી
માની કુંવારા મેં અરે મનથી ગણ્યા મુગટ મણી ૫૭
શું મુખ, શી વાણી મધુરી, શી છટા અવયવતણી
આવી ખડા સામે થતા જ્યાં વાત થતી વિવાહની
કુન્દન તમે કુન્દન ખરા કુન્દન સ્રીનો શણગાર છે
સર્વાંગ કુન્દનને સજી વળી થઇશ હું એકતાર તે ૫૮
ક્યાંથી મળે ઓળખાણ સાથે ઓચીંતી થઇ
વળતાં વળી એ આવશે કીરતારની કૃપા હતી
માતા પીતા પરગામ પરણાવા તણું ના પાડશે
ત્યારે વળી શું ગામમાં મુજને બળે પરણાવશે ૫૯
ના ના અરે એવું કદાપી હુંજ થાવા નહિ દઉં
મનથી વરી એ નાથને બકવા કરે છો ને સહુ
હું તેમની એ માહારા દરકાર બીજાની નથી
ના કોઇ કાળે દેહ આ બીજા તણી થાશે નહિ ૬૦
થાશે વિધી વસમો વળી હા ના કદી જાતે કરે
માતા પીતા તેથી અરે વિવાહ બીજે જો કરે
કરૂ આત્મહત્યા હેતથી સ્વર્ગ જીવન મારૂં જશે

વળી નર્મદે, હે નર્મદે મુજ દેહ તુજ અર્પણ થશે ૬૧
કર્તા—આવા અનેરા તર્ક વિતર્કો કરે વિણા જહાં
અવાજ એવે આવ્યો સુણ્યો ટપાલીનો તહાં
દોડી જઈ વિણા જુવે તો કાર્ડ એક પડયો હતો
પડતાં નજર જાણ્યું અરે એ પત્ર કુન્દનલાલનો ૬૨
વાંચી વિચારી જાણીયું છે વાયદો સોમવારનો
પીતા તણી પેટી પરે એ પત્ર મૂકી કયારનો
વાંચનગ્રહે જઇ તે પછી કંઇ કંઈ વિચારો ગુંથતી
પ્રભુની કૃપા મારા પરે મન માની આવે મુરતી ૬૩
માગુ પિતા કરશે નહી જો આપ મેળે હું કરૂં
દરકાર તજી દુનીયાં તણી આ દેહ એ ચરણે ધરૂં
વિદ્વાન વિવેકી વળી વિચાર સારા તેમના
સ્વીકારશે સલુણો મને હૃદયે હરિ છે જેમના ૬૪
કર્તા—આવી ઉઠી જ્યાં બહાર ત્યાંતો એજ વાતો ચાલતી
વાતોજ કુન્દનલાલની માતા પીતા મુખે થતી
કહેતા હતા વળી એજ કે કુન્દન સ્વીકારે જો વિણા
પુછાવીએ પછી સંમતિ પત્રે પિતા તેના તણા ૬૫
વિણા તણા વાંચનગ્રહે ઉત્તરો કુન્દનલાલનો
જાણી વિણાએ વાત એ આવ્યો ઉમળકો વ્હાલનો
નીજ ઓરડો શણગારીઓ શોભા કરીને અવનવી
ટંગાવ્યાં ચીત્રો નીજ કરે ચીતર્યાં હતાં જે અનુભવી ૬૬

એક ચીત્રમાં માશુક બીચારી પ્રેમ આશક યાચતી
વળી તે બીજામાં તે પતિનું પ્રેમ ચુંબન પામતી
રૂમાલ જે નીજ કર ભરેલો મેજ પર તે પાથર્યો
રેશમ તણા તકીયા બધા ખુરશીપરે શણુગારીયા ૬૭

સોમવાર આવ્યો વાયદાનો તેહ પ્રાતઃકાળમાં
ગયા કૃષ્ણુલાલજ તેડવાના સ્ટેશને વિચારમાં
રહી ઘેર વિણાએ વળી લીપીને છાપાં પાડીઆં
"પરોણા પધારોરે ભલે" સ્વાગત બધે ચોટાડીયાં ૬૮

લઇ કૃષ્ણુલાલ જ એટલામાં આવીયા ત્યાં તો અરે
છે સાથ કુન્દનલાલ તે પાછળ ધીમા પગલે પળે
લલીતા ખબર પુછે વળી વીણા નજર નાખી રહી
ફરકયું અનેરૂ સ્મીત જ્યાં નજરો નજર બેઉ મળી ૬૯

વિણા તણા વાંચનગ્રહે છે તેમને પધરાવીઆ
સ્વર્ગીય શોભા ત્યાં નિહાળી કંઇ વિચારો આવીયા
ચીત્રો ભરતકામે વળી કંઇ રંગ પુરતી આકૃતી
સરીતા રમે સાગર સહે દેખાય એ કુદરત કૃતી ૭૦

એ દ્રષ્ય કુન્દનલાલનું નિહાળી મન વીહુવળ થયું
ભુલી જઈ તન ભાન જોયું ગ્રહ વિણામય થઇ ગયું
ત્યાં શબ્દો કુન્દનલાલના મુખે અચાનક નીકળ્યા
બાળા અરે આ પામશે જે ભાગ્યશાળી છે ખરા ૭૧
આવી અરે આ એટલામાં સ્નાન ભોજન તો વળી

જાવાનું કૃષ્ણુલાલને કચેરીએ તેથી કરી
રંગીત આસન ગોઠવી વિણા અરે ત્યાં તો ગઇ
ભોજન જમાડયાં ભાવતાં છે વાનીઓ વિધવિધ કંઇ ૭૨
સ્થીતીજ કૃષ્ણુલાલની સાધારણે હતી ચાલતી
પીતા તણા કરજે વળી ટુંકા પગારે તે હતી
પરોણાગતે પાછી પાની ના થતી ભરૂચે કદી
જાહોજલાલી પુર્વની કહેવત હજુ છે ચાલતી ૭૩
લક્ષ્મી ભલે જાએ કદી ના તેહની પરવા કરે
અસલી ન તજતું ખાનદાની રે ભલા ભરૂચરે
હતો કૃષ્ણુલાલજ ખાનદાની હાલ નીરૂપાઇ છે
પઇસેટકે ખાલી છતાં ભાગ્યું ભલે પણ ભરૂચ છે ૭૪
કૃષ્ણુલાલ કચેરીએ ગયા કુન્દન ગયા અવાસમાં
આરામ લેતાં ચેરમાં ઉજાગરે ઉંઘી ગયા
નિંદ્રા મહિ સ્વપ્નો કંઇ આવી અને ઉડી જતાં
ફરકયું મુખે જો સ્મીત સ્વપ્ને છે વિણાને નિરખતાં ૭૫
પૂરવે અરે આણુંદના સ્ટેશન વિષે જોઇ વિણા
આજે સવારે સ્મીત સહુ સત્કાર કરતી જે વિણા
જમતી વખત પીરસી જતી શરમાળ શાણી તે વિણા
આનંદ દેવી ઉંઘમાં પણ આ ઘડી ખડી એ વિણા ૭૬
ખડખડાટ થાતાં એટલામાં આંખ તો ઉઘડી ગઇ
નજરે પડી કંઇ શોધતી વિણા કબાટે તો કંઇ
લલીતા અરે નીજ બેનને જોવા ગઇ છે જ્યાં સુધી

વિણા મનોરથ પુર્ણ કરવા આવી અંદર ત્યાં સુધી ૭૭
નીંદ્રીત કુન્દનલાલને જગાડવા જુક્તિ કરી
કમાટમાં કંઇ શોધતાં અવાજ તો કીધો જરી
ઝબકી કુન્દનલાલ તો જાગી ફરી જોયું જરી
સાક્ષાત વિણા ભાળતાં નજરો નજર ત્યાં તો મળી ૭૮
નિચુ નિહાળી રહી વિણા પાછું વળી જોયું ફરી
બીજ પ્રેમનાં રોપ્યાં અરે નેત્રો પરસ્પર ત્યાં મળી
શાંતિ તણો કરી ભંગ કુન્દનલાલ તો બોલ્યા અરે
કુન્દન–બાબા કરો શું એકલાં એકાંતમાં આવી ખરે ૭૯
વીણા–વીણા વદી ભરવા તણું લેવા અહિં આવી હતી
પહોંચી ખલલ જે ઉંઘમાં તે માફી માગુ આપની
કુન્દન–કાંઇ નહી તેમાં, ભરો શું તે મને જોવા દીઓ
સુંદર ભરત છે તમ તણું સુવર્ણ ચંદ્રક મેળવો ૮૦
વીણા–મુંબાઇ પ્રદર્શનમાં મને સુવર્ણ ચંદ્રક છે મળ્યો
કુન્દન–ભરી આપશો રૂમાલ મુજ સુવર્ણ લાયક છો તમો
વીણા–હા, લ્યો સ્વીકારો ભેટ આ લાયક સુવર્ણે હું બની
કર્તા–કહેતી ધીરે ધ્રુજતી વિણા તેતો ગઇ ખુરશી ભણી ૮૧
પ્રીય વાંચકો આરામ લ્યો આજે કથા આ સ્ટોપ છે
કરશું અધુરી પુરી બીજા ભાગમાં નવી નોક જે
અધુરી કથા રસપુર્ણ જે તેથી ન કોઇ શોચશો
કહે દાસ જોઇતારામ બીજા ભાગમાં તે વાંચશો ૮૨

શ્રી

વરઘેલી વીણા

—: યાને :—

પ્રેમી કે પાગલ

ભાગ ૨ જો.

વીણા–હા, લ્યો સ્વીકારો ભેટ આ કહેતી ગઇ ખુરશી કને
કર્તા–ચંચળ બનેલા ચીત્તથી કંઇ ઘાટ ઘડતી છે મને
કંપી ગયું સર્વાંગને બોલી શકી તે તો નહી
ખુરશી ગ્રહી કુન્દન તણી અવાક તે ઉભી રહી ૮૩

વીણા–મન સાથ કહેવા લાગી કે સુવર્ણ લાયક હું હવે
સુવર્ણને કુન્દન મહી ના ભેદ કો કવીઓ કથે
કુન્દન મળ્યું જો આપ મેળે તો વીણા શું છોડશે
સંશય ખરેખર એ ખરો કુન્દન વીણા દીપાવશે ૮૪

શું કરૂં ને શું કહું અંતર થતી ગડભાંજ તે
કરૂં કેવી રીતે માગણી આવે અતીશે લાજ તે
કર્તા–વીણા તણી ઉંમર વીષે આવી ઘડી પહેલી હતી
કરતાં એ સોદા પ્રેમના વીણા હજુ શીખી ન'તી ૮૫
તેથી બીચારી તે વિણા વિચાર વમળે છે પડી

ઉત્તર મુખે દેવાય ના ગભરાઇ પડી તે બાપડી
દેતી જવાબો કંઇ કંઇ પણ સ્પષ્ટ તે નવ આવતા
ચાળે ચઢેલી ચીત્તના વિચાર પળે પલટાઇ જતા ૮૬
નયને નિહાળ્યા સ્નેહથી નિજ નાથ કુન્દનલાલને
ઉર્મિ અનેરી કંઇ સ્ફૂરી નીરખી રહી ધરી વ્હાલને
ખણુતી ભૂમી બાળા ખડી કંઇ નાથ પાસે યાચતી
પ્રસ્વેદથી વસ્ત્રો ભીન્જ્યાં ધારા વદનથી ચાલતી ૮૭

થરથર ગયાં કંપી ચરણ મુખથી જરા બોલાય ના
થઇ ચિત્રવત કાયા વિણા નયનો ઢળ્યાં પૃથ્વી સમાં
વિવસ બનેલી જોઇ વિણાને વદ્યા કુન્દન તહાં
કુન્દન—ગભરાવ છો શાને સલુણી આજ આનંદ છે જહાં ૮૮
વિણા—ના ના કંઇ મુજને થયું ના ના કંઇ દુખી થઇ
પણ ભેટનો મુજ ભેટનો કહી એટલું અટકી ગઇ
કુન્દન—અટકો નહી બાળા તમે તો બેફીકર બોલો અહિં
ખોલી હૃદય ખાલી કરો મનથી કરો મુજવણ નહિં ૮૯

વિણા—ના, ના નથી મુજવણ મને પણ સ્હેજ એવું થાય છે
મુજ ભેટનો બદલો વળી કહી એમ અટકી જાય છે
કુન્દન—શું માગશો બદલા તરીકે તે મને કહેશો કંઇ
વિણા—ના કહું પ્રથમથી જો વળી બંધાઓ મુજને વેણ દઇ ૯૦

કુન્દન—શી માગણી છે અટપટી બાંધો પ્રથમથી છો મને
હરકત પડે નહિં તો સ્વીકારૂં દઇશ જે મારી કને

વિણા–કહી ના શકું હું તે બધું હરકત કદી આવી પડે
સુખો તજી દુઃખો મળે સહેજે બધાં સહેવાં પડે ૯૧
કષ્ટો સહન કરવા છતાં સ્વીકારવા તૈયાર હો
હું તેજ માગું આપજો એ આપવા તૈયાર હો
કુન્દન–માગો ભલે મારી કને લ્યો લ્યો વચન આપું અરે
તમ માગણી સ્વીકારશું છો શીર સાટે તે ખરે ૯૨
વિણા–શાણા સલુણા સાંભળો કરૂં વાત પહેલી સાટવી
કદી ના પળાયે જો વચન તો વાત અહીં એ દાટવી
જાણે નહિ મારા તમારા વિણ કોઇ વાતને
જો જાણશે ત્રીજું કદી થાશે જરૂર મુજ ઘાતને ૯૩
કુન્દન–સલુણી તજો ફીકર અરે તેની અહી એકાંત છે
મેળાપ સમજી આપનો થયો જો પવન ઘડી શાંત છે
સુસવાટ સરીતાના ધીમા પંખી જુવો પણ શાંત છે
બોલો સુખે હું તમ તણી વચ્ચેજ કમળાકાન્ત છે ૯૪
વિણા–ત્યારે સલુણા સાંભળો સુવર્ણ લાયક હું બની
એવું તમે પોતે કહ્યું છે પાત્ર મુજને જો ગણી
વળી છે નહિ કુન્દન સુવર્ણે ભેદ તો આણું માત્રનો
કુન્દન તણી લાયક ગણી વિચાર કરીને પાત્રનો ૯૫
વ્હાલા ગયા બંધાઇ બોલ્યા માંહી આપે આપજો
કુન્દન તમે મારા થયા તેથી હવે શીરતાજજો
વિણા બની એ આપની દાસી ભવોભવ માગણી

જો માગણી મંજુર ના તો હું મરૂં અભાગણી ૯૬
રાખો સલુણા જેમ રવીથી છે પ્રભા નહિ વેગળી
વળી ચંદ્રથી નથી દૂર ચંદ્રીકા અરે એવી ગણી
કીકી જુદી નહી નેત્રથી છાયા નહી કાયા થકી
છે એમ કુન્દનથી વિણા જુદી થવાની ના વકી ૯૭

કુન્દન—શાબાશ, વ્હાલી માગણીપર સો વખત આમીન છે
નડશે ફક્ત ત્યાં એટલું તમ દેહ પર આધીન છે
માતા પિતા તમ જાણશે આ વાત કેવી ધારશે
મઢવા વિણા કુન્દન વિષે આ દેહ તો તૈયાર છે ૯૮

વિણા—એ માનશે, એ માનશે એ તો બધું સ્વીકારશે
તમ સમ જમાઈ મેળવી નીજ ભાગ્યશાળી માનશે
સમભાર નાણું આપતાં મળવા વરો મુશ્કેલ છે
તેવા વિકટ વખતે મળી તમ સમ જમાઇ સ્હેલ છે ૯૯
પુર્વે મળ્યા આણંદમાં ગાડી વિશે પહેલા તમો
મેં ત્યારથી વ્હાલા ગણ્યા આ દેહના માલીક તમો
મુજ માતને વળી તાત તો વિચાર એવો આદરે
માગુ તમો સ્વીકારશો તો લગ્ન મુજ તમથી કરે ૧૦૦

કુન્દન—આવું વદી બાળા તમે મુને ઉડાવો ના હવે
તમ કર કદી તે પામશે સુકૃત કર્યાં જે પરભવે
વિણા—મુજ કર તણા માલીક જગમાં તમ વિના સરજ્યો નથી
કુન્દન—જો હોય સાચુ વેણ તો હું ભાગ્યશાળી છું અતિ ૧૦૧

વિણા–પીતાજી મારા માનશે ખાત્રી ખરી એવી મને
સ્વીકારશો જો આપ તો મુજ લગ્ન બીજે ના બને
માતા પીતા તમ માનશે સંશય મુને એ છે ખરો
શ્રી ઇશ સાનુકુળ થાય તો આ સ્નેહ ટકશે આપણો ૧૦૨
કુન્દન–વ્હાલી વિણા આ સાંભળો નિર્માલ્ય ભારત છે થયો
આર્યો તણા સંસારમાં કયાંથી સડો પેદા થયો
કજીઆ અને કંકાશના મુળો અરે શાથી ફૂટયાં
ધનવાન ધરતી આપણી ધન ધાન્ય તે શાથી ખુટયાં ૧૦૩
માનવ તણી જીંદગી મહી ના લગ્ન સમ કો કર્મ છે
વ્યવહારમાં વસતા સહુને એજ એકજ ધર્મ છે
ભવ પુર્ણ રીતે પાર કરવા લગ્ન કારણભૂત છે
અધીકાર કરવા સ્વર્ગ નરકે લગ્ન કારણભૂત છે ૧૦૪
એવા અનેરા લગ્ન કરમે ચક્ષુ આર્યોએ મીચ્યાં
દરકાર વિણ લગ્નો કરીને દુઃખવારી છે સીચ્યાં
લગ્નો વિશે કુરીતીઓ દાખલ થતી આવી અતી
પરીણામની દરકાર તો કોઇ હવે કરતું નથી ૧૦૫
ખટ માસનાં શીશુ તણાં લગ્નો કરી મનમાનતાં
એ દંપતી વ્યવહાર કેવો ચાલશે મોટાં થતાં
કન્યા તણો વિક્રય કરી સમભાર નાણાં કંઇ હરે
વળી કો કરે પાપી પીતાઓ વર તણો વિક્રય અરે ૧૦૬
માતા પીતા કો નાતમાં માગુ કરી પરણાવતા
વળી કો નાતમાં માગાં અરે કુળગોર કરીને આવતા

માતાપીતા કુળગોર સહુ નીજ સ્વાર્થમાં પૂરતા ફરે
દરકાર ના નીજ પુત્ર પુત્રીના સુખોની કો કરે ૧૦૭
ઇચ્છીત વર જો કો વરે ગુનો ભયંકર એ ગણ્યો
તેથી અરે આર્યો તણો સંસાર દુઃખમય છે બન્યો
માટે સલુણી સાંભળો એ રૂઢીનો નહી દાસ હું
મુજ લગ્નમાં માતાપીતાની લઉં ન આજ્ઞા ખાસ હું ૧૦૮
મુજ માતાપીતાની મતી કાળી થઈ મારા વિષે
મુજ લગ્નમાં ઓકાવવા પૈસા પુરાની તે દીસે
ખરચ્યાજ પંદરસો અરે હાથે કરીને બેનના
તે વ્યાજ સાથે વાળવાના છે વિચારો તેમના ૧૦૯
મુજ જાતના ઉપજે વધુ તેથી મને ભણાવીઓ
માગાં ઘણાં હા, ના કરી મોટો મને થાવા દીધો
એવું કહે માતા પીતા સ્વાર્થી થઇ મુજને અરે
જોયું વલણુ એ જાતનું તેથી જીગર મારૂં બળે ૧૧૦
ખરી ખાત્રી એવી છે મને માતાપીતા સ્વાર્થાન્ધ થઇ
તે કોયલે કુન્દન મઢે કુંભારવાડે તો જઇ
જર લોભી થઇ આ જીંદગી માતાપીતા મારી અરે
બરબાદ કરી રાજી થતાં અંગાર સંસારે ધરે ૧૧૧
તે વાતમાં માતાપીતાની તેથી હું વિરૂદ્ધ છું
મુંજ લગ્નમાં મારી ફરજના કોઈનો હું બંદ્ધ છું
ખોટું ખરૂં હું જે કરૂં હું ભોગવું તે તો સહી
નહી આવશે માતાપીતા દરકાર તેની છે નહી ૧૧૨

માટે મધુરી માગણી તમ સ્નેહથી સ્વીકારૂ છું
કરી પંડથી તે આ પ્રતીજ્ઞા પ્રાણ પડે પણ પાળું હું
બીજી બધી ભગની સમી વીણા વર્યો હું આપને
તમથી અવર જો હું વરૂ તો બ્રહ્મહત્યા પાપ છે ૧૧૩
વિણા–તો દેહ આ સોંપી તમોને તમથકી આધીન છું
મારા તમે છો આતમા તમ આત્મમાંહે લીન છું
ખોળે તમારે શીર આ ઝુકયુ નહી ઉંચુ થશે
થાએ જતન કે તે પડે જુદું તથાપી ન છુટશે ૧૧૪
કર્તા–વદી આટલું વંદન કરી વીણાએ કુન્દનલાલને
કર સાથ આપી કર વળી સ્નેહે જગાવ્યું વ્હાલને
કર સ્પર્શતાં ભાવો ઉંડા તે છે અનેરા ઉદ્ભવ્યા
પરસ્વેદ બીંદુ બાઝીઆં વદતા અવર અટકી ગયાં ૧૧૫
નીચી નજર કરીને ઉભી વીણા અરે લજ્જાભરી
કુન્દન ગયા સમજી બધું પુછયું અરે યુક્તિ કરી
કુન્દન–કંપી રહ્યું તન આ તમારૂ તે વીણા કહો શું થયું
પરસ્વેદ બીંદુ જો વછુટયાં તે વિણા કહો શું થયું ૧૧૬
ફરકી રહ્યો ફરફર પવન શીતળ અહા નર્મદાતણો
મુજવણ મટે ના તેથી તો પરિધાન આ પુષ્પો કરો
તેથી બીજો ઉપચાર છે ગુલાબજળનો તે કરો
આપુ દવા જવર જો ચઢયો હોયે અરે એ કારમો ૧૧૭
વીણા–શીતળ પવનનો સુસવાટો તીર સમ ભોંકાય છે
પાવકસમાં પુષ્પો પ્રજાળે દેહ આ સેકાય છે

ગુલાબજળથી જેમ ઘી અગ્ની મહી હોમાય છે
આપો દવા જ્વર છે ચઢયો કંઇ કંઇ ચીત્ત થઇ જાય છે ૧૧૮
કુન્દન–હા, હા, દવા આપુ હવે એ રોગ મેં તો છે કળ્યો
નાડી પરીક્ષા મેં કરી ઉપાય મુજને છે મળ્યો
ચઢયો કામજ્વર છે આપને પળમાં હરૂં હું પ્રેમથી
ગભરાવ ના વીણા અરે આઘાં જરા આવો અહીં ૧૧૯
કર્તા–કહી એમને કર ખેંચીઓ ધીમે રહી નીજની ભણી
મદમત્ત ગતિ છે થઇ અતી ઘડી એકમાં વિણા તણી
કર પૃષ્ટ વીણાનાં ચુમ્યા કુન્દન અરે ત્રણ વાર તો
ભરી બાથને ગાલે ઘણાં ચુંબન કર્યાં કંઇ પ્યારનાં ૧૨૦
હા, ઇંદ્રના આવાશમાં હોયે નહી આનંદ આ
રતિકામના આ લય વિષે જામ્યો હશે નહી રંગ આ
લ્હાવો આવો શું લીધો વૃજ કૃષ્ણરાધાએ રમી
તે આજ વીણા કુન્દને લ્હાવો લીધો રંગે રમી ૧૨૧
રે હાય ? પણ આનંદ ઘટીકા એ ઘણી લાંબી ન'તી
અતિ દ્વેષથી વિધિએ લખી વિયોગ દુઃખ લીટી હતી
ત્યાં એટલામાં બારણું નીચે થકી કો ઠોકીયું
ઝબકી વીણા જાગ્રત થઈ સ્વપ્નું ઉડી જાણે ગયું ૧૨૨
ચુંબક થકી લોહું પડે જુદુ અરે મહા મહેનતે
વેલી વછુટે વૃક્ષથી મહા મહેનતે એવી રીતે
એવી રીતે વછુટી વીણા કુન્દન તણા કંઠે થકી
ભરવાનું લઇ નીજ હાથમાં નીચે ગઈ મહા કષ્ટથી ૧૨૩

નીચે જઇ જોયું અરે તો કૃષ્ણુલાલજ આવીયા
મહેમાનની મહેમાની કરવા આજ વહેલા આવીઆ
પરભાર્યા કુન્દનલાલની ગયા પાસ કૃષ્ણુલાલ તો
નયનાં મળ્યાં હૃદયો મળ્યાં આવ્યો ઉમળકો વ્હાલનો ૧૨૪
કૃષ્ણુ—જુઓ આજ કુન્દનલાલ આ સરીતાતણો દેખાવ શો
આલ્હાદ આપે અવનવો જોઇ તમે સુખીઆ થશો
કુન્દન—ખરેખર તમારૂ ઘર ખરૂ રમણીય શોભા પુર છે
શોભા ભરી સ્વર્ગીય સઘળી સ્વર્ગના પણ દુર છે ૧૨૫
ચીત્ર જુવો આ અવનવાં શાં ગોઠવ્યાં યુક્તિ કરી
આ ભર્તની નાજુક ચીજો મનહર્ણું મારૂં રહી કરી
દેખાય છે વળી અહીં થકી સુંદર નદી દેખાવ તો
તેથી બન્યો આ ઓરડો છે ઇંદ્રભુવન સાવ તો ૧૨૬
કૃષ્ણુ—આ તો વીણાનું વાંચનાલય છે તમે જાણ્યું હશે
શણુગાર વીણાએ સજાવ્યો આપ આવ્યાની મશે
આ ચીત્ર પણ હાથે વીણાએ સ્હેજ તે ચીતર્યાં હતાં
આ ભર્તનાં કામો બધાં નીજ કર થકી ભરીઆં હતાં ૧૨૭
કર્તા—કરી કેટલાં વીણા વખાણે કૃષ્ણુલાલે પુછીયું
કૃષ્ણુ—તમ લગ્ન કુન્દનલાલ આ વર્ષે થશે કે છે થયું
કુન્દન—મુજ લગ્ન હજુના છે થયું કરવા હજુ વિચાર છે
લાયક મળે કન્યા કદી તો ના જરીએ વાર છે ૧૨૮
કૃષ્ણુ—કોઇ આપણી જ્ઞાતિ વિષે કન્યા નહિ લાયક જુવે
જર લોભથી પુત્રો તણી ઉમ્મર બધી એળે ખુવે

એ રીત પણ માતપીતા તમ જોઇ જાણી આદરે
ત્યાં ચાલતું ના કોઇનું લાયક મળે પણ શું કરે ૧૨૯
કુન્દન–ના ધારશો, ના ધારશો, એવું કહી ના ધારશો
મુજ ભાવીનો પ્રોગ્રામ હું પોતે ઘડીશ એ માનજો
મુજ માટ કન્યા ખોળવાનું મેં અરે માથે લીધું
એમાં નહી માતપીતાનું ચાલશે કાંઇ કીધું ૧૩૦
કૃષ્ણ–કન્યા તમો લાયક હજી ક્યાંયે મળી છે કે નહી
કુન્દન–હા, હા, બધું ખોળી વળ્યો પણ ભાળ મળી મુને અહીં
જો હોય તમ પુરી મદદ તો કામ મારૂં તે બને
તમ વિણ કોઇ ઓળખે નારે અરે અહીંઆં મને ૧૩૧
કૃષ્ણ–ઘણી છે ખુશીની વાત એ તમને મદદ મારી મળે
હું ભાગ્યશાળી તો ખરો આ દેહ સેવા કંઇ કરે
તમ હિતમાં આ દેહ પણ હું આપવા તૈયાર છું
જે માગશો તે આપવા બનતી મદદ તૈયાર છું ૧૩૨
કુન્દન–હિમ્મત ધરી કુન્દન તહાં પણ પણ કહી અટકી ગયા
કર્તા–લજ્જા છવાઇ રે વદન ભયભીત ચ્હેરે તે થયા
કૃષ્ણ–કહી દો, કહી દો એમ અધીરા કૃષ્ણલાલ થયા કહી
અચકાઓ ના કુન્દન તમે ખોટું મને લાગે નહી ૧૩૩
કુન્દન–તો સાંભળો મમ વિનતી અંતર તમે ધારી જરી
જણાય છે જોતાં અરે તમ પુત્રી મુજ લાયક ખરી
સંસારમાંહી શોભશે અમ જોડ ખોડ વિના જરી
સુખે સુખી દુખે દુખી થઇને ભજશું શ્રી હરી ૧૩૪

કૃષ્ણ–અહો એજ કુન્દનલાલ એ ખુશી થવાની વાત છે
છે સંમતી મારી પુરી વળી શ્રેષ્ટ તમ તણી જાત છે
માતાપીતા તમ માનશે એ પુછીયું છે કે નહી
મુજ શક્તિના પ્રમાણમાં પહેરામણી મળશે અહીં ૧૩૫

કુન્દન–ના, ના પડી પહેરામણીની રે મને પરવા જરી
દરકાર ના પૈસા તણી પામુ અનુકુળ સહચરી
તૈયાર હો જો આપવા વીણા તમો મુજને અરે
ના, ના પીતાને પુછવું સંકલ્પ એવો છે ખરે ૧૩૬

સંસાર મારે માંડવો તેથી બધું જોવું બીજું
અવિચાર કે અજ્ઞાન નહી નાનો નહી હું તો હજુ
મુજ જન્મ સહચરી ખોળવી તે તો ફરજ મારી સહી
મુજ નાવડુ અધવચ ડુબે ત્યાં આવશે કોઇ નહી ૧૩૭

માતાપીતા નીજ સ્વાર્થમાં થઇ આંધળાં ડુબી મરે
દરકાર ના મારી કરી ઓડુ અડાવી દે અરે
જ્યાં જ્યાં ભુલો એવી થઇ ત્યાં સાર ભયંકર આવીઓ
એ કારણે અધિકાર તો હાથે કરી ઘુમાવીઓ ૧૩૮

કૃષ્ણ–ગાંડાં અને ઘેલાં ભલે પણ જન્મદાતા તે હતાં
માતા પીતાની આજ્ઞા લેવી પડે તોયે છતાં
પુછી અરે પેરે જુઓ સઉ સારાં વાનાં થઈ જશે
ઉદ્ધતાઈ એવી જો કરો કુપુત્રમાં ગણુતી થશે ૧૩૯
આર્યો તણા પરીચાલમાં માતાપીતા નીજ બાળનાં

વિદ્યા અને વિવાહનાં કર્મો કરે વ્યવહારનાં
મોટા કરી ભણાવીઆ તો આમ અવળા ચ લીયા
અપવાદ એ દુનિયા તણા તેથી પુછો જઈ વાત આ ૧૪૦

કુન્દન–તેની ફીકર ના રાખશો અહીંથી જઇ પુછી લઉં
માન્યું કહ્યું છે આજ સુધી જે અરે મેં તો કહ્યું
શું આજ આડે આવશે એ સો વસા બનશે નહિ
ગણે અરે તુચ્છ સુધી તે છેક એવાં છે નહિ ૧૪૧
ચીંતા તજો એવી બધી હું બોલથી બંધાઉં છું
એ સંમતી પણ મેળવું બંધન તમારો થાઉં છું
બંધાઓ એવી રીતથી વળી આપ આજે આ ઘડી
કદી કાઢશે ઘરથી મને રમશું બધી દુનીયા પડી ૧૪૨

કૃષ્ણ–જો હોય હિંમત આપની તો તો વળી શું પુછવું
ઉચાટ અંતરના તજી મારે રહ્યું ખુશી થવું
વળી લોભ મારે તો રહ્યો તેથીજ હા હું તો ગયો
તૈયાર હો જો આપ મેળે ના કદી હું ના કહું ૧૪૩
ઘર આંગણે ગંગા પધારે પણ પ્રમોદે ઘોરતા
તીલક કરે લક્ષ્મી કદી કપાળ ધોવા કંઇ જતા
એવો ન હું છું મુરખો મુજ દાવ આવ્યો ના ચુકું
તમ સમ જમાઇ જો મળ્યા ઘેરઆંગણે તો શું મુકું ૧૪૪
આજે ઘડી આનંદની છે મારા મનથી હું ગણું
સસરો જમાઈ આપણે હું આજથી એવું ગણું

ધારી ધીરજ બેસી રહ્યા તેનો મળ્યો બદલો મને
પુરી પ્રભુની છે કૃપા માગ્યા વિના વર ક્યાં મળે ૧૪૫
કર્તા—અણચીંતવ્યું દુઃખ જો ટળ્યું સૌનું અરે તેથી થયો
આનંદ છાયા દીસતી કંઇ ક્લેશ દૂર સૌનો થયો
ઇર્ષા તણી જ્વાળા લલીતાની હવે ઠંડી થઇ
વળી એમ કૃષ્ણલાલની નીંદા થતી બંધજ થઇ ૧૪૬
વિણા તણા ઝીણા વિચારો આજ વૃદ્ધિ પામીયા
ઇચ્છીત વરને મેળવ્યો હર્ષાશ્રુ નયને આવીઆં
કુન્દન તણા કંઇ કાળજામાં આજ ઠંડક છે વળી
વિણા સમી વધુને જીવન દીધું રસથી ભરી ૧૪૭
હા, આજ કુન્દનલાલની સ્થીતી ઘણી ગંભીર છે
આશા નિરાશાના ઘણા વિચાર કરતો વીર છે
ક્યારે જઇ ઘર આગળે માતા પીતા પુછી લઉં
નક્કી કર્યું વિચાર કરીને આજ સાંજે હું જઉં ૧૪૮
કુન્દન—કૃષ્ણલાલની માગી રજા કુન્દન કહે સાંજે હું જઉં
હું આજ અમદાવાદ જઇને પત્ર પુછી પાઠવું
હા, ના કહે મારા પીતા તો આંહી પાછા આવવું
નિશ્ચય કર્યો તે નહી ફરે બોલ્યું વચન તો પાળવું ૧૪૯
કર્તા—થઇ સાંજ કે કુન્દન અરે જાવા થયો તૈયાર ત્યાં
લલીતા વિણા સ્ટેશન સુધી સહુ સાથ મુકવાને ગયાં
તૈયાર ગાડી ત્યાં હતી કુન્દન જઇ બેઠા તડાં

નયનો મળ્યાં કુન્દન વિણાનાં પ્રેમઘેલાં ત્યાં જહાં ૧૫૦
દૃષ્ટિ હજુ મળતી હતી અંતર અધીકુ છે છતાં
આઘાત અંતરમાં થયો ગાડી જહાં ઉપડી જતાં
વિવશ બની વિણા ત્યાંથી બેબાકળી પાછી વળી
આવી રડી નીજ ઓરડે બાળા વિયોગે છે બળી ૧૫૧

કુન્દન અરે, કુન્દન અરે, કહેતી વિણા ધરણી ઢળી
કંઇ કાળ એમજ વીતીઓ શુદ્ધી ઘણી વારે મળી
ઉઠી લઇ બેઠી વિણા વગાડતી મન વાળવા
ગાતી વીરહ સંગીત તે નિંદ્રીત લાગી છે થવા ૧૫૨

વિણા તણા વાજીંત્રમાં વીણા થઈ ગુલતાન રે
આવી તહીં નિંદ્રામહી નીજ નાથનુ દર્શન કરે
એક હાથમાં વીણા હતી તકીયે અઢેલી તે સુતી
આક્રંદ કરતી તે ઉંઘીને સ્વપ્ન આવ્યું ત્યાં સુધી ૧૫૩

કુન્દન ગયા જાણી અરે પરિહાસ કરવા ત્યાં મળી
વેષ્ટીત થઈ સખી વૃંદથી વીણા રહી નીજ નીરખી
માઝા તજી સઉ એ વિણાને સ્નેહથી બનાવતી
દાઝયા ઉપર દઇ ડામને બળતા ઉપર ઘી હોમતી ૧૫૪

ઘડીએ ઘડી કુન્દન તણી ઘટમાળ ઘટમાં રહી ફરી
એ પ્રેમના આકર્ષણે આશાતણી ઉર્મી સ્ફુરી
સુંદર સરીતામાં તણાતી આવતી હોડી દીઠી
લંગર થયું તીરે મહીથી આવતી વ્યક્તિ દીઠી ૧૫૫

પગલાં ધીમાં ભરતી અરે એ મૂર્તિ આવી પાસ જ્યાં
તે ઓળખ્યા એ નાથ છે કુન્દન ખરેખર ખાસ ત્યાં
ચેતાવી છે સખીઓ બધી તેથીજ તે સંતાઇ ગઇ
તે નાથનું કરવા ભલું સ્વાગત વીણા સામી ગઇ ૧૫૬

વંદન કરી અતિ સ્નેહથી કર ઝાલી લાવી તાણીને
પલંગ પર પધરાવીને કર જોડી સામી ઉભી તે
કહો નાથ કયાંથી આવીઆ પાછા પૂરી શી રીતથી
ત્યારે વધા, પ્યારી બધુ જાણજે તુજ પ્રીતથી ૧૫૭

કુન્દન તણા નયનો વિષે ભરીઓ મદન ભરપુર છે
છે દાવ આ એકાંતનો અહિંથી સહુ કો દુર છે
ઉઠી જહાં વીણા ઉભી તેને ભરી જઇ બાથને
નાખી પલંગે તે પછી સુતો લઇને સાથ તે ૧૫૮

સંતાઇ જે સખીઓ રહી ખડખડ હસી તે જોઇને
શરમાઇ કુન્દન સંચર્યો ના જાણ પડી તે કોઇને
ઓ નાથ કરતી સાથ ગઇ દોડી વિણા બેબાકળી
જાગી ગઇ કશું ના દીઠું પણ છે વીણા તો એકલી ૧૫૯

પ્રીય પાઠકો! આરામ લ્યો આજે કથા આ સ્ટોપ છે
કરશુ અધુરી પુરી ત્રીજા ભાગમાં નવી નોક જે
કહે દાસ જોઇતારામ જે તે ભાગ ત્રીજો લાવશે
શૃંગારને અતિ હાસ્યનાં હોજો ભરાઇ આવશે ૧૬૦

શ્રી

વરઘેલી વીણા

—: યાને :—

પ્રેમી કે પાગલ

ભાગ ૩ જો.

કર્તા—સ્વપ્નું ગયું વિણા તણું તે સાથ લીલા પણ ગઈ
સખીઓ નહિ, કુન્દન નહિ, હોડી વગેરે છે નહી
છે પુર્વવત સ્થીતી અરે તકીએ અઢેલી તે પડી
તારો તુટી વિણા તણા મૃત પાય પાસે તે પડી ૧૬૧

આ સ્વપ્ન આવું જોઇને આજે વિણા બેભાન થઇ
પોકારતી ઓ નાથ! ઓ કુન્દન! અરે અવાક થઇ
તુટ્યા હૃદયના પ્રેમ તારો રે વિણા તેથી પડી
આ જાણતું કોઇ નથી પાસે નથી પણ આ ઘડી ૧૬૨

પ્રીય વાંચકો? નિંદ્રા મીઠીમાં છે વિણા ઉંઘી ગઈ
ત્યાંસુધી જોઈએ આપણે કુન્દનતણી ગતી શી થઇ
કુન્દન ગયા ઉપડી અરે નીજ ગામ અમદાવાદ તો
વિશ્રામ રાત્રી એકનો જાતાં કર્યો નડીઆદ તો ૧૬૩

નીજ મીત્ર પરિશીલન હતો તેને કરી આ વાત છે

લેવી મદદ એ મીત્રની વિચાર એ ખરેખાત છે
નીકળી અચાનક આવીઓ તે ઘેર કુન્દન આજ તો
ના, ના ખબર આપી હતી પહેલા થકીએ ખાસ તો ૧૬૪
નીજ તાત ત્રીકમલાલ ને માતા મણીલક્ષ્મી હતાં
ઉઠી સફળાં આવીઆં જ્યાં પુત્રને અવલોકતાં
પુછે પુરી આતુરતાથી રે મણીલક્ષ્મી તહાં
મણી–ફીકર મને થાયે ઘણી આવ્યો અચાનક તું જહાં ૧૬૫
કહે ભાઈ એકાએક તું આવ્યો અરે શા કારણે
છે ઠીક તન તારૂ અરે કે કંઇ થયો વ્યાધી તને
કાગળ પ્રથમથી ના લખ્યો એ શું સમજીઓ તું મને
રે તેડવાને આવતી સામી અરે હું સ્ટેશને ૧૬૬
પરભાર્યો આવ્યો કે અરે મુંબઈ થકી તો તું અરે
ઉતર્યો હતો વચ્ચે કંઈ તે તો મુને તું કહે અરે
કર્તા–આપે નહિ કુન્દન તહાં સામા જવાબો તો છતાં
પ્રશ્નો તણી પરંપરા તોયે મણી કરતા હતાં ૧૬૭
ધીમે રહી બોલ્યો તહાં કુન્દન જવાબો આપતાં
કુન્દન–સારૂં શરીર છે માહરૂં ચીંતા ઘણી અંતર છતાં
વચમાં ભરૂચે ઉતર્યો એક દીન ત્યાં તો હું રહ્યો
નડીયાદ રહીને એક દીન પરબાર્યો ત્યાંથી આવીઓ ૧૬૮
કર્તા–ચીંતા પરીક્ષાની ગઈ પણ ગૃહ ચીંતા છે થઇ
જ્યાંથી ભરૂચ તે ઉતર્યો ત્યાંથી શરૂ તે તો થઇ

માતા પીતા અંતર તણી ઇચ્છા અરે તે જાણુતો
ભરપુર પૈડણુ જ્યાં મળે ત્યાં પુત્રને પરણાવવો ૧૬૯
ભરૂચે બની જે વાત તે કહેવી અરે શી રીતથી
માતાં પીતાની શર્મ તો લોપાતી સ્હેજે તે નથી
મોં ધોઇને સૌ સાથમાં ચા તો પીવા બેઠા જઇ
અવસર હવે આવ્યો અહીં વદવા તણી હિંમત થઇ ૧૭૦
કુન્દન—ચા પીતાં પીતાં બોલીયો માતા પીતા તમે સાંભળો
હું ઉતર્યો ભરૂચમાં તે વાત કહુ કાને ધરો
ત્યાં કૃષ્ણુલાલજ નામના છે આપણી વળી નાતના
ગૃહસ્થને બી. એ. થયા કુળવાન છે વળી જાતના ૧૭૧
વળી આપ એ ગૃહસ્થને પીછાણુતા પુરા હશો
ત્રીકમ—હા, હા હું એને ઓળખું ના ઢંગ તેમાં છે કશો
ગૃહસ્થ પણ શાનો ગણાયે છે પુરો નાદાર તે
શીદ છોકરી ફરતી ફરે પઈસો પુરો પાસે હતો ૧૭૨
કુન્દન—કન્યા સમો વર તેહને જોતાં હજુ મળીઓ નથી
તેથી કુંવારી તે રહી કારણુ બીજુ તેમાં નથી
રૂપ ગુણુ એનાથી વધુ કયાંયે હજુ દીઠાં નથી
લાવણ્યને વિવેકથી હું વશ થયો એના થકી ૧૭૩
તેથી સ્વીકારી તેહને મારી સદાની સહચરી
પુછાવો કૃષ્ણુલાલને લખી એક પત્રીકા ખરી
કર્તા--સુણી વચન કુન્દન તણાં ગભરાયા ત્રીકમલાલ તો
કુન્દન તણા વિવાહનો વિચાર અહીંઆં ચાલતો ૧૭૪

નક્કી કરી દીધું હતું તેથી પડ્યાં વિમાસણે
સામાં રહ્યાં જોઇ છતાં ઉત્તર ન આપ્યો તેમણે
ત્યાં સુધી કુન્દન તો વધો ઠંડા કલેજે રે વળી
માતા પીતા તમે સાંભળો હું તો વિવા' આવ્યો કરી ૧૭૫
રે ફક્ત તેમાં આપની લેવા અનુમતી આવીઓ
હું જાણુતો મારી ફરજ તેથી અરે હું આવીઓ
ના કાઢે પાછળ વાંક કોઇ તેથી હું તો આવીઓ
તેથીજ કાને નાખવા આ વાત હું તો આવીઓ ૧૭૬
મણીલક્ષ્મી ત્યાં તો બોલીયાં ક્રોધે ભરાઇ તર્ત જો
મણી–મોટા થયા તેથી અરે મન ચ્હાય તેમજ વર્તજો
બહુ છો ભણ્યા તેથી હવે વંઠી ગયા પણ છો બહુ
અતિ લાડમાં ભાઇ કહ્યા તે ધુળમાં મળ્યું સહુ ૧૭૭
માથે ચઢી બેઠા તમો શાના અમોને પુછતા
માબાપ છે તમ વેતરા એવું તમે શું ધારતા
જીવતાં અમે બેઠાં છીયે ના, ના હજુ મરી તો ગયાં
ચિંતા પડી અમને બધી હજુ ના અમે ઘરડાં થયાં ૧૭૮
શું વહી જતું વિવાહનું ધીરે બધુ બનશે અહી
કન્યા અહિં મળશે રૂડી ભરૂચ તો જાવું નહી
અહિં રોજ આવે પુછતા કન્યા તણા પીતા ઘણા
ભરપુર પૈઠણ આપીને આભાર થાતા આપણા ૧૭૯
પરગામની કન્યા કદી ઘેર આપણે શોભે નહી
પરગામની કન્યા કદી ઘેર પાલવે આપણુ નહી

પગ બાંધી રહે ઘેર આપણે નીરંતરે શો લભ છે
વિચાર ઉંડો જો કરો આખર ખરેખર ખાધ છે ૧૮૦
જો ગામની કન્યા મળે કુળ આપણું ઉંચું ઠરે
જો ગામની કન્યા મળે ઘર ખર્ચ પણ ઓછુ પડે
પઇઠણુ મળે પુરી વળી દાપાં ઘણાં જઈ લેઇએ
માટેજ કન્યા ગામની જોઇ જાણીને વળી લેઇએ ૧૮૧
વાહુણું વાયે જાય તે રોજે વળી પીએરમાં
વળી આવે પછી સાંજરે પરવારી આપણુ ઘેરમાં
બે ટંકના અનાજનો મોટો ખરેખર લાભ છે
ના વસ્ત્ર એકે વહોરવું એ પણ ખરેખર લાભ છે ૧૮૨
બેટા ભુલી તું શું ગયો હમણાંજ પંદરસો ગણ્યા
તુજ બેનને પરણાવવી ત્યાં પૈઠણુ તણા પુરા ગણ્યા
એ ખોટ તુજથી વાળવી હજાર ત્રણુજ લેઇને
એ છે કમાણી આપણી એ કહું છું ભારજ દેઇને ૧૮૩
ખરચ્યા વળી પૈસા ઘણા તુજને ભણાવ્યા પાછળે
શું તેહુનો બદલો હવે અવસર મળે આ નહિ મળે
માટે હવે તુ છેક છોકરવાદી ના કરતો જરા
તુજ લગ્નમાં અમને ઘણા અંતર ઉમળકા છે ખરા ૧૮૪
કુન્દન—માતાજી મુજને માફ કરજો કાંઇ વધુ પડતું વદું
ના વેચવા હું માગતો મુજ જાતને પહેલા કહું
તમ સ્વાર્થના કારણુ થકી ભવ માહરો બાળુ નહિ
કો મુર્ખ કન્યા સાથ હું સંબંધ મુજ જોડુ નહિ ૧૮૫

ખરચ્યા ભલેને બેનની પાછળ પુરા પંદરસો
મુજ જાતની એક પાઈ પણ લેવા કદી ના ધારશો
મુજ માટ કન્યા આપ તો કૃપા કરી ના ખોળશો
જો હોય મારી લાગણી તો કહું તહાં પરણાવશો ૧૮૬
ભરૂચની કહી વાત એ તો આપ અંતર લાવશો
કૃષ્ણુલાલની વીણા તણી તો માગણી કરી આવશો
એ છોકરી સિવાય કોઇ છે બીજી ખપની નહી
પરણી ચુકયો હું તેહને મહેનત તમે કરશો નહિ ૧૮૭
કર્તા–બાબત બધી સમજી ગયા છે તાત ત્રીકમલાલ તો
જાણ્યું હવે વંઠી ગઇ આ વાત ને વિચાર તો
થયો મોટો જોટો પુત્ર તો બળથી નહી કંઇ વળે
કદી લઇએ કળથી કામ તો છેવટ જતાં કંઇકે વળે ૧૮૮
નીજ પત્નીને સંબોધી ત્રીકમલાલ તો બોલ્યા વળી
ત્રિકમ–તેની તમારે શી પડી આ વાત કહું છું વળી
ડાહ્યા અરે એ છોકરો એ વાત પણ કહે છે ખરી
બૈરાં તમે જાણો નહિ વિચાર કરી સમજો જરી ૧૮૯
છે શાસ્ત્રમાં લખીયું વળી કે પુત્ર વર્ષજ સોળની
તેને પિતાએ મીત્ર સમ સ્નેહે થકી તો માનવો
માટે થયો મોટો હવે કુન્દન જરા જોતી નથી
તે માટ તેને આજથી પુછયા વિના ચાલે નહિ ૧૯૦
વળતી વધ્યા કુન્દન તણા એ મુખ સામું જોઇને
ઠીક ભાઈ એ પણ જોઇશું કરશું વળી જો ત્યાં બને

અંતર તણા ઉચાટ તજીને દીલ ખોલી બોલજે
જો માગણી તે ના સ્વીકારે વાત બીજે તો થશે ૧૯૧
આજેજ કાગળ હું લખું જો થાય આપણુ કામ તો
જો બેસતી આવે વાત તો મળશે ઘણો આરામ તો
કહી આમ કુન્દનલાલને ઠંડો અરે ત્યાં પાડીઓ
લખવા ભરૂચે કાર્ડને પેટી મહીથી કહાડીઓ ૧૯૨
ત્રિકમ—કાગળ મહી લખીશું વળી વિચાર કરી પગ માંડજો
હજાર ત્રણ પૈડણુ તણા હોએ વિવા આરંભજો
વળી જો નજર પહોંચે નહિ તો ના નીરાળા પાડજો
ઉંડળ ન આવે હાથમાં તો બાથ ઓઘે ન મારશો ૧૯૩
કર્તા—વીચાર આ પીતા તણો કુન્દન વળી સમજ્યો હતો
તેથી લખ્યો તેણે વળી છે પત્ર પણ ભરૂચ તો
કુન્દન—મારા પીતાએ આપને આજે લખ્યો છે પત્ર તો
તે કારણે આ મેં લખ્યું જે જે બન્યું છે અત્ર તો ૧૯૪
મુજ તાતના કાગળ મહી ઘણી માગણી ભારે હશે
તે માગણી સ્વીકારતા ના કોઇ કારણ ના મશે
જનતા જો ના પાડશે તોયે અબોલ્યું નહી કરૂં
પરણીશ વીણા સાથ હું એ માનજો સાચું ખરૂં ૧૯૫
તમ સાથ બંધન હું થયો વીણા તણો વળી પ્રેમ છે
દૃઢ પ્રેમ એ કરવા તણી મારી ખરેખર નેમ છે
આ પત્ર સાચો માનીને ઉત્તર ખરેખર આપજો
જે હોય પૈડણુ શક્તિના પ્રમાણમાં જણાવજો ૧૯૬

કર્તા–લખી પત્ર એવો પોસ્ટમાં જાતે જઇને નાંખીઓ
સઉએ પછી શાંતી ધરી કહેતાં નીવેડો આવીઓ
આ તર્ફ કુન્દનલાલ તો વીણા મહી ગુલતાન છે
કુન્દન તણા માતાપીતાનું તર્ફ બીજી ધ્યાન છે ૧૯૭
કુન્દન તણો વીવાહ અમદાવાદમાં નક્કી કર્યો
પૈઠણુ તણા હજાર ત્રણનો આંકડો પુરો કર્યો
સંકલ્પ એવો છે કર્યો ભરૂચમાં જાવું નહી
સમજાવી કુન્દનલાલને પરણાવવો પણ છે અહીં ૧૯૮
એક દીન કુન્દનલાલ તો ગાર્ડન વિષે ફરવા ગયો
કીસ્સો વળી ફરહાદ ને સીરીનનો લેતો ગયો
જઇ બેંચ પર તે બેસીને કીસ્સે થયો ગુલતાન તે
ફરહાદના જેવો થયો પ્રેમે અરે બેભાન તે ૧૯૯
પાછળ થકી ત્યાં એટલામાં ચક્ષુ કોઇએ દાબીઆં
ઝબકી અરે સાવધ થયો સ્વપ્નો બધાં ઉડી ગયાં
નીજ કરથકી કર ઝાલીને તે વ્યક્તિ આગળ લાવીઓ
જોઇ બાળકી નવ વર્ષની કંઇ ક્રોધ અંતર આવીઓ ૨૦૦
કુન્દન–ઓ બેન! સાચું બોલ તું આ કેમ સાહસ તેં કર્યું
છોકરી–ઓ ભાઇ! પતિ મારા તમે એવું મને શીખવ્યું હતું
કુન્દન–કોણે તને શીખવ્યું અરે એતો મને કહે ઝટ હવે
છોકરી–સખીઓ મને શીખવી બધું સંતાઇ ગઇ છે તે હવે ૨૦૧
છોડી હવે દો ભાઇ મુજને ના કદી આવું અહિં
કુન્દન–બતલાવ સખીઓ કયાં ગઇ સંતાઇ વળી તે તો કહી

શિક્ષા કર્યા વિણુ છોડુ નહી તું કોણુ નાતે છું વળી
કર્તા–આ સાંભળી ચોધાર નયને ત્યાં રડી એ છોકરી ૨૦૨
રૂદન અરે તેનું સુણી સખીઓ અરે સંતાઇ જે
નીકળી અરે ત્યાં આવતી હસતી વળી કંઈ રહેતી તે
આવી નીકટ કુન્દન તણી મૃદુ હાસ્યથી ઠપકો દીધો
સખીઓ–પરણ્યા પહેલાં આમ શું કર એકલે ઝાલી દીધો ૨૦૩
કુન્દન–બાળા વિચારી બોલજો હું તમ થકી શરમાઉં છું
તમ મર્મ વચનોથી અરે બંધન પ્રભુનો થાઉં છું
તરકટ બધુ આ શું કર્યું તેની મુને ગમ ના પડી
સમજાવો મુજને તે બધુ હસવા તણી ના આ ઘડી ૨૦૪
સખીઓ–કુન્દન તમારી ભાવી પત્ની એ તમો આગળ ઉભી
અતિ પ્રેમથી પીતા તમારે માટ વ્હોરી એ લીધી
ઓળખાણુ એ બધી પાડવા અમે મોકલી એને હતી
મેળાપ પહેલાં પ્રેમનો રીઝી કંઇ આપો વળી ૨૦૫
કુન્દન–ચોઢયો તમાચો ગાલપર "છટ નોનસન્સ" કહી વળી
હું પરણું આને એટલી બુદ્ધિ નથી મારી ટળી
કાને બધીરતા દાબવે તીરકસ નજર વળી નાખતી
વળી છેય નાની ઠીંગણી આંખો નથી મારી ફુટી ૨૦૬
કર્તા–સખીઓ બધી શરમાઇ ગઈ કુન્દન તણાં વચનો સુણી
હસવા તણું ખસવું થયું પસ્તાઇ અંતર તે ઘણી
તે છોકરી પણુ ક્યારની રડતી અરે નાસી ગઇ
લઇને પ્રસાદી પ્રેમની તે એકલી ચાલી ગઇ ૨૦૭

સખીઓ ગઇ નીજ ઘેર પણ કુન્દન અહી બેઠો હતો
માતા પીતાના કૃત્યનો વિચાર તે કરતો હતો
કુન્દન–માતા પીતા મુજ વેરથી પેલા જનમનાં છે અરે
નહિ તો અધમ અહિતનો વિચાર આવો ના કરે ૨૦૮
બસ છે વીણા એ એકલી મુજ ધર્મની પત્ની ખરી
મા બેન સમ સૌ જાણતો વીણા વીના બીજી વળી
આવે ભરૂચથી પત્ર તેની રાહ જોઇ હું રહ્યો
નહિ તો ભરૂચ હું જાતે જઉં વિચાર એવો છે થયો ૨૦૯
કર્તા-કહી એમ કુન્દનલાલ તો સાંજે ગયો નીજ ઘેર તે
નિદ્રા નહિ આવી જરી રાત્રી વિતી વીચાર તે
વળી રીત શી ભરૂચમાં તે તો જરા તપાસીએ
ગયો પત્ર ત્રીકમલાલનો તેનું બન્યું શું ખાસ છે ૨૧૦
અહીં પત્ર ત્રીકમલાલનો આવ્યો અરે વાંચી કરી
સહુ છે થયાં શોકાતુરાં ભારે પડી ચીંતા ખરી
નિસ્તેજ વદનો દીસતાં જાણે મરી કોઇ ગયું
નિશ્વાસ મુખથી નાખતાં હાયે અરે આ શું થયું ૨૧૧
વળી પાસ કૃષ્ણલાલની પંદરસો પુરા ન'તા
તો લાવવા હજાર ત્રણ કયાંથી અરે જે માગતા
તેથી થયા નિરાશ તે કહી વાત લલીતાને બધી
બે બાકળી થઈ તે બીચારી મુખ તે થકી ના વદી ૨૧૨
જાણી વીણાએ વાત આ બે હાલ તેના છે થયા
માથુ ભમી તેનું ગયું પગ પાણી પાણી થઇ ગયા

બેભાન થઈ ધરણી ઢળી શુદ્ધિ તજી નીજ દેહની
નિરાશ થઈ જોતી હતી જે રાહ ચાતક મેહની ૨૧૩
છાંટયું શીતળ જળરે લલીતાએ ધીમે લેલાટમાં
તવ ભાન આવ્યું તેહને બોલી મુખે પડી ખાટમાં
કુન્દન અરે ? કુન્દન તમે શું આમ દઇ દગો ગયા
કુન્દન તમો શું નહિ મળો શું આમ વાણી હીણ થયા ૨૧૪
ત્યાં આપતાં ધીરજ વળી પોતે લલીતા છે વદી
લલીતા–બેટા ધીરજ તું રાખને પ્રભુ ના કરે ખોટુ કદી
બેલી પ્રભુ છે સર્વના સહુ સારા વાના તે કરે
ધાર્યું થશે પણ તેહનું માનવ તણું ના કંઇ વળે ૨૧૫
ત્યાં સાંજરે વળી પોષ્ટમેને પત્ર બીજો આપીઓ
તે પત્ર કુન્દનલાલનો ઉતાવળે લઇ વાંચીઓ
આશા તણી ઉર્મી પુટી ગઇ છે નિરાશા જે હતી
ઘડીમાં ગઇ ગ્લાની થઈ આનંદ છોળો ઉડતી ૨૧૬
થઇ બેફીકર ત્યાં કૃષ્ણલાલે પત્ર એકજ પાઠવ્યો
કૃષ્ણ–ના મારી સ્થીતી આપવાની આપ માગો તેટલા
પણ ફૂકત એક હજાર તો હું આપવા બંધાઉં છું
પલ્લુ કદી કરશો નહિ તો ચાલશે કહી દેઉ છું ૨૧૭
કર્તા–સાંજે લખ્યો કુન્દન પરે કાગળ વીણાએ એક તો
શાણા અરે શીરતાજ ઓ કાયમ નિભાવો ટેક તો
હું તો વરી તમને ચુકી માતાપિતા સમજાવજો
મારે ન પલ્લુ જોઇએ તમ જાતને લઇ આવજો ૨૧૮

મારા તમે કુન્દન હવે હું છું વીણા તો આપની
આ પત્રથી ઝટ આવજો જો બીક લાગે બાપની
ના લાવશો કંઈ વસ્ત્ર આભુષણ તણી પરવા નથી
પતિ ભાવ ઓછો હોય તે તો સ્ત્રી ઘરેણાં માગતી ૨૧૯
પણ નાથ મારે માટ એ ચીંતા બધી દેજો તજી
આ દાસી સહચરી આપની કરવા પીયુ આવો સજી
વ્હાલા વિસારી નાખશો તો દેહ આ જાશે પડી
સત્વર પધારો નાથ આ વરસો સમી થાતી ઘડી ૨૨૦
કર્તા–લખી પત્ર એવી રીતથી નાખી દીધો પેટી મહી
વળી કૃષ્ણલાલે જે લખ્યો તે તો જઇ પહોંચ્યો તહી
અહિં આવ્યો ત્રીકમલાલના એ હાથમાં કાગળ જહાં
કે તુર્ત કુન્દનલાલને બોલાવીઓ આગળ તહાં ૨૨૧
ત્રિકમ–લે બોલ કૃષ્ણલાલ તો વિવાહનું ના પાડતા
ના થાય જુલમ આપણાથી કે બળે પરણાવતા
કુન્દન–તે ના કદી પાડે નહી કંઇ માગણી આપે કરી
શક્તિ ઉપરની વાત એ કબુલ શી રીતે કરે ૨૨૨
લાચારી બીચારે બતાવી તેથી તો તમને હશે
લાવો બતાવો પત્ર એ માંહે લખેલું કેમ છે
ત્રીકમ–જા, જા અરે તું બેસ ડાહ્યા છોકરાં સમજાવતો
પહેરામણી વળી માગી અમદાવાદની રીતેજ તો ૨૨૩
શું તેય પણ આપી શકે નહી તેટલો ગરીબ છે

ત્યારે મફતમાં છોકરી પરણાવવી કંઇ સ્હેલ છે
વળી આપે તે હજાર રૂપૈડી તણો હીસાબ શો
માટે ધર્યો રહે ઘેર એને કોઇ કાંઈ ન બોલશો ૨૨૪

કુન્દન–પીતા ગમે તેમ થાય પણ હું ત્યાંજ પરણી ચુકીયો
મારા ભરૂસે તે રહ્યાં વિશ્વાસ મુજ પર મુકીઓ

ત્રીકમ–ત્યારે તજી આ ઘર તમે વેળાછતાં સીધાવજો
જો આંહિ રહેવું હોય તો મુજ મરજી મુજબ ચાલજો ૨૨૫
વિરૂદ્ધ વર્તન વર્તવું તો રસ્તો અહિંથી માપજો
નથી જોવું મારે મુખ તારૂં લાગે અતિશય પાપ તો
જાણે નહોતો છોકરો એમજ હવેથી માનશું
સુખીઆ ઘણા છે વાંઝીઆ ના દેખવું કે દાઝવું ૨૨૬

કુન્દન–પીતા તમે તુચ્છકારો શાને માટ મુજને આ સમે
નથી હિણુ કીધુ કામ તોયે તે તમોને ના ગમે
હું છું તમારો બાળને હું દાસ દીન વળી આપનો
મન ચ્હાય તો ઘર રાખજો નહીતો અહીંથી કાઢજો ૨૨૭
રાખો કે ના રાખો તમે પણ છું તમારો દાસ હું
બરદાસ કરવી આપની સમજુ ફરજ મુજ ખાસ હું
માટે પીતા હું વીનવું વિચાર કરીને બોલજો
અંતર દયા ધારી જરા આ ન્યાય સુંદર તોલજો ૨૨૮
કૃષ્ણલાલ તો હજાર તમને આપવા તૈયાર છે
વળી પાસ થઇ આ વર્ષમાં હું નોકરી લેનાર છું

તે માંહીથી હજાર બે પુરા કરી આપીશ હું
કરીને ઘણીએ કરકસરને જાત દુઃખ વેઠીશ હું ૨૨૯

માટેજ રાખો માન્ય આ મારી વીનંતી તાત ઓ
કૃપા કરી મારી ન બીજે કોઇ કરશો વાત તો
મુજ માટ કન્યા ખોળી તે મેં જોઈ છે સાક્ષાત તો
પરણાવશો જો ત્યાં મુને થશે જરૂર મુજ ઘાત તો ૨૩૦

ત્રીકમ–જા, આવડો ધનવાન તું જોયો અરે મેં કયારનો
માઝા તજી ઘરડાં તણી ટોચે ચઢયો છું કયારનો
ફરી વાત ખબરદાર આ સાંભળી બોલ્યો આજ તું
પરીણામ હીતાહીતનું બેઠો હજુ જોનાર હું ૨૩૧

જરી ડાખ મોટા નાનાનીરે આજ આમન્યા અરે
અમ માતપીતાએ અમોને તોજ પરણાવ્યાં ખરે
ઊછાંછળા પણ તુજ જેવા ના અમે દીઠા કંઈ
મુરખા અરે શું બોલતો અક્કલ હવે મારી ગઇ ૨૩૨

કરીઓ અમે વિવાહ તે તો સો વસા મંજુર છે
હમણાં નડે પંચક અરે તેથીજ થોડી વાર છે
પંચક ઉતરતાં તર્ત ત્યાં વિવાહની હા કહાવશું
બડી ધામધુમથી ત્યાં તને ઉમંગથી પરણાવશું ૨૩૩

બસ છેલ્લુ કહું છું તારે ત્યાં પરણ્યા વિના છુટકો નથી
આ થેલી ત્રણ હજારની તે બાપની પુંજી નથી

નંહિતો સિધાવો માર્ગ આ કોઇએ અમે રોકયા નથી
જા, જા હવે લવરી મુકી હું કાંઇ સાંભળતો નથી ૨૩૪

કર્તા—કુન્દન ગયો ઉઠી તહાં વિચારતો નિજ ઓરડે
કુન્દન—હાયે હવે હું શું કરૂં ઉપાધી આ મુજને નડે
જો રહીશ હું અહીંઆં કદી માતા પીતાના માનથી
બળથી મુને પરણાવશે મારૂં અહિં કોઇ નથી ૨૩૫

બસ જાઉં ગાડી રાતનીએ આજ નડીઆદે વળી
મુજ મીત્ર પરિશીલનને આ વાતથી વાકેફ કરી
લઉ સંમતી હું તેહની આગળ પછી પગલું ભરૂં
હવેથી અહીં દીન એક રહેવાથી ઘણો હું તો ડરૂં ૨૩૬

વળતી જઇશ ભરૂચમાં સમજાઉ કૃષ્ણલાલને
આવીશ ત્યાં હું પરણીને માટેજ જીવ ત્યાં ચાલને
જો રાખશે ઘરમાં પીતા તો ઠીક નહિ તો હું વળી
કંઇ નોકરી શોધી લઇશ તેની નથી ચીંતા જરી ૨૩૭

જર લોભી મારા તાતને નવ વેચવા મુજ દેહ દઉ
કોડી ન લેવા હું દઉં મુજ જીવને નિશ્ચયે કહું
પ્રીય પાડકો આરામ લ્યો આજે કથા આ સ્ટોપ છે
કરશું અધુરી પુરી ચોથા ભાગમાં નવી નોક જે ૨૩૮

કહે દાસ જોઇતારામ તો આગળ હવે શું વાંચશો
વિણા તણા પ્રેમી વિહારો ત્યાંજ વાંચક વાંચજો

વરઘેલી વીણા

-: યાને :-

પ્રેમી કે પાગલ

ભાગ ૪ થો

કર્તા–તે રાતની ગાડી વિષે નડીઆદ કુન્દન તો ગયો
નીજ મીત્ર પરીશીલન તણા ગૃહે જઇ સુખીઓ થયો
બેઉ મીત્ર ભેટયા ભાવથી સ્નેહાશ્રુ નયને આવીઆં
પુછી ખબર અંતર બધી તવ દીલ ઠંડક પામીઆં ૨૩૯

પરીશીલન–પેરે પુછ્યું પરીશીલને આવ્યા અચાનક કેમ તો
કુન્દન–તવ કુન્દને નીજ તાત સાથે છે બન્યું તે જેમ તો
ઉપલક બધુંએ છે કહ્યું કરી પણ વીવાની વાત તો
વળી તે કહ્યું એ કારણે દીન કેટલા અહીં વાસતો ૨૪૦

મીત્ર–ભાઈ ભલે અહિં રહો તમે દીન જેટલા રહેવુ પડે
સહવાસ મુજને આપનાથી સુખ સારૂં સાંપડે
કર્તા–ત્યાં કુન્દને બીજે દીને એક પત્ર વીણાને લખ્યો
તે પત્ર પાઠક વાંચજો નીચે બધો જે છે લખ્યો ૨૪૧

પત્ર નં. ૧ (કુન્દનનો વીણા પ્રત્યે)

જે પુણ્ય ભૂમી નર્મદ તીરે ભ્રગુપુરની પ્રખ્યાત છે
મમ વ્હાલી વીણા ત્યાં વસે જે દેવી સમ સાક્ષાત છે
હું પત્ર પ્રેમે પાઠવું ઉર્મી હૃદય ઉભરાય છે
ક્યારે મળું ક્યારે મળું અહોનીશ એવું થાય છે ૨૪૨

નીંદ્રા અને જાગૃત મહીં બસ ધ્યાન તારૂં હુ ધરૂં
અભીલાષી તમ દર્શન તણો વીચાર ના બીજો કરૂં
તુજ મુખ મનોહર ભાળતાં નયનો ઠરી અમી તો ઝરે
આનંદ ઉદધી ઉછળી મમ ભુખ દુઃખને વીસરે ૨૪૩

આપે પ્રભુજી પાંખ તો આવું ઉડી તમ પાસ હું
જોઉં તને બહુ ભાવથી ઉર રાખ પ્રીય વિશ્વાસ તું
પવીત્ર લગ્ન ગાંઠથી શાસ્ત્ર વીધી જોડાઇશું
લ્હાવો અનેરો લઇને ભવસાગરે તરી જાઇશું ૨૪૪

દીલ દર્દ મુજને જે થતું તેવું થતું તમને હશે
સુખ સ્વપ્ન તો આવે ઉભયને ધાર્યું તો ધણીનું થશે
ક્યારે મળું હું તુજને એના વીચારો હું ઘડું
દુનીઆ તણી કંઈ દેશતે સાહસ થકી પાછો પડું ૨૪૫

મમ તાત પૈસા માગતા પણ પ્રેમથી સમજાવીશું
વ્હાલી વીણા તું માહરૂં સંદેશ સારો કા'વીશું
માટે મધુરી માનજો આ વેણ સાચું માનજો
વીણા ગણી મારી ખરી વિશ્વાસ રાખી ચાલજો ૨૪૬

આ પત્ર તમને પાઠવ્યો આવ્યા સમુ મારૂ ગણી
ધારી ધીરજ બેસી રહો ચીંતા મને તેની ઘણી
વળી પત્ર મુજને જો લખો એડરેસ આ નીચે લખ્યુ
પહોંચે વળી મુજ હાથમાં લખજો અરે એ રીતશું ૨૪૭
લખજો પરીશીલન ગૃહે કુન્દન અરે મહેમાન છે
નડીયાદ મધ્યે તો ખરૂ સાહિત્ય મંદીર સ્થાન છે
ત્યાં પત્ર હાથોહાથ આ કુન્દન તણે પહોંચે વળી
લખજો કરી એડ્રેસ એ કરી પેક કાગળ તો વળી ૨૪૮

લી૦ તારો સદાનો **કુન્દન**

લખી આમ કાગળ કુન્દને કરી પેક પોષ્ટે નાખીયો
જોતાં જ રાહ જવાબની કંઇ દીન ગણવા લાગીઓ
આ તર્ફ પત્ર જ પહોંચીઓ વીણા તણા એ હાથમાં
વાંચી વિચારી હરખી તે અત્યંત છે દીલ સાથમાં ૨૪૯

પત્ર નં. ૨ (વીણાનો કુન્દન પ્રત્યે)

પેટી મહીથી પત્ર કાઢી તર્ત લખવા બેઠી તે
આનંદના આવેશમાં લખવા પ્રત્યુત્તર નાથને
વ્હાલા જહાજે નાવડી ડુબતી બચાવી સાગરે
દાવાનળે બળતો અરે જયમ નાગને તાર્યો તમે ૨૫૦
ત્યમ પિયુજી તમ પત્રથી મમ પ્રાણ જાતો છે બચ્યો
મૃત દેહ મારા પરે આજે અમીઘટ છે સીંચ્યો
તમ દર્દ દીલનું વર્ણવ્યું તેથી અધીક તો છે મને
પુરી પ્રણયની વેદના સ્હેવાય તે ના આ તને ૨૫૧

નયનો મળી છુટાં પડયાં ત્યાંથી નયન ભીજી રહ્યાં
ગગનની સ્થીતી એવી થઇ પવને મુજી પત્રો રહ્યાં
તન આ તપી વિરહાનળે દીન દીન કૃષ થાતું હતું
શાન્તી જળ સીંચક તમે તો માહરે કહો કયાં જવું ૨૫૨

ચાતક ચહે છે ચીતથી વર્ષા તણા વિલાસને
પોકારે ચકવી રાત્રીએ વિરહે બળી નીજ નાથને
ચાહે ચકોરી ચીતથી હાં ચંદ્રમાના તેજને
હું ચાહું તેવી રીતથી ઓ નાથ ત્હારા પ્રેમને ૨૫૨

લલચાઇ રહ્યો ષટપદ અરે પત્રો તણા પરાગમાં
હરણાં તણું મન ચોટીયું છે રમ્ય ગાયન રાગમાં
છે માન સરવર હંસલાનું મન મેળે લાગીયું
સુંદર ઘટા ઘનની થતાં જ્યમ મોરનું મન લાગીયું ૨૫૪

ઇચ્છા કરે જ્યમ માછલી છે મેઘની જે ભાવથી
રવી તેજમાં ચકવા તણી દ્દષ્ટી સમી જે ભાવથી
તે ભાવથી હું નાથ તમને નેહથી ન્યાળી રહી
ભરી બાથ વીણા માહરી કયારે કહો ચુંબન કરી ૨૫૫

મુજ કાળજુ ભેદાઇ જતું મન્મથ તણા શરથી અહા!
સરીતા, સમીરને ચંદ્ર આ દેતાં મને કષ્ટો મહા
કોયલ બપૈયા, મોર તે હાંસી કરે મારી અરે
હજુએ કુંવારી ધારીને દુનીયા ઘણી ચેષ્ટા કરે ૨૫૬
જોબન તણી પુલવાડી આ માળી વીના સુકાય છે

રોપા બધા કુમળા પુટયા તે તો હુવે કરમાય છે
માટે પીયુ આ પત્ર પહોંચે અત્ર વહેલા આવજો
આશા ભર્યો સંદેશ વ્હાલા તર્ત મુજને કહાવજો ૨૫૭
લી૦ આપની ભવોભવની કીંકરી વિણા

કર્તા–ઉપર લખી રીતે કરી શીરનામુ પત્રજ નાખીઓ
આશા તણા અંકુરથી થતી સ્નેહ અંતર દાખીઓ
અહીં પત્ર પરીશીલન ગૃહે નડીયાદ માંહે આવીઓ
વાંચી પ્રથમ તે કુન્દને નીજ મીત્રને બતલાવીયો ૨૫૮
પુછી પરીશીલન તણી તે કાર્ય માંહે સંમતી
પરવાનગી પરીશીલને પણ સ્નેહથી આપી દીધી

કુન્દન–વળતી વદયો કુન્દન તહાં ભૃગુક્ષેત્રમાં હું જઉં હવે
દીન ચાર પછી ત્યાં જોઇને વિણા ગ્રહે હું તો હવે ૨૫૯

કર્તા–એ પત્ર વિણાનો ચઢયો કુન્દન કરે જ્યાંથી અરે
ત્યાંથી સ્થિતી પલટાઈ છે કુન્દન તણી પ્રેમાતુરે
ના બોલવું ના ચાલવું ધરી મૌન બેસી તે રહે
નિંદ્રા ન આવે રાત્રિએ હરદમ વિણા જપતો રહે ૨૬૦
નિંદ્રા જરા કંઇ આવતી તે સાથ સ્વપ્ને પણ વિણા
જગાડતી આવી અરે જાગે નહિ જો તો વિણા
બેબાકળો રજની બધી પથારીએ બેસી રહે
વ્હાલી વિણા, વ્હાલી વિણા એ નામ હરદમ તો રટે ૨૬૧
ના ચોટતું ચીત કામમાં ના શબ્દ સ્પષ્ટજ આવતો
અંતરીક્ષને હશ મહી ઉભી વિણા અવલોકતો

હું દાસ તુજ કર માફ કહી કૃતજ્ઞતા દર્શાવતો
તેવી રથીતી થઈ પ્રેમની કુન્દન બન્યો પાગલ પુરો ૨૬૨

*   *   *   *

વાચક હવે વિચારીએ કુન્દન પીતા ત્યાં શું કરે
કુન્દન ગયો રીસાઈને તેથી હવે તે તો ઝુરે
જાણ્યુ નહી બે દીન કુન્દન ક્યાં ગયો રીસાઈને
શોધી વળ્યાં કંઇ શહેરમાં મનથી ઘણા ગભરાઈને ૨૬૩

પત્ર નં. ૩ પરીશીલનનો ત્રીકમલાલ પ્રત્યે

ત્રીજે દીવસ જ્યાં પત્ર પરીશીલન તણો છે આવીઓ
તેમાં લખ્યું મુજ મીત્ર કુન્દનલાલ અહીંઆં આવીઓ
મેં પુછતાં જાણ્યું અરે રીસાઈને તે આવીઓ
વળી રીસ એ છે લગ્નની કુન્દન દીલે તે લાવીઓ ૨૬૪
માટે પીતાજી વાત આ મારી જરા શિખની ધરો
છોડી મમત સઘળો તમે એ ભાઇ કહે તેતો કરો
સંસાર જો સુધારવા નીજ પુત્રનો ચ્હાતા તમો
કન્યા પસંદ કુન્દન કરે ત્યાં ના બતાવો અણગમો ૨૬૫
નહી તો જરૂર આવશે પરીણામ વિપરીત તો ખરે
સચવાય ના તમ માન મર્યાદા વિચારો તે અરે

લી૦ તમારો આજ્ઞાધીન સેવક **પરીશીલન**

એ રીતનો જ્યાં પત્ર ત્રીકમલાલને આવી મળ્યો
તેથી મટી ચીંતા બધી પણ રોષ અંતર છે વધ્યો ૨૬૬

મનથી વિચાર્યું છોકરો શું આજથી છટકી જશે
હું છું હજુ બેઠો છતાં ધાર્યું અરે તેનું થશે
છોને કરે એ ફંદ પણ ના તેહનું ધાર્યું થશે
ડરી જઇશ હું શું એમ એ શું ધારતો મનમાં હશે ૨૬૭
અહીંઆં ગણ્યા પૈઠણ તણા હજાર ત્રણજ રોકડા
માગું સ્વીકાર્યું તેહનું સઉથી અમે થઇને વડા
તેને હવે શું ના કહું શું મુખ લઇને આજ તો
છે લગ્ન પણ લીધું હવે છે દીન બાકી સાત તો ૨૬૮
છે કૃષ્ણલાલજ માહરો પરભવ તણો વેરી પુરો
મુજ પુત્રને છે ભોળવ્યો દઇને દીલાસો તો બુરો
મ ટે શ્રીફળ તેને હવે અહિંથી છુટું ફેંકી દઉં
સો ગાઉ સુધી આશ ના રાખે લખી તેવું દઉં ૨૬૯

પત્ર નં. ૪ બનાવટી ત્રીકમલાલનો કૃષ્ણલાલ પ્રત્યે

એવું વિચારી પત્ર એકજ તર્ત કુન્દનલાલના
એ નામનો જુઠો લખ્યો તેમાં લખી છે આ બીના
માલુમ કૃષ્ણલાલને ભૃગુક્ષેત્રમાં થાયે વળી
લખીતંગ કુન્દનલાલના સ્વીકારશોજી શ્રી હરી ૨૭૦
આપ્યું હતું મેં આપને જે વચન રે સ્વેચ્છા થકી
લખવું પડે છે પણ અરે લાચારી સાથે આ નકી
મુજ તાત વચ્ચે આવતા વિણા તણા વિવાહમાં
ના તાતાની આજ્ઞા ઉલંઘન થાય મુજ વિવાહમાં ૨૭૧
એ દાહમાં બળતા હૃદયથી આ લખાવ્યો પત્ર છે

એ માનજો સાચું ખરૂં કરીયો વિવા મુજ અત્ર છે
વિણા સમો વર કંઇ તમે ખોળી હવે તો કહાડજો
મુજ લગ્ન લેશે ત્રણ દીને ના આશ મારી રાખજો ૨૭૨
લી૦ KUNDANLAL

કર્તા–મજકૂર એવો ગોઠવી લખી પત્ર ત્રીકમલાલ તો
અંગ્રેજીમાં નીચે લખ્યું પોતેજ કુન્દનલાલ તો
આ પત્ર નાખે પોષ્ટમાં ત્રણ દીન પુરા તો થયા
ત્યાં તર્ત ત્રીકમલાલ તો વળી તાર કરવાને ગયા ૨૭૩

(તાર)–પરણાવીઓ નીરવીઘ્નથી અહિં આજ કુન્દનલાલને
માટે તજી આશા હવે પરણાવજો તમ બાળને
કરી તાર નીજના નામથી ભ્રગુક્ષેત્રે કૃષ્ણલાલને
એ રીત તારે મોકલો કપટ ભર્યા હેવાલને ૨૭૪

* * * *

ભૃગુક્ષેત્રમાં કુન્દન તણા નામે લખેલો પત્ર જે
બનાવટી જેને લખ્યો આવ્યો અરે તે અત્ર છે
તે કૃષ્ણલાલે રાખીઓ છાનો બધાથી છે અરે
કૃષ્ણ–જાણ્યું હવે બગડી ગઇ ના કાંઈ તેમાંથી વળે ૨૭૫
ઉલટાં કરે અકુંદને વળી કાંઇ વિપરીત તો બને
માટે હવે સમજાવીને મન વાળશું થોડા દીને
ત્યાંસુધી ખોળી કાઢુ હું વિણા સમો વર તો બીજો
વિદ્યા વિનય રૂપ ગુણમાં કુન્દન થકી અધીક જો ૨૭૬

કર્તા–વિચાર એવો ગોઠવી તે સાંજના ફરવા ગયા

ત્યાં એટલામા તારવાળાના નીચે ઘાંટા થયા
આવી લલીતા દોડતી બેબાકળી વિસ્મે થતી
આ તાર ક્યાંથી આવીઓ ઘાંટા વીણાને પાડતી ૨૭૭
આવી વીણા પણ દોડતી ઝટ તાર લઈ તે વાંચીઓ
તે વાંચતાં બેભાન થઈ હુઇયું ભરાઈ આવીયું
ચકરી ચઢી શીર તો ભમ્યું ચક્ષુ ગયાં ફાટી અરે
નીમીષમાં હેઠે પડી ગઇ ભાન ભુલી તે ખરે ૨૭૮
અફળાયું શીર પત્થર સહે ત્યાં રક્ત તેથી નીકળ્યું
લલીતા હવે હિંમત તજી રૂદન કરે જે ના ખળ્યું
તે સાંભળી પાડોશીઓ દોડી તહાં છે આવીઆં
વીણા તણી આશ્વાસના કરવા બધાંએ લાગીઆ ૨૭૯
ત્યાં કૃષ્ણલાલે એટલામાં તાર આવી વાંચીઓ
તે સાંભળી પાડોશીઓ વિસ્મે અરે તેથી થયાં
હજુ કોઇ નોતુ જાણતું વીણા તણો વિવાહ તો
ક્યાંથી અચાનક આજતો સળગ્યો અરેરે દાહતો ૨૮૦
ઉપાડી વીણાને સુવાડી ખાટલે છે તર્ત તો
પાટા બધા બાંધ્યા શીરે પણ છે નહી કંઇ શર્ત તો
આવી જરા શુદ્ધી કંઇ ચક્ષુ ઉઘાડી બોલી તે
વીણા—આ શું કર્યું કુન્દન તમે બેઠા ફરી શું બોલીને ૨૮૧
કર્તા—કે તર્ત આવી તાણને બેભાન થઇ પાછી પડી
વળી સ્હેજ આવ્યું ભાન એ સ્થિતી રહીને બેઘડી
વળી કૃષ્ણલાલજ બોલીઆ દેતાં દીલાસો તેહને

કૃષ્ણ–તું રાખ ધીરજ બેન તું આ સાચવી લે દેહને ૨૮૨
વર તો મળે એથી રૂડો જગદીશ સહુ સારૂ કરે
પ્રભુ પર ભરોસો રાખ તું આક્રંદ કરે કંઈ ના વળે
લલીતા–લલીતા વળી બોલી તહાં દીકી અરે આ શું કરે
વિધીનાં લખેલા લેખ તો ના કોઇથી પાછા ફરે ૨૮૩
કુન્દન બિચારો શું કરે છે તાતનું કારણ બન્યું
વળી આવી સ્થિતી આપણી પૈઠણ તણું ના છે ગજું
માટે પ્રભુ ઇચ્છા ઘણી બળવાન બાળા જાણ તું
કુન્દન તણા કાગળ વિના હજુ કેમ સાચું માનવું ૨૮૪
કર્તા–ત્યાં કૃષ્ણલાલે તર્ત તો તે પત્ર કહાડી વાંચીઓ
કુન્દન તણા નામે ત્રીકમલાલે અરે લખીઓ હતો
તે સાંભળી લલીતા તણી ઉમેદ ભાગી ગઇ હવે
વીણા અરે ધીક્કારતી નર જાતને કંઇ કંઇ લવે ૨૮૫
નાખ્યો નિસાસો કારમો ચોધાર નયને તે રડી
વીણા–ઉઠી ઉભી થઈને કહ્યું જાઓ નહિ વાંધો પડે
કર્તા–સગાં સહુ વિખરાઇ ગયાં લલીતા રસોડે તો ગઇ
કૃષ્ણલાલ તો લેવા દવા ગયા બહાર તે શીશી લઇ ૨૮૬

પત્ર નં. ૫ વીણાનો અંતીમ કૃષ્ણલાલ પ્રત્યે

ત્યાં સુધી વીણાએ લઇ એક પત્ર તેમાં તો લખ્યું
સુણો પીતા મારા વિષે થયું છે વિધીએ જે લખ્યું
પરણી હતી હું કયારની રે એજ કુન્દનલાલને
પણ પરણવાનું છે મળ્યું તે આજ કુન્દનલાલને ૨૮૭

પરણ્યા ભલે એ છે છતાં હુ તો હવે પરણું નહી
મુજ એક ભવમાં બે પતી હાથે કરી કરવા નથી
કુન્દન તણી તો આડ ખીલી જન્મભર હુ તો રહુ
તેથી જીવી હું શું કરૂ રહેશે પ્રમોદે તે બહુ ૨૮૮
હું દુર થાઉ આજથી છો તાતના વચને પળે
વળી લગ્નની ચીંતા થકી મુજ માતનું અંતર બળે
ચીંતા છે તમોને ઘણી મુજ માટ યત્નો આદર્યા
હું કર્મહીણાના નસીબે સર્વ તે પાછા પૂર્યા ૨૮૯
તેથી પીતા આજ જે છે માર્ગ સારો લાગીઓ
તેતો લીધો નીરભયપણે દુઃખ ઓદર આજે ભાગીઓ
મુજ માતને આપી ધીરજ રોવા ન દેશો પાછળે
આ પુત્રી તમ જ્યાં જાય છે ત્યાંથી નહી પાછી વળે ૨૯૦
પીતા મને ના ખોળશો રે કાલ પ્રાતઃકાળ તો
આ પત્ર મળીશે આપને સરીતે તણાતું સબ હશે
વળી આવે કુન્દનલાલ તો કહેજો ખબર મારી અરે
કરતી સ્મરણ વીણા ગઇ સ્વર્ગે તમારૂં તો ખરે ૨૯૧

લી૦ તમારી કર્મહીણ વીણા

પત્ર નં. ૬ વીણાનો અંતીમ કુન્દન પ્રત્યે

કર્તા—આ પત્ર લખી પીતા તણી પેટી પરે મુકયો જઇ
વળી ત્યાંજ કુન્દનલાલને લખીઓ વળી બીજો લઇ
કુન્દન તમે ના આવશો ના લાવશો મારી દયા
હું ખુશ થઇ આજે હવે પરણી તમે સુખીઆ થયા ૨૯૨

પણ દુઃખ અંતર એ થતું મમ આડખીલી સાલસે
વળી સાલતુ પણ એ હશે વીણાજ ઠપકો આપશે
પણ નાથ હું ખાતરી દઉં એવો ન ભયતો ધારશો
હું આપના સુખે સુખી હું તો થઇ એ માનશો ૨૯૩
પણ જીંદગી સુધી તમોને શર્મ શાણા આવશે
મારી હયાતી જ્યાં સુધી ત્યાં સુધી એવું લાગશે
તેથી પીયુ પંથે પડુ મુજને સુજ્યો છે આજ જે
હું જાઉછું જે સ્થાનકે ખોળી વીણા આ નહિ જડે ૨૯૪
હું જાઉછું જે સ્થાનકે ત્યાં માનવી આવાં નહિ
હું જાઉછું જે સ્થાનકે ત્યાં દુઃખડાં આવાં નહિ
હું જાઉછું આ છેતરી ના કોઇ મુજને ઝાલશે
હું જાઉછું તે સ્થાનકે ના તોપ બાજી ચાલશે ૨૯૫
માટે પીયુ તજીને સ્મરણ સુખચેનથી રેંજો હવે
મળશું હશે જો પ્રેમ પુરો તોજ કુન્દન પરભવે
આ પત્ર આવે હાથ તમને પહેલાં દેહજ આ જશે
બલિદાન માતા નર્મદાને આજ વીણા અર્પશે ૨૯૬
સ્વર્ગે જઇ દર્શન કરી વ્યોમે રહી જીવતી રહું
ત્યાં નાથ પણ તમ નામની જપમાળ હું જપતી રહું
જો સાંભરે તો કોક દીન મુજને તમે સંભારજો
પ્રીય નાથ મુજનો મોહ ટાળી રે હવે મન વાળજો ૨૯૭
પ્રીય નાથ આ ભીજી ગયો છે પત્ર અશ્રુધારથી
નયનો ભરાયાં અશ્રુથી આ હાથ કહ્યું કરતા નથી

માટે પીયુ છેલ્લા પ્રણામો દીકરીના માનજો
આ દાસીએ જે શ્રમ દીધો તે માફ મુજને આપજો ૨૯૮

લી. આપની હંમેશની વિયોગી વિણા

કર્તા–લખી એમ પત્રજ બીડીઓ શીરનામુ પણ દીધું કરી
વળી પોષ્ટની પેટી મહી નાખ્યો જઈ ઉતાવળી
ત્યાં તેવે કૃષ્ણલાલ તો લઈને દવા આવ્યા તહાં
કંઇ પાઇને કંઇ ચોપડી જ્યાં જ્યાં હતું વાગ્યું તહાં ૨૯૯
સહુ કોઈ જમી પરવારીને નિંદ્રાતણે આધીન થયાં
વિતી અરધ નીશા જતાં નેત્રો વિણાનાં ઉઘડ્યાં
ઉઠી થઇ ઉભી પથારીથી વિણા ધીમે રહી
તે નીકળી પથારીને પ્રણામ તો છેલ્લા કરી ૩૦૦
ઉઘાડી બારી પાછલી તેમાં થઈ નીકળી ગઈ
આવી સરીતા તટ પરે હિંમત ધરી ઉભી રહી
કરીને સ્તવન ત્યાં શ્રીહરીનું નેજ કુન્દનલાલનું
વિણા– કહી નર્મદા લેજે શરણ બલીદાન તુ વિણા તણુ ૩૦૧
કર્તા– કહી એટલું કુદી પડી વિણા અરે ભર નર્મદે
એ જાય પેસી જાય જોતાં થઈ ગઇ અદ્રશ્ય તે
વિણા તણી વિપરીત દશા જોઇ તરૂ રડતાં હતાં
માળે વસેલાં પક્ષીઓ પણ શોક ભીનાં તો થતાં ૩૦૨
કૃષ્ણલાલ તો જાગી સવારે જાય જોવા તો વિણા
પથારીએ દીઠી નહી બોલાવી સાદે તો ઝીણા

ના બોલીયું કોઇ વળી જાતે જઇ જોઈ વળ્યા
પગલાં પડયાં છે બારીએ સરીતા તરફ તે છે વળ્યા ૩૦૩
પાછો વળી જુવે જહાં છે પત્ર પેટી પર પડયો
લઇ પત્ર વાંચ્યો પેરથી તો વેમ સાચો છે પડયો
જોયુ જઇ સરીતાપુરે ડુબી વિણા નિશ્ચય ખરે
આવી અરે નીજ ઘેર તે આક્રંદ અદકું છે ખરે ૩૦૪
લલીતાએ જાણી વાત આ માથુ બધું નાખી કુટી
રે હાય વિણા હાય વિણા શું શું ગઇ મુને મુકી
સગાં સબંધી સહુ મળ્યાં આચાર સહુ રીતે કર્યો
કૃષ્ણલાલને લલીતા તણુ તો મન વગાવી તે વળ્યાં ૩૦૫

× × × ×

વાંચક હવે ચાલો તમે કુન્દન બન્યો પાગલ તહાં
આશા તજી નીજતાતની તઇઆરી કરી વીણા જહાં
કુન્દન—જઇ આપ મેળે આજ હું ભ્રગુક્ષેત્રમાં વીણા વરૂં
જાએ નકામા દીન આ અહીઆં પડી રહી શું કરૂ ૩૦૬
ત્યાં તુર્ત ઉઠયો ટેકથી જઇ મીત્રને મળીઓ વળી
હું જાઉં છું જો આ ઘડી ભ્રગુક્ષેત્રમાં સમજી કરી
તું આવજે ત્યાં મારી જાનમાં તું આવજે
હું પત્ર લખું કે તર્ત તું ઓ ભાઈમારા આવજે ૩૦૭
આવે કદી જો પત્ર હમણાં સ્ટેશને પહોંચાડજે
આવે પછીથી જો કદી તો તારથી પહોંચાડજે
કહી એમ તે ઉતાવળો ગયો સ્ટેશને છે દોડતો

કંઈ વારે ગાડી આવી ત્યાં બેઠા છતાં જોતો હતો ૩૦૮
ત્યાં એટલામાં દોડતો નીજ મીત્ર પરીશીલન દીઠો
જોઇ પત્ર તેના હાથમાં આવ્યો ઉમળકો છે મીઠો
ગાડી મહીથી ઉતરી કાગળ લીધો સામે જઇ
ત્યાં એટલામાં ટ્રેનની વિસલ તરત તો છે થઇ ૩૦૯
દોડી ચઢયો ગાડી પરે પાકીટ ખીસ્સામાં ધરી
ને હર્ષના આવેશમાં જોયો ન કાગળ પૂરી
ત્યાં એટલામાં આવ્યું છે ભરૂચનું સ્ટેશન વળી
ઉતર્યો જ્યાં ગાડી પરથી તર્ત ખબર તો મળી ૩૧૦
પણ ખાતરી કરવા પુરી ગયો ઘેર કૃષ્ણલાલને
કાગળ બતાવી કૃષ્ણલાલે કીધું કુન્દનલાલને
કૃષ્ણ–વિણા સીધાવી સ્વર્ગમાં છે આપના કાગળ થકી
કર્તા–ત્યાં પત્ર પેલો સાંભર્યો આવી ખબર અહી સાંભરી ૩૧૧
છે તર્ત કાઢી વાંચીઓ બેભાન સ્થિતી ત્યાં થઇ
ચીતડું ભમી તેનું ગયું શુદ્ધ શાન તેની છે ગઇ
પાછો વળી એક પત્ર કહાડી તર્ત લખ્યું આ રીતનું
પાપી પીતા તમ કૃત્યથી આજે ઘણો દીલગીર છું ૩૧૨

પત્ર નં. ૭ (કુન્દનલાલનો પીતા પ્રત્યે)

મારી વીણા સ્વર્ગે ગઇ હું પણ હવે ત્યાં જાઉં છું
ના ખોળશો મુજને હવે દરબાર પ્રભુને જાઉં છું
ઓ સ્વાર્થના ઘેલી પીતા મારો તમોને શ્રાપ છે
મુજ જોડી તોડી પ્રેમની કોટન કોટી પાપ છે ૩૧૩

પૈસો ટકો પુરો ભર્યો તે વાપરો અતી હોંસથી
ના ના રડો કકળો કદી કાઢો ન દીન અફસોસથી
તમ આંખમાં ધુળ નાખીને આજે વીણાને જઈ વરૂ
સ્વર્ગે જઇ દેવો સમીપ હું લગ્ન વિણાથી કરૂં ૩૧૪
લી૦ તમારો કંટકરૂપ પુત્ર **કુન્દન**

પત્ર નં. ૮ કુન્દનલાલનો મિત્ર પ્રત્યે

કર્તા—લખી પત્ર નાખ્યો પોસ્ટમાં બીજો લખ્યો નીજ મીત્રને
વીણા ગઇ હું જાઉં ધારી હૃદય એ મીત્રને
મુજ પાછળે આવીશ નહિ ઓ ભાઇ સાચું હું કહું
ભેટો નહિ મારો થશે સ્વર્ગે હવે હું જાઉં છું ૩૧૫
આ પત્ર દેખી ભાઇ તું સમ જાન નહિ પણ કાણુને
ઉઘલાવ જે, તું આવજે આ નર્મદા એધાણુ છે
લી૦ તારો સદાનો વિયોગી મીત્ર **કુન્દન**

કર્તા—આ પત્ર પણ નાખ્યો જઇ પાગલ બન્યો પુરો હવે
વીણા વીણા રડતો મુખે બીજું ન કાંઇ તે વદે ૩૧૬
વીણા સરીતામાં ગઇ તે ઠામની સાથે ગયો
કુન્દન તણો હેવાલ ત્યાં વાંચક સુણો છે શો થયો
પ્રીય પાઠકો આરામ લ્યો આજે કથા આ સ્ટોપ છે
કરશુ અધુરી પુરી પંચમ ભાગમાં નવી નોક જે ૩૧૭
કહે દાસ જોઇતારામ એ કઠલાલકર વાણી વદે
સહુ વાંચજો એ ભાગ પંચમ ત્યાં હૃદય સહુના ઠરે

વરઘેલી વીણા

-: યાને :-

પ્રેમી કે પાગલ

ભાગ ૫ મો

કર્તા–જય ! નર્મદે વિણા કહી પોતે સરીતામાં પડી
સાહસ થકી અટકાવવા તે પાસ નહોતું આ ઘડી
નિર્દોષ બાળા આમ મરતાં રે તરૂ તીરનાં રડયાં
આઘાત પંખીને થતાં માળા થકી નીચે પડયાં ૩૧૮

પોકારતી કુન્દન અરે ! કુન્દન અરે ! એ મુખથી
કુન્દન તણા વિરહે થકી એ એમ મરતી સુખથી
પડતું મુકયું સરીતા વિષે વમળે પડી ડુબી ગઈ
કંઈવાર જળમાં રહી અને પાછી તરી આવી જઇ ૩૧૯

છે દઇવ જેનો પાધરો તેને ન'કો મારી શકે
વળી રામ રાખે જેહને તેને ન'કો મારી શકે
એ ન્યાય પણ વિણા તણા લલાટમાં લખીઓ હતો
હજુ દુ:ખઅવસર એ વીણાના ભાગ્યમાં લખીઓ હતો ૩૨૦

જ્યારે તરી જળ ઉપરે વીણા હતી કંઇ ભાનમાં
ચોપાસ દ્રષ્ટી ફેંકીને ઇચ્છે મદદ બેભાનમાં
બે હાથ પહોળા કંઇ કરી કહેવા જતી કીરતારને
એક કાષ્ટ તરતું આવીયું અટકયું વીણાના હાથમાં ૩૨૧

ઝાલી લીધુ તે બળ થકી વીણા ચઢી તે પર ગઇ
કંઇ કાળના મુખે થકી તો હાલ વીણા ઉગરી
રે રે તણાતી તે વીણા કાષ્ટની ગતીએ અહા ?
ભરસાગરે આવી ગઇ જ્યાં જળનીધી ઘુઘવે અહા ૩૨૨

બાળા હતી અબળા વળી વિલાસમાં ઉછરી હતી
ના ના ભયંકર આ ઘડી જીવન ભરે દીઠી ન'તી
બેઠી હતી તે કાષ્ટ પર પણ ભાન નોતું દેહનું
આસ્માન અવની જળ તણુ ના ભાન તેને તેહનું ૩૨૩

બેભાન થઇ તે સાગરે ઘુમતી તણાતી તે જતી
ના ભાન તેને ગઇ દૂરે રજની બધી વીતી હતી
ઉગ્યો પ્રભાકર પુર્વમાં સુવર્ણ કીર્ણો પાથરી
ના ભાન પણ તેનુ હતું જાતી હજુ વીણા તરી ૩૨૪

જાતું હતું એક જહાજ ત્યાં આ વખ્ત એ દરીઆ મહી
નાવિક તેમાં ત્રણ હતા તે વિણુ જન તેમાં નહી
તે માંહી ભરીઓ માલ છે સોદાગરી તેતો બધો
બંદર સીધાવે ભાવનગરે શેઠ તેમાં તો નતો ૩૨૫

રવી ઉગતાં નાવીકની દ્રષ્ટી ગઇ વીણા પરે

તરતી હતી એ કાષ્ટ પર બેભાન થઈ તે તો અરે
જળચર જીવો પણ તેહને ના, ના, જરી હજુએ નડ્યા
દુઃખ પૂર્ણ જીવને જોઈને છે કાળ પણ પાછા પડ્યા ૩૨૬
એ રીત પણ વીણા હજુએ દુઃખથી જીવતી હતી
તે પર હવે નાવીકની દ્રષ્ટી અરે ઠરતી હતી
એ જોઈને હંકારીયું છે વહાણુ વીણાની ભણી
હરખ્યા ઘણું નાવીક તો એ ભેટ ઉત્તમ તો ગણી ૩૨૭

વીણા નિકટ નાવીક તો એ વેગથી આવી ગયા
જોઇ સ્વરૂપે સુંદરી વિસ્મય અરે તેથી થયા
હાલે નહી ચાલે નહી શબવત હતી એ સુંદરી
તે જોઇ નાવીકો ધસ્યા હોડી જરા આઘી કરી ૩૨૮

લીધી પછી ધીમી રહી હોડી મહી એ સુંદરી
વિચાર કરતા શ્વાસ છે હજુએ જીવે એ સુંદરી
બોલ્યા વીના ધીમે રહીને શુશ્રષા કરતા હતા
અતિ આસ્તે ગરમીની અરે એ આંચતો દેતા હતા ૩૨૯

આશા પડી જીવ્યા તણી નાવીકને વીણા તણી
તેથી અરે નાવીકમાં તકરાર જામી ત્યાં ઘણી
નાવીક–૧–વળી એક કહેતો હું વરૂં આને અરે અહીંથી જઇ
મુજ રૂપને મળતી મળી મારા મહી ખામી નહિ ૩૩૦
નાવીક–૨–કહે એ જાગશે તવ મુજને એ માગશે
શું રૂપ મારૂં છે નહિ એ દેહ મુજને આપશે

નાવીક—૩—કહે ઓ ભાઇઓ? તમ ઘેર સ્ત્રીઓ છે વળી
હું તો હજુ વાંઢો રહ્યો હો તેહથી અર્પણ કરી ૩૩૧
લઢતા પરસ્પર તે વળી કરતા ઘણું તોફાન તો
વીણા કશું જાણે નહી તે તો ઉંઘે બેભાનથી
થોડી ઘણી ઘડીઓ જતાં ચક્ષુ વીણાનાં ઉઘડ્યાં
ચોપાસ દ્રષ્ટિ ફેંકીને નયનો વળી પાછાં બીડયાં ૩૩૨

ચુપકી ધરી નાવીક ત્યાં બેઠા વળી આઘા ખસી
મનમાં ઘણા રાજી થતા ને તાળીઓ લેતા હસી
પુરી હવે જાગૃત થઇ વીણા ઉઠી હોડી મહી
ચોપાસ સાગર ઘુઘવે અવની કહાં દેખી નહી ૩૩૩

નાવીક દીઠા ત્રણ તહાં મૃદુહાસ્ય હસતા હતા
વીણા તણા નિર્ભય થતાં અવયવ બધા ખીલે જતા
વીણા—વીણા વદી ઓ ભાઈ કહો હું શી રીતે આવી અહીં
જીવન તણા દાતા તમે હું ઓળખું તમને નહી ૩૩૪

નાવીક—નાવીક વદ્યા ઓ સુંદરી જળમાં તણાતી જોઇને
લીધી અમે તાણી તુને મરતી બચાવી જોઇને
વીણા—ઉપકાર માનું આપનો આ નાવડું ક્યાં જાય છે
ઉતારશો ક્યાં મુજને એના વિચારો થાય છે ૩૩૫

નાવીક—ફીકર તજો ઓ સુંદરી ના કષ્ટ તમને આપશું
અમ ત્રણ જણામાંથી તમોને રૂડી રીતે રાખશું
કર્તા—વાણી સુણી નાવીકની વીણા વળી મુર્છીત થઇ

રે હાય ? દુઃખમાં ક્યાં જીવી કહીને વળી સુઇ ગઇ ૩૩૬
કો વાર એ સ્થીતી રહી પાછી ઉઠી ડરતી દીલે
વિણા–વિચાર કરીને તે વદી વળી કંપતી વદને વીલે
હા ના કહું જો અહીં વળી સાગર મહી એ નાંખશે
આ દુઃખમાંથી કોઇક દીન શુભ સુખનો એ આવશે ૩૩૭

માટે વદી વીચારતી ઓ ભાઇ સાચુ વેણ છે
તમ ઘેર આવુ હું એ સત્ય મારૂ કહેણુ છે
સુખરૂપ મુજને સાચવી તમ ઘેર મુજને લઇ જશો
કરશે ભલુ ભગવાન તો સુખીઆ વળી આપે થશો ૩૩૮

કર્તા–નાવીક માની મોદ મન હુંકારતા હોડી ગયા
વીણા તણી સંભાળ તો રસ્તે જતાં લેતા ગયા
જળ માર્ગ કાપ્યો કંઇ દીને આવી ગઇ અવધી હવે
ઓ આવીયું છે શહેર આ કહેતાં પહોંચ્યા બંદરે ૩૩૯

લંગર કર્યું બંદર પરે નાવીક ત્યાં ઉતર્યા ત્રણે
પહેરાવીઓ નર ડ્રેશ તો અંગે અરે વિણા તણે
નાવીક ઉતર્યા ત્રણ તહાં ચોથી વીણા નર વેશમાં
હતો કાયદો જડતી તણો નવું આવતું જે દેશમાં ૩૪૦

બંદર પરે પગ મૂકતાં પકડયાં ચીકીત્સા કારણે
નીહાળી ત્રણેને કાઢીઆ આવી વીણા ત્યાં આગળે
વિણા તણા સ્ત્રી ચેનથી અધિકારી વિસ્મય થઇ ગયો
બોલી શકયો ના તેજથી આભો બની ઉભો રહ્યો ૩૪૧

પકડાઈ વીણા જોઇને નાવિક ગયા ત્યાંથી ખસી
અધિકારીના કરમાં અહિં વિણા હવે આવી ફસી
ત્યાંથી વિણાને લઇ ગયો અધિકારીએ ઉપરી કને
વિણા તણી ત્યાં શી દશા કહું સાંભળો ત્યાં જે બને ૩૪૨

પોતે થઇ સ્ત્રી વેશમાં અધિકારી આગળ જઈ ઉભી
સૌન્દર્ય તેનું જોઇને શું તે શકે તેને દુભી
અધિકારીએ પુછતાં તહાં વિણા વદી સાચુ બધું
જે જે વીતી નીજ દેહને તે તો કહી દીધુ બધું ૩૪૩

રંભા સમી વિણા હતી સર્વાંગ કોમળતા વસી
ફીકાશ મુખ પર મારતી પણ તેજમાં બીજો શશી

અધિકારી–

આવની વિષે કો સુંદરી વિધીએ કદી સરજી હશે
અધિકારી મન સંશય વસ્યો અહીં મેનકા આવી હશે ૩૪૪

કર્તા–તેજે ગયો અંજાઇ તે નીજ ભાન ભૂલ્યો દેહનું
અધિકારીમાં હરદમ રહેતું ગૃપ્ત ભેજુ તેહનું
નિર્દોષ બાળાઓ કઇ આ દુષ્ટને કર આવતી
થતાં શિયળનો ભંગ તેતો તે પછી છુટી જતી ૩૪૫

વિણા તણી પણ એ દશા એ દુષ્ટ કરવા ધારતો
બીજી બધી સ્ત્રીઓ સમી વિણા અરે વિચારતો
નિશ્ચય કરી મનથી અરે વિણા તણી પાસે ગયો

અધિકારી—

ઝાલી ખડગ વ્હાલી કહી વિણા તણો જઈ કર ગ્રહ્યો ૩૪૬
રાતી કરી કીકી નયન માતી સીંહણ જેમ ઉચ્ચરે
વિણા—પાપી ઉભો રહે દુર કહી લાત દીધી જઇ ઉરે
કર્તા—છેટે જઈ ઉભી પછી શું થાય છે જોતી વીણા
જ્યમ પારધી પાસે મૃગી ત્યમ કંપતી ઉભી વીણા ૩૪૭
અપમાન અધીકારી તણું થાતાં ભરાયો રોશમાં
બંધન કરી કારાગ્રહે વીણા તણા એ દેશમાં
શીયળ સલામત રહી જતાં વીણા ગઇ રાજી થઇ
નીજ ધર્મની રક્ષા થતાં એ દુઃખ ના લાગ્યું કંઇ ૩૪૮
કારાગ્રહે પણ ના ભુલી કુન્દન તણા એ નામને
અતી દુઃખમાં એ માનતી એ નામને આરામને
હરદમ હૃદયે પૂરતી જતી કુન્દન તણી ઘટમાળને
આલેખી મુર્તી અંતરે વિતાવતી એ કાળને ૩૪૯
કોઈ દિન જેલર આવીને સમજાવતો વીણા ખરે
જેલર—ઓ સુંદરી આ દુઃખમાં રહેવું તુને ગમતું અરે
જો માનશો મારૂં કહ્યું તો કષ્ટ આ તારૂં જશે
આ નર્કમાંથી નીકળી સુભસર્વ તારૂં થઇ જશે ૩૫૦
વીણા—વીણા તહાં બોલી વળી શું બાયલા બેસે અહિં
સીંહણ ખરી આ જાણજે શીયાળવી આ છે નહિ
એ સુખ કરતાં દુઃખ આતો સૌ ગણું સારૂં ગમે

જો વાત ખોટી ઉચર્યો તો મોત તારૂ અહિં ભમે ૩૫૧
જેલર–તું માન મુગ્ધા કહું ફરી સ્વાધીન થા અધીકારીને
કળથી નહિ માને કદી તો બળ કરશું ધારીને
જો વિચારી દિલમાં અહિં કોણ તારૂં છે વળી
પુરી તુંને રંજાડશું અહિંયાં અમે ટોળે મળી ૩૫૨
વીણા–વીણા વદી ત્યાં બળ થકી એ દુષ્ટ ઝાઝુ બોલમાં
કળ બળ અહિં તારૂં નહી ચાલે કદાપી દોરમાં
નવ જાણજે અહિં કોણ છે બેલી સહુનો રામ છે
મુજ વાળ વાંકો નહિ થશે તુજ ખોટી એ ઉપાય છે ૩૫૩
અધીકારી–બતલાવ રંડા રામ તું અહીંઆં વસીને ક્યાં રહ્યો
બોલાવને અહિં હોય તો જે રામ તેં મુખે કહ્યો
નહી તો હવે સ્વાધીન થા મિથ્યા તજી વિવાદને
કર્તા–કહેતો અચાનક આવીઓ અધીકારી એવી વાતને ૩૫૪
ફડફડ ધ્રુજી વીણા રહી સંભારતી શ્રી ઇશને
વીણા–ઓ તાત લજ્યા રાખજે કહેતી સમરે જગદીશને
તારી સીતા ને દ્રૌપતી એ તો બધી સતીઓ હતી
આણીને વખત તેની પ્રભુ લાજ રાખી તેં જતી ૩૫૫
હું પણ હજુ છું તેમની અનુગામીની પદરજ વળી
કુન્દન વિના કો નર ભણી ના સ્નેહ દૃષ્ટિ કરી
એ સત્યના શાક્ષી પ્રભુ છો એકલા અહીંઆં તમે
તો મારજો કે તારજો કરજો દશા તમને ગમે ૩૫૬

કર્તા—વળી હાથ જોડી કરગરી કહેતી હતી અધીકારીને
અબળા તમારી ગાય હું જીવતી મુકો એ ધારીને
અધીકારી અંતર રોષ છે ના દાદ અંતર ઉતરી
દાખલ થયો તે જેલમાં કંઈ ક્રોધ આવ્યો ઉભરી ૩૫૭

અધીકારી—
વદીઓ વળી તે ક્રોધથી હું કેશરી તું ગાય છે
આ સિંહના પંજા થકી છુટી હવે ના થાય છે
જો જીવવું માને અહિં તો સત્ય મારૂં માનજે
આલીંગનો દઈ અવનવાં તુજ અંતરે બેસાડજે ૩૫૮

કર્તા—ખણતી ભુમી વામા ખડી આ વેણ વસમા સાંભળી
વિણા—જાણ્યું હવે જીવન તણી આવી ગઇ છેલ્લી ઘડી
કર્તા—અધીકારીએ આ મૌનનો કંઇ લાભ સીધો લેઇને
વળગ્યો જઈ વિણા કરે નીજ શસ્ત્ર છોડી દેઈને ૩૫૯

ઝબકી ઉઠી વિણા હવે અધિકારીના આ કૃત્યથી
તરછોડતી કર તે વદી દૂર પાપી રહે દુષ્ટ કૃત્યથી
ચોઢ્યા તમાચા ચાર કંઇ વિણા થઇ આવેશમાં
એ કામની કાળી તણા બદલાઇ છે કંઇ વેશમાં ૩૬૦

અધીકારી પણ આવેશમાં રૂપે થયો પુરો હવે
લઈ બાથમાં નાંખી ભુમી અબળા અબળ ત્યાં શું કરે
વિણા—પોકારતી વિણા અરે કંઇ ચીસ પાડી કારમી
આવો બચાવો કોઇ મુજ લાજ લૂટે પારધી ૩૬૧

કર્તા—આ શબ્દ જ્યાં નીકળ્યાં તહાં કો સાદ લાગ્યો આવવા
રાજા—પાપી સબુર કર હું હવે તુજ કૃત બદલો આપવા
હું આવીઓ અહિંઆં હવે એ સુંદરીને રક્ષવા
તુજ તોરને પુરો હવે હું આવીઓ અહિં ભક્ષવા ૩૬૨

કર્તા—અધિકારી નીરખી દ્વારમાં કો વસ્ત્ર કાળાં પહેરીને
વળી શસ્ત્રથી સજ્જીત થઇ દીઠી ભીષણ એ મૂર્તિને
તે વ્યકિત ને અધિકારીની દૃષ્ટિ હવે પુરી મળી
ઓળખી ધ્રુજી ઉઠીયો અહંકાર તેનો ગયો ગળી ૩૬૩

અધિકારી લજ્જીત થઇ ગયો નીજ શસ્ત્ર છોડી તો દીધાં
તે વ્યકિત ચરણે હવે અંગો બધાં સોંપી દીધાં

અધીકારી—
મહારાજ કરીને મહેર મુજને તો અભયવર આપજો
હું પાપીઓ પુરો બન્યો મુજને હવે જીવાડજો ૩૬૪

કર્તા—રાજા હતા એ નેક ન્યાયી ધર્મના વળી સ્થંભ તો
જાતે નિહાળી કાઢતાં નીજ રાજ્યનો જે દંભ તો
એ રીતથી નિહાળતા ચર્ચા અહિં આવ્યા હતા
વળી વેશધારી ગુપ્ત એ વળી કૃષ્ણ વસ્ત્રો ધારતા ૩૬૫

રાજા કંઈ બોલ્યા નહી આ વખ્ત તો અધીકારીને
બોલાવીને અનુચર કને જેલે પુરાવ્યો ધારીને
વિણા હતી જે જેલમાં તેને હવે મુર્છા વળી
આ દ્રશ્ય તો જોતી હતી નિર્ભય પણે શાંતિ ધરી ૩૬૬

રાજા—રાજા વિણા પાસે ગયા કહી ધર્મની ઓ દીકરી
નિર્ભય હવે તું છે થઇ તુજ વાત કહે માંડી કરી
કર્તા—વીણા હવે નિર્ભય થઇ નીજ વાત વીતક કહી બધી
તે રાયને ઉતરી ગળે ઉપજી દયાની લાગણી ૩૬૭
તે જેલથી કાઢી વીણા સાથે લઇ રાજા ગયા
વીણા તણા ઉચાટ તો હલકા હવે થોડા થયા
કુન્દન તણો પણ પ્રેમ એ વીણા હજુ ભુલી નતી
કુન્દન તણા દર્શન તણી ચિંતા ઉરે હજુએ હતી ૩૬૮
અધીકારી ને જેલર તણો કરી ન્યાય રાજાએ વળી
દઈ દંડ ભારે તેમને હદ પાર તો દીધા કરી
તેથી હવે એ દુષ્ટ તો વીણા પરે બળતા હતા
વીણા ફસાવા પાસમાં કંઇ દાવ તે શોધે જતા ૩૬૯
રણવાસમાં વીણા રહી થઈ શિક્ષીકા રાણી તણી
રાજા અને રાણી અરે મમતા ધરે તેથી ઘણી
સદગુણની શુભ છાપ તે પરીજન પરે પાડી દીધી
તેથી કૃપા તો રાયની ત્યાં મેળવી સ્હેજે લીધી ૩૭૦
રાણી વીણાની સાથમાં અભ્યાસ સંગીતનો કરે
રાજા અને રાણી તણું સંગીતમાં મનડું ઠરે
કો દીન રાજા રાણી જઇ ઉદ્યાનમાં બોલાવતા
મીઠી મધુરી લહેરમાં પાસે વીણા ગવડાવતાં ૩૭૧
સંધ્યા સમે આવાસમાં વીણા હતી તો એકલી

અનુચર—

અનુચર વધો ત્યાં શ્વાસભર દોડી તહાં આવ્યો વળી
તેડાવતાં ઓ બેન તમને રાય રાણી બાગમાં
મીજલસ મળી સંગીતની વિવાદ પડીઆ રાગમાં ૩૭૨

કર્તા–તૈયાર થઇ વીણા તહાં જાવા અરે ઉતાવળી
ગાતી હતી તૈયાર તેમાં શાંતિથી બેઠી ઠરી
પંથ કાપતી ગાડી જતી ત્યાં બેફીકર વીણા હતી
અંધકાર તો વધતો જતો તેથી ન ગમ પડતી હતી ૩૭૩

કંઇ વારે ગાડી આવી ભર જંગલે ઉભી રહી
ઉતરી વીણા જુવે તહાં બાગને દીઠો નહી
ગાડી વળી પાછી ગઇ વીણા રહી અહિં એકલી
સમજી કપટ આ તો થયું મનમાં ગઇ તે તો ડરી ૩૭૪

બે વ્યક્તિઓ આવે નીકટ અંધકારમા નજરે પડી
વિણા–કર સ્હાય ઓ તું ઇશ્વરા ! મનથી અરે તે બડબડી
છે વ્યક્તિઓ ત્યાં આવીને વિણા સહે વદતી ઉભી

અધીકારી–જેલર—

હે સુંદરી તું ઓળખી અમને ઘણી તું તો દુભી ૩૭૫
અધીકારી ને જેલર અમે અહિં છેતરી તુ લાવીઆ
તુજ સંગ આજ તો મન ભોગ રમશું ભાવીઆ

કર્તા–કહી એમ ઝાલી કર થકી વિણા રડે બેફાટ તો
તેવે સમે કંઇ કંઇ દુર પગરવ સુણ્યો ત્યાં આવતો ૩૭૬

દુષ્ટો સુણી વિસ્મય થયા ખાંધે કરી વિણા ગયા
તે ધાડપાડુઓ હતા દુષ્ટો તણી કેડે થયા
વિણા સહે એ દુષ્ટને પકડી લીધાં જાતાં વળી
સામા થતાં તે બેઉની ઘાતો વળી જાતાં કરી ૩૭૭
વિણા હવે રહી એકલી તેને લઇ ચાલી ગયા
સુંદર મળ્યો આ ભક્ષ તો તેથી ઘણા રાજી થયા
રવી ઉગતાં શણગાર સહુ તનથી વિણા છીનવી લીધા
કરવું હવે શું તેહના કરતા વિચારો તે ઉભા ૩૭૮
વિણા–વિણા વદી હીંમત ધરી ઓ ભાઇ તમ ધંધો જુદો
પકડાઇ જશો નિશ્ચય તમે રાખશો જો મારો મુદો
કોમળ શરીર છે માહારૂ તમ જંગલે રહેવું સદા
રૂપ માહારૂ જોઇ વળી કોઇ રાખશે તમ પર અદા ૩૭૯
માટે મુને વેચી તમે લઇ દામ લ્યોને રોકડા
કર્તા–વિચાર આ સઉનો ફર્યો વેણો સુણીને આવડાં
બે વેશ બદલી લઇ વીણા આવ્યા વળી તે શહેરમાં
ગુણકા ગૃહે વેચી વિણા લઇ દામ ચાલ્યા લહેરમાં ૩૮૦
ગુણકા મને મોહીત થઇ આ સુંદરીને જોઇને
ઘર બહાર ના દેતી જવા લલચાવતી નર કોઇને
ગુણકા–કુકર્મ કરવા કરગરી ગુણકા વળી કહેતી હતી
વીણા–ત્રણ માસનું વ્રત માહારે વિણા વળી કહેતી હતી ૩૮૧
કર્તા–છટકી જવાનો લાગ કંઇ વિણા વળી શોધે જતી


ગુણકા બની અટલ હવે છુટી જરા મુકતી નથી
ગુણકા—ગુણકા હવે વિચારતી મુજ ખર્ચ મીથ્યા જાય શું
રંડા મુને છેતરી ભીખારી કરીને જાય શું ૩૮૨
છે બેલી તેનો કોઇ ના મારા વીના તેને અહીં
બળાથી હવે ધંધા મહી જોડુ હવે છોડુ નહી
કર્તા—વિચાર એવો તો કરી એક યારને જઇ સાટવ્યું
ગુણકા—નીશા સમે તું આવજે તેને જઇ પોતે કહ્યું ૩૮૩
કર્તા—નીશા પડી કરી રોશની સમજાવવા વિણા અરે
ગુણકા—તું માન મુગ્ધા માહ્યરૂ શાને રીસાઇ તું ખરે
નિત્યે નવા જે આવતા તે યારને રીઝાવવા
તે આપણું છે કર્મ આજે શું પડે સમજાવવા ૩૮૪
વિણા—વિણા વદી ગુણકા હવે મુજપાસ ના વદતી વધુ
હું કર્મ તારૂ જાણુતી જોતી વળી બેઠી બધુ
તુજ દેહને અડવા થકી અસ્પૃશ્ય પણ અભડાય છે
તુજ કર્મ એવું છે કુડુ રંડા કંઇ શરમાય છે ૩૮૫
કર્તા—ગુણકા વળી ત્યાંથી ઉઠી વિવાદ મીથ્યા જાણીને
પરભારી જઇને યારને બોલાવી લાવી તાણીને
વિણા તણા આવાસમાં એ યારને તો મોકલ્યો
એ યારનો પણ કાળ તો આવી અહીં આજે મળ્યો ૩૮૭
સાંકળ દીધી અંદર તણી વળી બહાર તાળુ દઇ દીધુ
વિણા ગઇ ચેતી હવે ઝટ ફેરવી પાસુ દીધુ

કર્તા—કપટે વદી વિણા તહાં આવો છબીલા છેલ ઓ
લાવો શરાબો અવનવાં કરીએ અનેરી સ્હેલ તો ૩૮૭
કર્તા—શીશા વળી શરાબના દાસી મુકી ગઇ ક્યારની
પ્યાલી ભરીને ચારને પાઇ દીધા કો વારની
નિશો ચઢયો બેભાન થઇ એ ચાર અવની તો પડયો
પાસે હતુ ચપ્પુ વીણા કંઇ ઘાટ તેથી તો ઘડયો ૩૮૮
વળી બાંધી તેની ગાંસડી બારી થકી ફેંકી દીધો
રવી ઉગીયો છે ત્યાં સુધી પોલીસ પત્તો તો લીધો
અધીકારીઓ ગુણકા ગૃહે રવી ઉગતાં આવીયા
તોયે હજુ વીણા તણા આવાશ તો નવ ઉઘડયા ૩૮૯
બ્હારથી પોકારતા અધીકારીઓ પુર જોશથી
વીણા—વીણા વદે અંદર થકી એ ખુન મારા દોષથી
પણ બારણું ખોલું નહી રાજા અહીં આવે નહી
સત્વર થકી બોલાવજો રાજા હવે આવે અહીં ૩૯૦
કર્તા—અનુચર જતાં રાજા વળી આવી પહોંચ્યા ત્યાંય તો
ઝટ બારણું ખોલી દીધુ રાજન પધાર્યા ત્યાંય તો
વીણા મહીથી નીકળી રાજન થયા વિસ્મય બહુ
રાજા—નિરખી વદ્યા ઓ દીકરી શું બન્યું તે કહે સહુ ૩૯૧
તુજને હતો હું ખોળતો કો દુષ્ટ તુજને લઇ ગયા
તું નામ દે એ તેહનું તજીને હવે અંતર દયા
વીણા—પીતા વીતી મુજ શીર તે લાંબી કથા તે છે બહુ

ચાલો હવે મુજ માતને મળીને કહું ત્યાં તો સહુ ૩૯૨

કર્તા–રાજા અતિશય મોહમાં વીણા લઇ ચાલ્યા ગયા
ગુણુકા તણા બુરા હવાલો તે પછીથી થઇ ગયા
નીજ પાપ પશ્ચાતાપથી તેને વળી મુક્તિ મળી
ગુણુકા થઇ સંન્યાસીની બ્રહ્મજ્ઞાનમાં તે ગઇ ગળી ૩૯૩

પ્રીય પાઠકો આરામ લ્યો આજે કથા આ સ્ટોપ છે
કરશું અધુરી પુરી છઠ્ઠા ભાગમાં નવી નોક જે
કહે દાસ જોઇતારામ તો અતિ રસભરી વાતો વળી
તે વાંચશો તો જાણશો વાતો બધી જ્ઞાને ભરી ૩૯૪



શ્રી

વરઘેલી વીણા

—: યાને :—

પ્રેમી કે પાગલ

ભાગ ૬ ઠ્ઠો.

કર્તા--લખી પત્ર કુન્દનલાલ તો વિણા વિણા કરતો ગયો
પાપી પીતાને રોષથી ફીટકારતો તે તો ગયો
અહીં આજ અમદાવાદ તો મનમોદ ત્રીકમલાલને
પહેરામણી લઈશું પુરી પરણાવી કુન્દનલાલને ૩૯૫

કુન્દન રહ્યો છે મીત્રને ત્યાં એટલું એ જાણતા
ધાર્યું થયું પોતા તણું તેથીજ આનંદ માનતા
કુન્દન તણું માગુ સ્વીકારી લગ્ન પણ લીધું હતું
વિવાહનું સીધું અરે તૈયાર પણ કીધું હતું ૩૯૬

કુન્દન તણાં માતા પીતા વિવાહના ઉમંગમાં
પરીજન સહ આનંદમાં રહેતાં હતાં કંઈ રંગમાં
પૈઠણ તણા હજાર ત્રણ અહીં રોકડા તો આવશે
વળી ખર્ચ પેટે કંઇ બીજું વેવાઈ તો પણ લાવશે ૩૯૭

હવે લગ્નના આડા રહ્યા દીન ચાર માટે ચેતવું
રીસાયો કુન્દનલાલ તો એ તેડવા મારે જવું
અહીં માંડવો ચોકી દીધો અહીંઆં ન કુન્દનલાલ તો
પૈઠણ તણા પૈસા પડ્યા નહી વાયદો છે કાલનો ૩૯૮

વિચારે ત્રીકમલાલ તો મણીલક્ષ્મી સહુ બેઠા હતા
ગોષ્ટી અરે વિવાહ તણી પતી પત્ની બે કરતાં હતાં
ત્યાં પોસ્ટમેને પત્ર એકજ અત્રે આવી આપીઓ
મણીલક્ષ્મીએ ઉતાવળે પતી પાસ તે વંચાવીઓ ૩૯૯

એ પત્ર ફોડી પ્રેમથી કાગળ મહીંથી કાઢીઓ
તે તર્ત ત્રીકમલાલે તો ચસ્માં ચઢાવી વાંચીઓ
છાયા હતી ઉલ્લાસની એ પત્ર પહેલાં ફોડતાં
ઉડી ગઇ એ તો હવે એ પત્ર પુરો વાંચતાં ૪૦૦

મણીલક્ષ્મી પણ ચેતી ગઈ પતીની ગતી આ જોઇને
ના બોલતા મુખે જરી નયનો રહ્યાં છે રોઇને
ડુમો ભરાયો અંતરે ના શબ્દ મુખથી ઉચરે
પણ ફક્ત ધારા અશ્રુની નયનો થકી તો નીકળે ૪૦૧

ઘડી બે ઘડી એવી જતાં મુર્છીત ત્રીકમલાલ તો
થઈને હવે ધરણી ઢળ્યા બનીને પુરા બેહાલ તો
આશ્વાશના મણીલક્ષ્મી તો કરતાં તહાં બેસી રહ્યાં
આ વાત જાણી કંઈ જનો જોવા વળી ભેગાં થયાં ૪૦૨

જન કો વદે હીસ્ટીરીઆ આનંદનો આવી ગયો
વળી કો વદે વાયુ ચઢયું આ રોગ હમણાં ઉદ્ભવ્યો
માટે કરો આશ્વાસના શાંતિવળી હમણાં જશે
અનુભવ પ્રમાણે સૌ કહી ખરી વાતથી અજાણ જે ૪૮૩

વેરાઇ ગયા લોકો હવે મૂર્છિત ત્રીકમલાલ તો
તે ગાઢ નિંદ્રામાં સુતા મણીલક્ષ્મી બેઠાં પાસ તો
ત્યાં સ્વપ્ન ત્રીકમલાલને નિંદ્રા મહી તો આવીયું
જાણે ગયો આત્મા ઉડી યમરાજ તેડુ આવીયું ૪૦૪

યમદુતે મુશ્કેટાટ ત્રીકમલાલને બાંધી લીધો
હાથે પગે જંજીરથી તેને વળી જકડી લીધો
મુગદળ તણા પછી માર કંઠે મારતા યમદુત તો
આશ્ચર્ય સઘળુ આજ તો આ કાળ જાણે ખુટતો ૪૦૫

ત્રીકમ–વળી એજ ત્રીકમલાલ તો પોકારતો કંઇ કરગરે
શા માટે મુજને મારતા તે બાપુ કહોને કંઇ અરે
યમદૂત ત્યારે બોલતા યમરાજ પાસે ચાલ તું
ત્યાં ન્યાય તારો તો થશે ના વાત કર અહીં પ્રાલતું ૪૦૬

કરી એમ ત્રીકમલાલને યમદૂત તો બાંધી ગયા
વળી નર્કકુંડે તેહને નાખી બધા જાતા રહ્યા
લાખો જીવો તેમાં હતા તે માંહી ભેગા નાખીયા
પાપી જીવોને એ રીતે એમાં ઉતારા આપીઆ ૪૦૭

એ નર્કની કહું યાતના સુખ દુઃખ સરવે સાંભળો
સમજી જનો કુકર્મ છોડી કર્મ સારાં કંઈ કરો
વિશાળ છોબંધ કુંડ એ વળી નર્કનો બાંધ્યો હતો
તેમાં વળી લક્ષાવધી જીવો તણો સંચય થતો ૪૦૮

મળ મુત્રને કાદવ થકી ભરપુર તે પુર્યો હતો
વળી કીટ વીંછી સર્પનો જમાવ તેમાં તો હતો
ચટકા ભરી દુઃખ દે અતી જીવ ના છતાં એ જાય છે
ખુબી ભરી ત્યાં એટલી એ જાણી આશ્ચર્ય થાય છે ૪૦૯

કો જીવ ત્રાસી દુઃખથી કદી કુંડ પર ચડવા જતો
ઉપર દૂતો ઉભા હતા ને માર મુગદળનો હતો
ધકકો દઈને પાડતો પુરેપુરા રંજાડતો
ખદબદ થતા જીવો બધા ના રહેમ કોઇ લાવતો ૪૧૦

કંઇ કાળ એમાં વહી જતો દુઃખથી ઘણા ત્રાસી જતા
કીટ સર્પ વીંછી દેહને ફોલી વળી તો નાખતા
આ દુઃખ ત્રીકમલાલ તો સ્વપ્ના વિષે સ્હેતા હતા
રહ્યું હાડપીંજર એકલું તવ ધર્મ તો કહેતા હતા ૪૧૧

એ નારકી જીવો તણી લેવા ખબર આવ્યા હવે
એ ધર્મ કરીને મહેર એ જીવો પરે આવ્યા હવે
જીવો બધા ખદબદ થઇ ઉપર તરી તો આવીઆ
દર્શન કરીને ધર્મનાં કહેવા વળી તો લાગીઆ ૪૧૨

જીવો-મહારાજ અમને ન્યાય દઇ આ દુ:ખથી છોડો હવે
અમને ફરી અવતાર દો પાપો ન કરીએ તો હવે
ધર્મ-તવ ધર્મ વાણી ઉચર્યા વળી દુતને કહેતા હવા
જીવ એક એક પાસ મારી ન્યાય માટે લાવતા ૪૧૩

કર્તા-જઇ ધર્મ તો સિંહાસને બેઠા વળી તે ન્યાયમાં
અપરાધી જીવો નારકી શુભ ન્યાય તેનો થાય ત્યાં
હાજર કરે છે દૂત તો શુભ ન્યાય માટે જીવને
વળી એકેએકે લાવતા એ ન્યાય માટે જીવને ૪૧૪

એવી રીતે એક જીવને ન્યાયાસને ઉભો કીધો
સન્મુખ રાજા ધર્મને ત્યાં પ્રશ્ન જીવે તો કીધો
જીવ-મહારાજ મારો શો થયો અપરાધ એવો કારમો
આ દંડ મુને નર્કનો દીધો અરે રે કારમો ૪૧૫

કોટી કર્યાં છે પુન્ય મેં બાંધી સદાવૃત અન્નનાં
તન મન અને ધનથી વળી ઠાર્યાં દુ:ખો કંઇ જન તણાં
એ પુન્યના બદલા તરીકે નર્ક જો મળતું હશે
તો તો ખરી શિક્ષા મને નહિ તો ઘણો અન્યાય છે ૪૧૬

ધર્મ-તવ ધર્મ વાણી ઉચર્યા તેં પુન્ય કોટી કંઇ કર્યાં
તુજ પુન્યનાં પાનાં ઘણાં અહીંઆં સવીસ્તર આ ભર્યાં
પણ રૂ તણા રાસી મહી ચીણગારી અગ્નીની પડી
પણ પુન્યના તુજ પુંજમાં એક પાપની રેખા પડી ૪૧૭

તુજ પુન્ય તો પરવારીઆં વળી પાપની વૃદ્ધી થઇ
એ પાપના પ્રાશ્રીતમાં માઠી દશા તારી થઇ
જીવ—તવ જીવ વાણી બોલીયો એ ધર્મ આવું શું વદો
જે જે કર્યું મેં પાપ તો તેનું હવે વર્ણન કરો ૪૧૮

ધર્મ—કહે ધર્મ સાંભળ જીવ તું ન્યાયનું વ્રતાંત આ
ઘરડો થયો શકિત ગઇ તુજ મુખ માંહે દાંત ના
ધોળાં થયાં પુણી સમાં શીર કેશ ને ડાચાં મળ્યાં
મુખે પડી છે કરચલી નયનો ઘણાં ઉંડાં ગયાં ૪૧૯

કટી માંહીથી ભાગી ગયો વીણુ લાકડી ના ચાલતો
ખુખુ કરે ક્ષયરોગથી તૈયાર મરવા તું હતો
સીત્તેર વર્ષે તો તુને વૃદ્ધાઇ તો આવી હતી
તુજ નારી પણ એવે સમે તુજ ઉમરે ગુજરી હતી ૪૨૦

તુજ પાસ પૈસો પણ હતો તેથી ઘણો મદ વ્યાપીઓ
સીત્તેર વર્ષે બીજીનો તેથી જ મત દરશાવીઓ
કુળવાન પુરો તું હતો પૈસો હતો વળી એટલો
કન્યા વર્યો દશ વર્ષની પૈસો દઇને તેટલો ૪૨૧

બાળા હતી દશ વર્ષની કોમળ હતી કાયા ઘણી
ઉમર થઇ તેની જહાં પંદર પુરાં વર્ષો થયાં
તું તાડ જેવો તેહનો બેઠો થઈ પૈસે ધણી
પતીસુખને તે ઇચ્છતી જ્યમ જ્યમ વધુ દીનો જતાં ૪૨૨

પણ તુજ પાસે તેહની ઇચ્છા ન તૃપ્તીઓ થતી
ઉગતી જુવાની તેહની તુજ કારણે એળે જતી
એવે સમે તુજ કામની નોટીસ તો આવી ગઇ
મૃત્યુ થાતાં તારૂ હવે બાળા નીરાધારી થઇ ૪૨૩

વીધવા તણા રહી વેશમાં આ વેશ ના પાળી શકી
વ્યભીચાર કીધો તું પુઠે ના પાપ એ જાણી શકી
મન એમ રોજે વાળતી વ્યભીચારના દુષ્ટ કર્મમાં
સુખ ના દીઠું એમાં છતાં દુઃખ તો લખાયું કર્મમાં ૪૨૪

વળી ગર્ભ તેને રહી ગયો વિધવા તણા એ વેશમાં
પુરી ફજેતી તેહની ત્યાં લાગી થાવા દેશમાં
નીજ ઠામ છોડી તે ગઇ પરદેશમાં તે એકલી
ત્યાં પુત્ર પ્રસવ્યો તેહને પીડા ઘણી અંગે થઇ ૪૨૫

કોમળ ખીલેલા પુષ્પ સમ એ પુત્રની કાંતી હતી
પણ તેહની લાંબી ઘડી જીવ્યા તણી નિર્મી ન'તી
સ્ત્રીએ કરીકઠણ હૈયું બાળ કંઠે નખ દીધો
નિર્દોષ એવા બાળનો જીવ તો સ્હેજે લીધો ૪૨૬

મારતી વખત એ બાળની ચીસો કરૂણ કંઇ સાંભળી
ઘાતક પશુઓ વનમહીં રડતાં હતાં એ સાંભળી
મૃત દેહ એ શીશુ તણી નાખી દીધી જંગલ મહી
એવી રીતે તુજ પાછળ હત્યા તણો ટોટો નહી ૪૨૭

રે બોલ જીવ તું ક્યાં હવે તુજ પુણ્ય તો ઉભુ રહે
તુજને થતી શીક્ષા હવે તે ન્યાયની કે નહિ કહે ?
જીવ–તવ જીવ ત્યાં વાણી વદ્યો અપરાધ મારો એ ખરો
કર્તા–આજ્ઞા થઈ ત્યાં ધર્મની આને જઈ પુરો કરો ૪૨૮

–: બીજા જીવનો ન્યાય :–

કર્તા–તવ જીવ બીજો લાવીને ઉભો કીધો ન્યાયાસને
જીવ–જીવે વળી પુછ્યું તહાં શા કારણે નાખ્યો મને
ગાયો તણાં કંઇ દાન મેં મરતી વખત દીધાં હતાં
વિપ્રો અને કો સંતને ભોજન ઘણાં દીધાં હતા ૪૨૯
કહો ધર્મરાજા પુણ્ય એ મારૂં હતું સતકર્મનું
પાનું ગયું મારૂ અરે પ્રાટી કહો શું ધર્મનું
ધર્મ–ધર્મ કહે એ પુણ્ય તુંજ અહિંઆં પુરેપુરૂ લખ્યું
પણ પાપ બીજું તાહારૂં સાંભળ અહિં આજે લખ્યું ૪૩૦
કુળવાન તું પુરો હતો તુજ જ્ઞાતીમાં સુખે વળી
પટલાઈ કરતો પંચની જ્યાં ત્યાં જઈ તું તો ખરી
ધંધો ન ધારા કંઈ નહિ ઉંધાંચતાં કરતો હતો
મંડાવતો છંડાવતો વળી લાંચ રૂસ્વત કંઇ લઇ ૪૩૧
તુજ પુત્ર એકજ તો હતો વર્ષો વળી તે આઠનો
વાતો થઇ વીવા તણી મોભો ધર્યો તેં ઠાઠનો
કુળવાનતાનું પુછડું તુને વળી લાગ્યું હતું
તેથી અરે એ પુત્રનું અતિ ઠામથી માગુ થતું ૪૩૨

પેઠણુ તણા કંઇ દામ તું મોહું ભરીને માગતો
વળી આપતા તે તો છતાં વધતું મળેથી ભાગતો
તુજ પુત્રની એવી રીતે જાહેર હરાજી તેં મુકી
છેવટ વરસ પંદર તણી કન્યા હવે પરણી ચુકી ૪૩૩

ઉંમરભરી કન્યા હતી મારે મદનને ઝુરતી
રંભા સમી એની હતી સર્વાંગ સારી મુરતી
અંગો ખીલ્યાં તેનાં હતાં જોબન ઝુરી વીતાવતી
પીયુ પાસ એ નિશાસમે રતી સુખ માટે આવતી ૪૩૪

તુજ પુત્ર નાનો બાળ તો રમતો ફરે રસ્તા મહી
નીજ નારીને "ઓ બેન ઓ" બોલાવતો એવું કહી
નારી ઘણી હીજરાય છે એ કંથના કૃત્યો થકી
રતિપાઠ નારી શીખતી પતિ પાસ પહેલી ચોપડી ૪૩૫

ઘર માંહી ખાવા સ્ત્રી કને તે માતૃભાવે માગતો
કટાક્ષ કરતી સ્ત્રી કદી તો ચીસ પાડી ભાગતો
નારી તણું હઇયું બળ્યું આવા પતીના સંગથી
મનડું હવે તેનું ચળ્યું પુરા મદનના રંગથી ૪૩૬

કો છેલ છબીલા સાથ તો વાતો વળી કરતી હવે
એ ક્રમ થકી જોડાઇ છે વ્યભીચારમાં જોડાઇ તે
મહા ઘોર પાતક એ ગણ્યું વ્યભીચારનું શાસ્ત્રો મહી
કોટીક પુન્યો કંઇ કરો એ પાપ ધોવએ નહી ૪૩૭

નિર્દોષ બાળા તે હતી વ્યભીચારમાં જોડાઈ ને
પાપો કર્યાં એ એકઠાં વળી લાંચ રૂશવત ખાઇને
તુજ કૃત્યનો બદલો બધો અહિંઆં તુને મળતો ખરો
તુજ પુન્ય તો પરવારીયું ને પાપનો ફુટયો ઝરો ૪૩૮
કર્તા–નીચું કરી મસ્તક હવે ના જીવ વાણી તો વદ્યો
ધર્મ–નાખો જઇને નર્કમાં એ ધર્મનો હુકમ થયો

ત્રીજા જીવનો ન્યાય

કર્તા–તવ લાવી ત્રીજા જીવને હાજર કર્યો ધર્માસને
ધર્મ–તવ ધર્મ વાણી તો વદ્યા પુછવા તણી છુટી તને ૪૩૯
જીવ–તવ જીવ ત્રીજો તો વદ્યો ઓ ધર્મ તમને શું કહું
હું ન્યાય કે અન્યાયનો ના મર્મ અહીંઆં તો લહુ
હું મૃત્યુલોકે જાણતો છે ન્યાય વેત્તા ધર્મ તો
વળી વગવસીલો સ્વર્ગમાં ના રાખતા એ ધર્મ તો ૪૪૦
પણ આંહી આવ્યા તે પછી જાણ્યું બધુ પોગળ હતુ
ના ન્યાયનાં નીશાન મારી દ્રષ્ટિમાં કંઇ આવતું
અડસઠ તીરથ કંઇ અંગથી ચાલી ચરણ પોતે કર્યાં
વળી દેહ બોળી તીર્થમાં ઉપકાર કર્મો કંઇ કર્યાં ૪૪૧
એકાદશી જન્માષ્ટમી શિવરાત્રી કેરાં વ્રત ઘણાં
ઉપવાસ લાંઘીને કર્યા પુન્યો ન આવ્યાં તે તણાં
ઉત્સવ ઘણા કંઇ ઉજવ્યા અન્નકુટ જેવા લાખ મેં
શાસ્ત્રો ઘણાં વાંચ્યાં વળી નીશદીન ઘાલી કાખમાં ૪૪૨

કન્યા તણો વિક્રય કદી મેં સ્વપ્નમાં કીધો નથી
અન્યાયના રસ્તે કદી મેં દોકડો લીધો નથી
નિર્ધન હતો હું મુળથી અધર્મ પંથે ના ચઢયો
તો પણ કયા પાપો થકી આ નર્કમાં આવી પડયો ૪૪૩

ધર્મ–તવ ધર્મરાજા બોલીયા ઓ જીવ તું સાંભળ હવે
તેં પુન્યની વાતો કરી પણ પાપ વાતો જો હવે
કુળવાન માતા તાતને પેટેજ પુત્રજ અવતર્યો
માતા પીતા નાનો તુને મુકીને સ્વર્ગે સંચર્યાં ૪૪૪

કુળવાન તારી જાત છે તેથી તને નારી મળી
સંસાર નાની ઉંમરે તેં ચાલતો કીધો વળી
તુજ નારીના પેટે વળી એક પુત્રી તેવે અવતરી
તે જોઇને અંતર ઘણીએ દાઝ આવી ઉભરી ૪૪૫

એ પુત્રીની કાંતિ અલોકિક દ્રષ્ટ જોતાં આવતી
દુશ્મન તણાં હઇડાં ઠરે રમતી હસી વળી ધાવતી
આવ્યો દીવસ છઠ્ઠી તણો કરવા વીધી રાજી થયો
સંસ્કાર તે પુરો કરી વિચાર કંઇ તે ઉદભવ્યો ૪૪૬

ખળખળ ઉકાળ્યું જળ વળી તેં બાળકી કરમાં લીધી
બોળી દીધી તેમાં વળી એ સ્નાનનો કરીઓ વીધી
અંતીમ ચીસો પાડતી તુજ શ્રાપ દેતી બાળકી
નીમેષમાં સ્વર્ગે ગઇ તુજ શ્રાપ દેતી બાળકી ૪૪૭

બ્હાનું બતાવી છુટીઓ દુનીઆ મહીંથી તું ખરે
પાનું પડયું કાળુ અહિં તારૂં ન જાએ તે અરે
ત્રીજે વરસ આશા રહી તુજ નારીને પેટે વળી
પણ માસ પુરા તો થતાં પુત્રીજ પેટે અવતરી ૪૪૮

એ પુત્રીની પણ એ દશા વીણુ દોષમાં કીધી વળી
નિજ વ્હાલી પુત્રી તો જતાં તુજ નારી પણ જો કળકળી
એ રીત બે હત્યા કરી તુજ હાથથી તેં જાણતાં
કયમ નર્કમાં ના લઇ જવો ! ઉંધા શરીરે તાણતાં ૪૪૯

જીવ–તવ જીવ વાણી તો વદ્યો ઓ ધર્મરાજા સાંભળો
એ પાપ ના મારા શીરે જો ન્યાય દીલથી કંઇ કરો
મુજ જ્ઞાતિમાં પૈઠણુ તણો પૈસો પુરો અપાય છે
હત્યા ઘણી આવી અરે તેથીજ રોજે થાય છે ૪૫૦

પૈઠણુ વિના પરણાવીએ જો પુત્રીને કદીએ અમે
કુળવાન કન્યા ના ગ્રહે ઉલટા વળી અમને દમે
જોઇ સમોવડીઆ તણું ઘરવર વળી કરીએ વીવા
વળી ન્યાત બહારે મુકતા કરી બંધ ખાવાને પીવા ૪૫૧

જ્ઞાતી પટેલો અમ તણા કૃત્યો કરે કંઇ કારમાં
મરજી વિરૂધે વર્તે તો રઝળે અમારાં બારમાં
માટે મહારાજા અમે પટેલો તણા એ ત્રાસથી
હલકી સ્થિતીનાં કૃત્ય એ કરવાં પડે છે ત્રાસથી ૪૫૨–

નીજ વીર્યથી ઉત્પન્ન થયાં જે બાળકો તે દુશ્મનો
હૈયાં અમારાં ફાટતાં એ ધારતાં બળતાં તનો
કરવું પડે જ્ઞાતિ તણા એતો પટેલો કારણે
ગણી તેમનો ગુન્હો અરે લાવો નરકને બારણે ૪૫૩

વીચારતા વાણી સુણી દઇ ધર્મ હોઠે આંગળી
વીચાર કરવો આ ખરો હકીકત બધી એ સાંભળી
ધર્મ–તવ ધર્મ વાણી ઉચર્યા ઓ જીવ સાચું તેં કહ્યું
અપરાધ એ છે પંચનો તે ભાન મુજને તો થયું ૪૫૪

તુજ પાપનો બદલો હવે તુજને મળી ચુકયો પુરો
મળશે તુને જો જન્મ પણ કરશો નહિ ધંધો બુરો
વળી ધર્મની આજ્ઞા થતાં ત્યાં જીવ ચોથો આવીઓ
વળી એજ ત્રીકમલાલનો વારો હવે ત્યાં આવીઓ ૪૫૫

ત્રીકમલાલના ચોથા જીવનો ન્યાય

જીવ–કહે જીવ ત્રીકમલાલનો અપરાધ મારો તો થયો
કહો પાપ મારૂં શું હતું અધીકારી હું નરકે થયો
ડાકોર ને વળી દ્વારકાં જઇને ઘણાં તીર્થો કર્યાં
વળી સાધુ સંતોને જમાડી દાન મેં એવાં કર્યાં ૪૫૬

મહાજન તણી વળી ટીપમાં નાણાં ઘણાં મેં તો ભર્યાં
કંગાલ રોગી દુખીયાનાં દુઃખ તો સ્હેજે હર્યાં
વળી ધર્મશાળાઓ કંઇ બંધાવી મેં તો આગમી
જળ વિણ રસ્તે ગ્રીષ્મમાં મંડાવી પરબો આગમી ૪૫૭

કોઈ દીન પૈસો નીચનો મુજ પાસ નહી ભેગો કર્યો
ચોરી છીનાળી જો વળી સંકલ્પ ના સ્વપ્ને કર્યો
તોએ મુને આ નર્કનો અધીકારી શા માટે કર્યો
શું પુણ્યમાં આ નર્ક એ સંશય મુને ભારે ઠર્યો ૪૫૮

ધર્મ–કહે ધર્મ સાંભળ જીવ તું આ ભુલ મોટી થાય છે
વળી આખું કોળું શાકમાં તારી મતીમાં જાય છે
ગણીઆં બધાંએ પુણ્ય પણ તું પાપ ભુલી જાય છે
ના ધારને તેથી હવે તું સ્હેજ છુટો થાય છે ૪૫૯

હતો ન્યાત આગેવાન તું કુળવાનના હેડે વસી
પંચાત કરવા પારકી જાતો હતો તું તો ધસી
એક પુત્ર તુજને તો થયો મમતા ઘણી તે પર હતી
ઉછેરીઓ તે લાડમાં દુઃખો વળી વેઠી અતી ૪૬૦

વિશેષ વિદ્યા છે ભણ્યો બુદ્ધી ઘણી બહોળી હતી
અભ્યાસના અતીશ્રમ થકી કંઇ મેળવી પદવી હતી
ઉંમર થઈ તેની હતી પણ લગ્ન તેનું ના કરે
હતી પાપ બુધ્ધિ તેહમાં તારી વળી તેમાં ખરે ૪૬૧

કન્યા તણાં માગાં ઘણાં એ આવતાં તારી કને
પણ તારા સ્વાર્થ માટે પાછાં વાળતો ઉંચા મને
પૈઠણ તણા પૈસા હજુ ઓછા ઘણા પડતા હતા
હા ના કરીને કસ તમે તો કાઢતા પોતે હતા ૪૬૨

પરદેશમાં તુજ પુત્રને જાતાં વળી મૈત્રી થઇ
ગૃહસ્થ તેનીજ જ્ઞાતિના સાથે ગયા અતિથી થઇ
તે ગૃહસ્થની હતી છોકરી દેવાંગના સમ દીપતી
તુજ પુત્રના રૂપ ગુણમાં સરવે રીતે મળતી હતી ૪૬૩

નાયનો મળ્યાં બંને તણાં હૃદયો રહ્યાં પગ દૂર ના
વળી દંપતીની પ્રેમ ગ્રન્થી ત્યાં જડાઈ મૂળ ના
માગુ કર્યું નીજ જાતથી એ પુત્ર નીજની સહચરી
આવ્યો જહાં તુજ પાસ તે તવ દેહ તારી કકળી ૪૬૪

પૈઠણ તણો પૈસો ઘણો તારે હતો એ કાપવો
અહીંથી મળે ના તુજને તું ધારતો જે જે હતો
તે માટે તે એ પુત્રનો વિવા બીજે દીધો કરી
ફીટકાર આપ્યો પુત્રને નીચાં વચન કહીને વળી ૪૬૫

તુજ પુત્ર રીસાઇ ગયો પછી તાર જુઠો તેં કર્યો
તુજ તારના પરિણામનો વિચાર ના તેં તો કર્યો
એ તાર પહોંચ્યો જેટલે તુજ પુત્રની જ્યાં સહચરી
આપઘાત આવેશે કરી જળમાં પડી તે તો મરી ૪૬૬

શ્રાપો ઘણા દીધા તને તેં પ્રેમી જોડું તોડીયું
તુજ સ્વાર્થના નીચ કારણે હાથે કરી મૂળ કાઢીયું
તુજ પુત્રને સંભારતી સ્વર્ગે સીધાવી તે અહા !
પડતાં ખબર તુજ પુત્રને દુખીઓ થયો તેતો મહા ૪૬૭

રટતો મુખે એ શ્રી તણું શુભ નામને કેડે ગયો
જ્યારે ન દીઠી તેહને તજી સાથ તે પગલે થયો
નીજ પ્રેમદાને ખોળતો વળી શ્રાપ તુજને આપતો
તેતો ગયો તેતો ગયો આ નર્ક તુને નાખતો ૪૬૮

લઈ જાઓ દુતો જીવને અતી ઘણો પાપી ઠર્યો
નાખો જઈ હુતાશને જે કુંડ અંગારે ભર્યો
કર્તા–હુકમ થતાં એ ધર્મનો લીધો એ ત્રીકમલાલને
જઈ અગ્નીકુંડે નાખીઓ કહેતાં વળી તે વારને ૪૬૯

મુકી પોક ત્રીકમલાલે તો હુતાશને બળવા થકી
સ્વપ્નુ ગયું ઉડી છતાં આ પોક સાચી તો હતી
બેઠો થયો બેબાકળો સ્વપ્ન દીઠી વાતથી
ના મુખ ઉત્તર આપતો રોતો હતો બેફાટથી ૪૭૦

પ્રીય પાઠકો આરામ લ્યો આજે કથા આ સ્ટોપ છે
કરશું અધુરી પુરી સપ્તમ ભાગમાં નવી નોખ છે
કહે દાસ જોઇતારામ તો ત્યાં તો હૃદય સહુનાં ઠરે
વદતો નથી અહિંઆં વધુએ આત્મશ્લાઘાએ કરી ૪૭૧

વરઘેલી વીણા

-: યાને :-

પ્રેમી કે પાગલ

ભાગ ૭ મો

કર્તા—ભૃગુપુરથી પાગલ બની કુન્દન વીણા રટતો હતો
તજી ભાન એ નીજ દેહનું રેવા તટે ચાલ્યો જતો
પ્રીય પાઠકો સંસારમાં ના સ્નેહની સીમા રહી
અવધી અદ્યાપી કોઇએ તેની હજુ આંકી નથી ૧

જે રીતથી લયલા પરે મજનું બન્યો પાગલ અરે
જે રીતથી સીરીન પર ફરહાદ તો ઝુરી મરે
એ રીતથી કુરબાન કુન્દન આજ છે વીણા પરે
વીણા તણા અતી પ્રેમમાં પાગલ બની તે તો ફરે ૨
ખાતો નથી પીતો નથી સુતો નથી શય્યા કરી
હરનીશ જપતો જાપ એ જયમાળ વીણાની ધરી
વીણા તુહી! વીણા તુહી! વીણા તુહી! વીણા તુહી!
મળશે કહીં? મળશે કહીં? મળશે કહીં? મળશે કહીં? ૩
ઉડતી હવામાં ભાળતો વીણા નજર નિહાળતો
શ્વાસ ને પ્રતિશ્વાસમાં વીણા વીણા ઉચ્ચારતો

કર્ણે પડે કલરવ કંઇ વીણા તણા તે માનતો
વળી વૃક્ષને વીણા તણી મુર્તિ ગણી આલીંગતો ૪

પાગલ બન્યો પુરો હવે સુરા પીતાં એ પ્રેમની
અબધુત યોગી છે બન્યો કફની ધરી એ પ્રેમની
માતા પીતા છોડી સગાં ચોળી વિભૂતી પ્રેમની
અંતર ઉમેદો ત્યાગીને હોળી જલાવી પ્રેમની ૫

વાયુ તણા વેગે વહે પણ થાક તેને ના હતો
કયાં જાય છે શું થાય છે ના જાણનો તે તો હતો
દર મજલ કરતો તે જહાં જંગલ મહા જાગ્યું હતું
ત્યાં આવીઓ કુન્દન હવે જ્યાં યુથ માનવનું હતું ૬

જ્વાળા જલાવી તે રહ્યાં કુન્દન નિહાળે તે બધું
વિચારતો પાશે જતો કે'તો મુખે આ શું બધું
શું યજ્ઞ કો યોગી તણો જંગલ મહીં આ થાય છે
કુન્દન ભમેલા ચીત્તથી એ રીતથી ભરમાય છે ૭

પ્રીય પાઠકો તે પાછળે શું આપણે પાગલ થવું
ના ના કહો તો સાંભળો જેવું હતું તેવું કહું
ના યજ્ઞ યોગીનો હતો જ્વાળા જલાવી કારમી
ડાઘુ હતા સર્વે ભૂમી એ તો હતી સ્મશાનની ૮

કુન્દન ગયો બેભાનમાં ત્યાં યજ્ઞ યોગીનો ગણી
જઇ પાય લાગ્યો સર્વને જોતો ટસે સરવે ભણી
પુછયું મૃદુ વાણી થકી કહો યજ્ઞ આ કોનો થતો

કો યોગીની સાનીધ્યમાં વસવું હવે હું ઇચ્છતો ૯
પરમાત્મા એ મહાત્મા જોવા તલસતો આતમા
આદર્શ જીવન જે હતું કરી હર્ષ રહેવું સાથમાં
ગદગદીત કંઠે તે થયો વહી અશ્રુધારા જોરથી
થઇ શુન્ય દીશા સર્વ ત્યાં કુન્દન કરૂણના સોરથી ૧૦
આભા બન્યા ડાઘુ બધા આ જોઇ કૌતીક કારમું
કરીને પહ્લવી પુછતાં આનું કહો શું ધારવું
ઘડી એક બે ને ત્રણ સુધી શાંતિ ખપે સ્થાપન થઇ
પણ છેવટે ડાઘુ તણી શાંતિ હવે ખુટી ગઈ ૧૧
વિરા બન્યો પાગલ પુરો શું એટલું ના જાણતો
સ્મશાન ભૂમી આ ખરી સંસ્કાર અગ્નિનો થતો
આ ગામની બાળા નવોઢા નામની વીણા હતી
આજે સીધાવી સ્વર્ગમાં તેની ચીતા આ તો હતી ૧૨
વિણા તણા એ નામને હમણાં જરા ભૂલ્યો હતો
ત્યાં નામ વિણાનું સુણ્યું થયો પ્રેમ વ્યાધી જાગતો
વિણા ગઈ સ્વર્ગે અહા ! વિણા ગઇ સ્વર્ગે અહા !
તું કેમ કુન્દન ! કેમ કુન્દન ! જીવતો ફરતો અહા ! ૧૩
જોતી હશે ત્યાં રાહ તું શું આમ ગાફલ રહી ગયો
તુજ કારણે વિણા ગઇ શાને છતાં તું તો રહ્યો
જે પ્રેમ પ્યાલો તેં પીધો તે શુદ્ધ હોયે જો કદી
વિણા ગઇ તો તો હવે રહેવું જરા ઘટતું નથી ૧૪

નીજ મનથી પ્રશ્નો પૂછીને નીજ તનને લલકારતો
વિણા બળે ચીતા મહીં એ દૃશ્ય નયને ભાળતો
જોતા બધા ડાઘુ રહ્યા વીણા વીણા મુખ ભાખતો
પડતું મુકયું ચીતા મહી વીણા વીણા મુખ ભાખતો ૧૫

ડાઘુ બધા વિસ્મય થયા હોહા કરી ઉઠયા બધા
ઉઠો બચાવો તેહને દોડી જતાં એવું વધા
કોઈ રેડતા જળ લાવીને રેણું વળી કો નાખતા
મુશ્કેલી નડતાં અવનવી ચીતા બુઝાવી તે રહ્યા ૧૬

કુન્દન તણા તનને હવે તે બહાર ખેંચી લાવીયા
વસ્ત્રો સહુ દાઝી ગયાં ફોલ્લા તને થઇ આવીઆ
ના ભાન તેને દેહનું વળી પ્રાણ કંઠે આવીઆ
ઝોળી મહી નાખી દીધો સંદેહ નજરે કહાવીઆ ૧૭

ત્રંબાવટી નગરી તણા આ તો બધા ડાઘુ હતા
કો નાર વીણા નામની દાહ તો દેતા હતા
કુન્દન તણા પૂછવા થકી કહી સત્ય વાતો તેમણે
કુન્દન ભમેલા ચિતથી તે તો વીણા નીજની ગણે ૧૮

લાવી મુકયો કુન્દન હવે ડીસ્પેન્સરી જ્યાં નગ્રની
જોઇ દશા કુન્દન તણી આંખો દ્રવી સમગ્રની
ડોકટર જયંતીલાલ છે સ્વભાવનો શીળો ઘણો
જહેમત ઉઠાવી દર્દી ઝટ યશ મેળવ્યો તેણે ઘણો ૧૯
એવા કુશળ ડોકટર કને આ કેસ કુન્દનનો ગયો

તેથી ઉદય કુન્દન તણા સદ્ભાગ્યનો આજે થયો
તેને દવા દઇ લક્ષથી ડોકટર વળી સદ્ભાવથી
દાઝયા તણા જખમો રૂઝયા તે દૈવના પરતાપથી ૨૦
તે હાલ તો હાવે જરા કંઇ ચાલતો કુન્દન થયો
તે જન્મ પુનર આજથી કુન્દન ગણે જાણે થયો
જયમ ઉડી જતી સ્વપ્નથી બાજી બધી જાગી જતાં
ત્યમ આ બનાવો સ્વપ્નસમ કુન્દન શરીર સાજુ થતાં ૨૧
ત્યાં કાળ વીત્યો કારમો અતિ કષ્ટની અવધી વીતી
શક્તિ શરીરે સાંપડી મળી છાંય તેને તો શીળી
આધી ઉપાધી વ્યાધી સઉ વીરમી ગયાં તેનાં બધાં
પુષ્ટી પદાર્થો સેવતાં પુલકીત ગાત્રો સઉ થયાં ૨૨
તન બદન તો જેવું હતું તેથી અધીકું છે થયું
હેતેથી કુન્દનલાલનું ફરવા ભ્રમણ ચિતડું ભમ્યું
કુન્દન તણા સહેવાસથી ડોકટર ઘણા મોહ્યા હતા
દુર થાય કુન્દન જાય તે મુદ્દલ જરા ઇછતા નતા ૨૩
એમ. એ. થએલો નર યુવક સદ્ગુણથી શુરો હતો
વળી જ્ઞાન ને વિજ્ઞાનમાં અનુભવ મહી એકો હતો
સહવાસ વારીનો કહો દાદુરને શુ ના ગમે
શજ્જનસે સજ્જન મળે કહો તે હવે શુ ના ગમે ૨૪
અહીં આજ કુન્દનલાલ તો ઉઠ્યા સવારે સ્નેહથી
કરી શૌચ કાર્ય સર્વ તે ડોકટર કને સુચી દેહથી

પ્રણામ જઈ પહેલાં કર્યાં વળતી વધો એવું વળી
જાવુ હવે અહીંથી મને અજ્ઞા પ્રભુ એવી મળી ૨૫

અહેશાન આ ભુલુ નહિ આ જીંદગીભર આપનું
કરી ચાકરી અતિ આકરી સાદુ બજાવ્યું બાપનું
મુજ ધર્મના પીતા હવે આજ્ઞા અહીંથી ! દ્યો મને
ભજવા પ્રીતે પરિબ્રહ્મને પળવું હવે વિકટ વને ૨૬

સુણી જયંતીલાલ ત્યાં બોલ્યા મૃદુ વચને વળી
ના ના વદો એવું નહિ જાવા નહિ દેઉ જરી
પરિબ્રહ્મનું પુજન કરો અહીંઆં રહી એકાંતમાં
દઇ લ્હાવ અમને જ્ઞાનનો અહીંઆં રહો વિશ્રાંતમાં ૨૭

થોડા દીનો જાઓ ટકી નક્કી પછી જાજો તમે
રહો આપણા આવાશમાં થઇશુ કૃતારથ તો અમો
કુન્દન ગણું કગર્યો છતાં આજ્ઞા જવાની ના મળી
નિશ્ચય કર્યો રહેવું હવે થોડા દીને જઇશું વળી ૨૮

ડાકટર તણા અવાશમાં કુન્દન હવે રહેતો થયો
પરિબ્રહ્મ પુજા ભાવથી હરનીશ તે કરતો રહ્યો
ડાકટર તણા કુટુંબને નીત્ય જ્ઞાનમાં ગરકાવતો
એકાંતમાં રહેતો વધુ સંસર્ગમાં ના આવતો ૨૯

એક દીન કુન્દન તો ઉઠયો કરી જ્ઞાન ચર્ચા રીતથી
વળી તે સમે રાત્રી પ્રહર દોઢેક તો વીતી હતી
નીજ નીજ તણા આવાશમાં સૌ શાંતિથી સુતા જઇ

ઇલાયદો છે હોલ ત્યાં કુન્દન વળી સુતો જઇ ૩૦
શાંતિ બધે છાયી હતી નહિ કોઇનો સ્વર આવતો
છે નગ્રના રસ્તા સુના તરૂઓ સમીર હલાવતો
આવાસ કુન્દનલાલનો આ વખ્ત છે શાંતિ ભર્યો
ધીમા પ્રકાશે એકલો દીપક હતો જાતો બળ્યોં ૩૧

કુન્દન પથારીમાં પડયો દીપજ્યોતને જોતો હતો
તે ભાન ભુલ્યો દેહનું ગરકાવ જ્ઞાને છે થયો
તે કાળે શાંતિભંગ કરતો સ્વર નિકટમાં સાંભળ્યો
તે આમ કુન્દન જોઇને મન મહી વિસ્મય થયો ૩૨

ઉડી ગઇ શાંતિ બધી માળા વિચારોની તુટી
પરીચીત શબ્દો સાંભળી ધીરજ બધી ગઇ છે ખુટી
ઉઠયો પથારીથી અરે ઝીણી નજરથી ન્યાળતો
બાળા ઉભી પાસે દીઠી સ્વપ્ન સૃષ્ટી ભાળતો ૩૩

પરિચીત એ બાળા હતી સંપુર્ણ વર્ષો સોળની
કન્યા હતી ડાકટર તણી માતી મદનના જોરથી
સંબોધતી પ્યારા સલુણા શર્મથી ઉભી હતી
ખણુતી ભૂમિ નખથી વળી ઉભી ગ્રીવા નીચી કરી ૩૪

ઘડી બે ઘડી વળી મૌનતા ધારી ઉભય જોઈ રહ્યાં
પછી શર્મ ત્યાગી કુન્દને વિનય થકી વચનો કહ્યાં
અહો બેન ચંદા આ ઘડી તું કેમ આવી એકલી
શું કામ મારૂં છે વળી શું આપદા આવી પડી ૩૫

તું બોલ બાળા સત્વરે શા કારણે આવી અહીં
તું એકલી રાત્રી મહી અહીં આવવું ઘટતું નહિ
જા ભૂલથી ભગની ભરે આવી છતાં પાછી થઇ
ઉપકાર તારો એ ગણું મુજને ઘણી શાંતિ થઇ ૩૬

ચંદા ઉભી વચનો બધાં શાંતિ ધરીને સાંભળે
અવસર વિચારી એ ગઇ શાણા શું વાણી નીકળે
હું આશ ઉંડી ધારીને સાહસ કરી આવી અહીં
ના બોલશો સંબોધશો મુજને હવે ભગની કહી ૩૭

શાણા સ્વીકારો મુજને અર્ધાંગના આજે ગણી
પાણી ગ્રહણ મારો કરો ના ચુકશો આવી અણી
દેદારના તમ દર્શથી અંધી થઇ હું તો હવે
તમ સાથ શાણા હું હવે બંધાઇ ચુકી આ ભવે ૩૮

બળતુ બદન મારૂ હવે પુરા મદનના તાપથી
આશા ધરી ઉંડી ઘણી તે શાંતિ થાશે આપથી
જોડી મળી છે આ ઘડી વૃત પુન્યના પરતાપથી
મુજ કાય છે સોનાસમી ભેળો સુગંધી આપની ૩૯

ઓ બેન ચંદા શું વદે મુખ કંટકો શું ના ખુંચે
કર બંધ ભાષા કારમી મુજ કર્ણને એ ના રૂચે
સંબોધી ભગની મેં કહી તે જાણજે સાચુ બધું
મુજ એક પત્નિવૃત છે અનહુત બીજું છે બધું ૪૦
વીણા વિના આ જગતમાં મુજ પ્રેમપ્યારી તો થવા

સરજી નથી કોઇ ઇશ્વરે અર્ધાંગના મારી થવા
માટે ભગીની જાવને આશા તજી એવી બુરી
મુજ રંક પર ધારી દયા કાતીલ ચલાવો ના છુરી ૪૧
ચંદા—મમતા તજો કુન્દન બધી મુજ માગણી સ્વીકારશો
દુખો દલીત સરવે થશે સુખમાં દીનો સહુ કાઢશો
કદી રોષમાં આવી જઇ મુજ માગણી ન સ્વીકારશો
તો જાણજો નક્કી તમે ના સાર સીધો કાઢશો ૪૨
કુન્દન—બાળા વિચારી બોલજો ના ભીખ માગુ ધારશો
પરવા ન કોની હું ધરૂં તો કોઇનો આધાર શો
સો, સો, સીતમ ગુજરે ભલે કુમાર્ગ પણ ગ્રહવો નથી
ચમકે અસીધારો શીરે કુમાર્ગ પણ ગ્રહવો નથી ૪૩
જન્હમ વિષે આજે પડુ કુમાર્ગ પણ ગ્રહવો નથી
જગ દેખતાં સુળી ચઢુ કુમાર્ગ પણ ગ્રહવો નથી
વિણુ વિના આ જગતમાં કર કોઇનો ગ્રહવો નથી
સિદ્ધાંત એ બાંધ્યો ખરો વિચાર કંઈ કરવો નથી ૪૪
નહિ થાવ અહીંથી દૂર તો તમ તાતને કહુ વાત આ
માટે સિધાવો સત્વરે ના દીન છે પણ રાત આ
ચંદા—મુજ તાતને કહેવા તણી એ વાતથી બીવરાવશો
કુન્દન તમે એ માનજો ના, ના જરા ના ફાવશો ૪૫
હમણાં જુઓ મુજ તાતને આ વાત જાહેર જઇ કરૂં
તમ શીર જુઠા આળથી ભટકેલ ભુંડા હું કરૂં

કર્તા—ચંદા વદી એવું પછી કીકીઆરી પાડી કારમી
મુજ તાત ધાજો ત્યાં તમો લજ્જા લુંટાતી ભાખવી ૪૬
જાગી ઉઠયાં ઘરનાં બધાં ચંદાતણા સ્વરથી અહા !
સૌ ધારતાં ચંદા શીરે ગુજર્યું કંઇ સંકટ મહા
દીપક ધરી સૌ હસ્તમંદ દોડી ગયાં ચંદા કને
સહુ પુછતાં શું બેન છે અતિ વ્યગ્રને વિહ્વળ મને ૪૭
ચંદાવદી અતી રોષમાં શું જાણી પુછો છો મને
સંડાસમાં હું તો ગઇ હાજત અરે થઇતી મને
તે વખત લેવા લ્હાવ જાણી દાવ કુન્દન આવીઓ
અવસર ગણી એકાંતનો મુજને ફસાવા ફાવીઓ ૪૮
ભરી બાથ મુજને ઓરડે લઇ તે ગયો બળથી અહા !
પછીથી થયું તે ના કહું સીતમ બધો ગુજર્યો મહા
ઇલાજ ના એકે રહ્યો ત્યારે બુમો પાડી ઘણી
બાપુ વિચારો કારમી કૃતિ એહ છે કુન્દન તણી ૪૯
સુણી જયંતીલાલ તો પુર ધ્યાન આ પુત્રી તણું
કુન્દન પરે તેથી અરે રોષે ભરાયા છે ઘણું
બંધાવી મુસ્કેટાટ કુન્દનલાલને કહેવા થકી
વળી સ્થંભ સાથે બાંધીઓ નાશી ન જાએ તે નકી ૫૦
રાત્રી વીતી એ રીતની પ્રભાત થાતાં કારમું
સરવે ઉઠયાં રોષે ભર્યાં દુઃખ દર્દ દેવા કારમું
જઇ કોર્ટમાં સંભળાવીયું રાત્રે બન્યું જે જે હતું

વળી આંહી કુન્દનલાલનું શ્રીનાથ વીણુ કોઇ ન'તું ૫૧
હતો ક્રુર ધારો રાજ્યનો શીક્ષા ગુનાની એક છે
શીરચ્છેદ કરવો સર્વને શીક્ષા ગુનાની એક છે
એ ન્યાયનો પણુ ભોગ કુન્દનલાલ તો આજે થશે
રે હાય ગુના વિણુ એ શું જીંદગી ગુમાવશે ૫૨

તહી તર્ત કુન્દનલાલને હાજર કરી ફરમાવીયું
વધસ્થાનમાં જઇ વધ કરો ચંડાળને એ કહાવીયું
ના હ્દ કે ફરીયાદ ગુનેગારની સુણુવી કંઇ
મુખે થકી એ કાયદો આ રાજ્યમાં ચાલે અહિં ૫૩

જકડી લીધો દોરી વડે ચંડાળ તો દોરી ગયા
પ્રીય પાઠકો વાંચો હવે શા હાલ કુન્દનના થયા
વધસ્થાનમાં લાવી ઉભો રાખ્યો અરે ત્યાગી દયા
શસ્ત્રો સજી મારા ઉભા યમદુત શા શોભી રહ્યા ૫૪

મારા વધા કુન્દન પ્રતિ કરી લે સ્મરણુ શ્રી ઇશનું
હમણાં ભવાની માતને બલીદાન દઇશું શીશનું
છે મોત તારૂં આ ઘડી તું મોદ માને છે છતાં
વળી શોચ તું કરતો નથી વિસ્મય અમે તેથી થતા ૫૫

કુન્દન વદયો આ સાંભળી શાને વિરા શોચું હવે
શસ્ત્રો ચલાવો સુખથી ઇચ્છીત મળશે પરભવે
સત્યને કારણુ કદી આ દેહ પડશે જો ખરી
બદલો મને તેનો પ્રભુજી આપશે જરીએ જરી ૫૬

તેથી વીશ તમ શસ્ત્રને સુખે ચલાવો હાથથી
હ્યો આ જુકાવી ગર્દને પ્રહાર કરજો સાથથી
પણ ના વસી ચંડાળને દીલે દયા તલ ભારતો
ઉગામીયું ત્યાં મારવા મીથ્યા કરે સંસાર તો ૫૭

તું ચેત કુન્દન! ચેત કુન્દન ! આ ઘડી છેલ્લી ગણે
તેવે સમે તે વનમાં "સબુર" શબ્દો કો ભણે
દુરથી પધારે યોગીકો ચંડાળને નજરે પડ્યા
મારા ચલાવે શસ્ત્ર જ્યાં યોગી તહાં આવી ચઢ્યા ૫૮

વળી બાળ યોગી તે હતા મુખ તેજથી અંજાઇ ગયા
ચંડાળ સહુ પાયે પડી યોગી નીકટ ઉભા રહ્યા
કપૂની વિષેથી કોથળી નાણા તણી કાઢી તહાં
વહેચી દીધું ચંડાળને મન મોદ માને તે જહાં ૫૯

પછી બાલયોગી ત્યાં વધા વિરા દયા લાવી જરા
અનાથ આ નરને હવે જીવતો જવાદ્યો તો ખરા
આશીશ તમને આપશે જીવતો રહેશે જો કદી
કદી મારશો તો લ્હાણુ તમને લેશ પણ મળશે નહિ ૬૦

આજ્ઞા ઉથાપન જો કરો તો શ્રાપ દઉં મુખથી વદી
પરિવાર સહ સંહારતો થાશે તમારો તો કદી
આવી દયા ચંડાળને વળી બ્હીક પણ લાગી હતી
નાણું મળ્યું તેમાં વળી કંઇ ભૂખ તો ભાગી હતી ૬૧
મહારાજ આજ્ઞા માનીને જીવતો મુકી દઇશું અમે

શીક્ષા બધી લેશું સહી ના મારશું તેને અમે
કહી એટલું ચંડાળ તો ચાલ્યા ગયા ત્યાંથી અરે
આ બાલયોગીથી રહ્યો છે જીવતો કુન્દન ખરે ૬૨

અહિંઆં બન્યું જે જે બધું કુન્દન જરા ના જાણતો
મુર્છા વિષે તે તો પડયો અતિ સુખ તેમાં માણતો
જળ તુંબી કેરૂ લેઇને કુન્દન મુખે છાંટયું જરા
આશ્વાસના કીધી કંઇ કુન્દન જરા હાલ્યા ખરા ૬૩

નયનો ઉઘાડી નીર્ખતો કુન્દન જરા અહીંથી તહીં
મારા ન દીઠા તે ઘડી વળી શસ્ત્ર દીઠાં ત્યાં નહિ
પાસે ઉભેલા યોગીને નયને નીહાળ્યા છે વળી
અતિ હર્ષથી બેઠો થયો તેજસ્વી મુર્તી તે ખરી ૬૪

પ્રણામ સાષ્ટાંગે કર્યા ખરી અંતરે ભક્તિ ભરી
અહો બાલયોગી તમ કૃપાએ જીંદગી પાછી મળી
હવે સાથ મુજને લ્યો પ્રભુ કરૂ દેહનું સાર્થક કંઇ
રે મોહ મુજને છે રહ્યા સંસારનો આજે નહિ ૬૫

અતિ હર્ષભાવે તો વદ્યા એ બાલયોગી પ્રેમથી
અહા સંચરો મારી સહી સુખે તમે અતિ પ્રેમથી
ત્યાં મીત્રદાવે સાથમાં રહીશું સદાએ સ્નેહથી
ના, ના ગુરૂતા ધારવી લીધી પ્રતિજ્ઞા દેહથી ૬૬

સેવા વૃત્તિ અંતર ધરી હું આપની સેવા કરૂં
સુખ દુઃખ વેઠી સર્વ ને હું આપની સાથે ફરૂં

ફળ ફુલ ભક્ષી હું રહું ધરૂ દેહની પરવા નહિ
ના સંગ છોડું આપનો વસે પ્રાણ આ દેહી મહી ૬૭
હું જન્મનો જોગી બન્યો સંસાર સારો ત્યાગીને
ધન સાધના સર્વે મુકી નિર્વાહ ભીક્ષા માગીને
હજુ આજ સુધી સાથ કોઈ સુજ્ઞ જન તો ના મળ્યો
પ્રભુ પ્રીતથી આ રીતથી અવસર અહુ આવી મળ્યો ૬૮

વળી પર્ણકુટી બાંધીને સુખચેનમાં રહીશું સદા
કરશું અનુભવ ઇશ્વરી સહશુ દુઃખો પડશે સદા
આ સાંભળી કુન્દન અરે અતિ હર્ષમાં આવી ગયો
વળી બાળયોગી સાથમાં તે ચાલવા ઉભો થયો ૬૯

કુન્દન તણાં વસ્ત્રો હતાં બદલાવી દીધાં ત્યારથી
પરિધાન ભગવાં તે કર્યાં મળ્યા બાળયોગી જ્યારથી
વિકટ વને ચાલ્યા પછી વળી નામ કુન્દનલાલનું
બદલી કીધું છે સ્નેહથી પરિધાન પ્રીતમદાસનું ૭૦

ઉદધી તીરે જઈને રહ્યા સુંદર શીવાલય જ્યાં હતું
જીવજંતનો સંસર્ગના વળી માનવી કોઈ નતું
સુંદર જગા આ તો ગમી વળી પર્ણકુટી ત્યાં રચી
હરનીશ રહેતા ગોદમાં વળી જ્ઞાન ગમ્મત ત્યાં મચી ૭૧

દુઃખો ભુલી બંને ગયા વૈભવ તજી સુખીઆ થયા
સંસારના ઝઘડા બધા અહીંઆં હવે વિરમી ગયા
કરી સ્નાન નિધીમાં વળી ખટકર્મ નીત્યે આદરે

અતિ ગાઢ બાંધી ગોઠડી જ્યાં ત્યાં ઉભય સાથે ફરે ૭૨
એક દીન બંને યોગીઓ નીધી સ્નાન કરવાને ગયા
વાયુ વિશેષ વાય છે તોફાનથી વિસ્મય બધા
નિધી ઉછળે બહુ જોરમાં વાયુ તણા અતિ સોરમાં
અથડાય મોજાં તીરમાં પ્રતિઘોષ થાતો જોરમાં ૭૩

તહિં વહાણુ એકજ આવતું પરવશ થતું દેખાય છે
બેઠા મુસાફ્રર સર્વ તે દુઃખથી અતી ગભરાય છે
વાયુ તણા અતિ વેગમાં પરવશ બની તે તો ગયું
ચઢીને ખરાબે વહાણુને પડી છીદ્ર તે માંહી ગયું ૭૪

કીરતારનો આ કોપ છે આવ્યું નીકટ તીરની જહાં
પાણી ભરાયું તેહમાં આશા જીવની મુકી તહાં
યોગી ઉભય જોતા હતા આ દ્રષ્ય કાંઠે તો રહી
કીરતાર આ શો કોપ છે ! એકે અરે જીવશે નહિ ૭૫

નીજ મોહ માટે યોગીએ વળી સાગરે ફરવા જવા
ત્રાપો બનાવ્યો કાષ્ટનો સાગર સફર કરવા જવા
ત્રાપો તહાં છોડી દીધો ને સ્વાર યોગી તો થયા
મરતા મુસાફર તારવા તૈયાર યોગી તો થયા ૭૬

અહિંઆં હતું જે વાહન તે દરીઆ મહીં ઝકયું હતું
કીરતારને સંભારતા પણ કોઈ બેલી ત્યાં નતું
પાણી ભરાતું કાઢતા નાવીક પણ તે ના હટે
વિધીએ લખેલા લેખ તે કેમે કરી તે તો મટે ૭૭

અહીં આ ત્રીઓ ત્રાપો નીકટ તહીં વહાણુ ડુબ્યું સાગરે
આફત ગુજારી ઇશ્વરે તુંહી રામ કરતા તે મરે
યોગી મહા મહેનત કરે પણુ કોઇ ના તેથી તરે
જઇ નિકટ ત્રાપો ગોઠવ્યો ના કોઈ ત્રાપા પર ચઢે ૭૮

સહુની ઘડી પુરી હતી તેથી ન કોઇ ઉગરે
અતિ શ્રમ થકી થાકી ગયા યોગી બીચારા શું કરે
હતાશ યોગી ત્યાં થયા એક દૃષ્ય તેવે નીરખ્યું
ત્રણુ માનવી કાષ્ટે બચ્યાં જીવવું હજીએ નીરમ્યું ૭૯

તે જોઇને આ યોગીઓ ત્રાપો ચલાવી ત્યાં ગયા
જુક્તિ થકી જઇ જાળવ્યાં યોગી ખુશી તેથી થયા
ત્રણુ માનવી ત્રાપા પરે ખેંચી લીધાં અતિ હર્ષથી
યોગી ઘણુા ખુશી થયા ત્રણુ માનવીના દર્શથી ૮૦

ત્રાપો ચલાવી લાવીઆ તીરે અરે ઉતારીઆ
વળી કાળના મુખે થકી આ માનવી ઉગારીઆ
બાંધેલ કુટી જ્યાં હતી ત્યાં લેઈ સર્વેને ગયા
ફળ ફૂલ અર્પી સ્નેહથી પોતે ઘણુા ખુશી થયા ૮૧

શ્રી

વરઘેલી વીણા

—: યાને :—

પ્રેમી કે પાગલ

ભાગ ૮ મો.

પુછ્યું પછી એ યોગીએ ક્યાંથી તમે આવ્યા અરે
ક્યાં જાઓ છો? રહો છો વળી કો સ્થાનમાંહી આપરે
યોગી તણી વાણી સૂણી બોલ્યો મુસાફર મુખથી
એ મહાત્મા અમ આત્મા જાતો બચાવ્યો સુખથી ૮૨
હું શહેર સૂર્યપુરનો છું રંક પ્રાણી આતમા
લોકો મને રાજા કહે પણ દાસ છું તમ મહાત્મા
મુજ ધર્મ પત્ની આખરી જીવતી રહી જે આપની
આ પુત્રી મારી ધર્મની જીવતી તમો પરતાપથી ૮૩
સરવે અમો જાતાં હતાં ઇંગ્લાંડની મુસાફરી
વાયુ તણા વેગે દશા દરીઆ મહી આવી કરી
પરવશ થયું અમ વહાણને સુકાન હાથે ના રહ્યું
પ્રતિ માર્ગમાં ઘસડાઇ ગયું વળી ખડકમાં અથડાઇ પડયું ૮૪
કરમાં કિનારો લાધતાં આખર જતાં ડુબી ગયું
આવ્યા તમે તે તો પછી જાણો બધું જે જે થયું

અહો! મહાત્મા? અમ પુરમાં પાછા જવા ઇચ્છા થઈ
વળી સાથમાં તો આપને લેવા તણી ઇચ્છા થઈ ૮૫
સેવા રૂડી કરશું અમે અમ નગ્રમાં પધરાવીને
તે વીણ બદલો આપનો કહો વાળીએ તો શી રીતે
ઘણી ક્ષુદ્ર છે એ માગણી ગણી રંક તે સ્વીકારશો
આશા અનેરી આપની અમને નહિ તુચ્છકારશો ૮૬

સુણી વાત પ્રીતમદાસ તો બોલ્યા ન એમાં આકરૂ
છે ભાવ એવો જો ભલે તો ભાઇ સાથે આવશું
અમ યોગીને એકાંતમાં રહેવું વિશેષે ફાવતું
વળી તીર્થની યાત્રા વિના બીજુ કશું ના ફાવતું ૮૭

રાજા વદ્યા મદ મોહથી ઇચ્છા મુજબ વર્તું અમો
મુજ રાજ્યમાં પણ કાયદો જેવો વળી કહેશો તમો
માટે સીધાવો સાથમાં અમ પુન્ય ઉગ્યાં આજથી
રૈયત બધી સુખી થશે પ્રભુ આપના પરતાપથી ૮૮

સંકલ્પ એવો આદરી મુસાફરી ચાલુ કરી
આનંદ અંગે છે ઘણો રાજા હૃદય ભકિત ભરી
તે સૂર્યપુરે આવીઆ રાજા ઉભય યોગી અરે
સરઘસ ચઢાવ્યું શહેરમાં શો લ્હાવ લોકો તો લહે ૮૯

આપ્યો ઉતારો તે પછી દ્રય યોગીને એકાંતમાં
સહુ રીદ્ધીસીદ્ધી અર્પી રાખ્યા મહાત્મા પ્રશાંતમાં
હર વખત રાજા ત્યાં જતો વળી જ્ઞાનગોષ્ઠી કંઇ કરે

વળી રાજનીતીના ઘણા પ્રશ્નો જઈ ત્યાં તો કરે ૯૦
છે યોગી પ્રીતમદાસ તે પ્રવિણ પુરા સર્વમાં
ગુણમાં ઘણા ગંભીર છે ગણતા ન લેખાં ગર્વમાં
ખટશાસ્ત્રમાં તે છે પુરા વળી વેદના ભેદો બધા
વળી રાજનીતી જાણતા તલ્લીન તેમાં રહે સદા ૯૧
જઈ રોજ રાજા ત્યાં વળી તે રાજનીતી શીખતા
ગુંચાયલા કેસો કંઇ યોગી કને ચુકાવતા
અન્યાય સરહદ છોડીને તે રાજ્યથી નાસી ગયો
ચોરી જુગારી જારીના ધંધા અડ્ડા નિર્મુળ થયા ૯૨
યોગી પ્રભાવે આજથી અહીં રામ રાજ્ય ચાલતું
રાજા પ્રજા સુખી થયાં ના દુખ કોઇને હતું
પીવે ન પાણી એજ પ્રીતમદાસને પુછયા વિના
ના ચાલતું કો કાજ પ્રીતમદાસને પુછયા વિના ૯૩
ઇચ્છા થઇ તે યોગીની મુસાફરી કરવા તણી
સુરેન્દ્ર રાજા જે હતો ઇચ્છા જણાવી તે તણી
હુકમ હજુરે જ્યાં થયો તૈયારી કીધી તર્ત તો
એ યોગી કહેતા જે રીતે સુરેન્દ્ર તેવું વર્તતો ૯૪
વળી સહેલ ગાહે આબુની જાવા બધાં તૈયાર છે
સાધન ભરી સઘળાં લીધાં હુકમ થતાં શી વાર છે
તૈયારી કીધી તુર્તમાં લઇ સાજ સઘળો સાથમાં
ગીરીરાજ આબુએ જવા ઉપડ્યા અરે સૌ સાથમાં ૯૫

દુખો બધાં ડુલી ગયાં સતસંગના શુભ રંગમાં
આવ્યા હુવે આણુ વિષે આલ્હાદ ઉપજ્યો અંગમાં
તંબુ જૂદા નાખી દીધા સગવડ પડે જે રીતથી
સુખશાંતિમાં સરવે વરયાં દીનો વીતે પુર પ્રીતથી ૯૬
વળી બાલયોગી સાથ પ્રીતમદાસ તો ફરવા જતા
સુંદર સમીર લહરી વિષે શુભ લ્હાવ એ લેતા હતા
નિર્મળ સુવાસીત સર્વરે સમીરે બધે બ્હેકી જતી
વળી ચંદની તેમાં મળી શોભા ઘણી વધતી હતી ૯૭
ગોષ્ટી કરી બંને જણા આઘે સુધી ફરવા જતા
ગુણ ગાનના ગાંભીર્યથી કોથી જરા ડરતા નં'તા
આ ખીણુ પેલી ખીણુ ને આ ટેટરી, તે ટેકરી
કરતાં દુરે નીકળી ગયા સ્મરતા મુખે તે શ્રીહરી ૯૮
એ રીતે ફરતાં ચેનમાં અરધી નીશા વીતી ગઇ
એવે ઓચીંતી બાજુમાં ક્રુર કારમી ચીશો થઇ
એ કરૂણ સ્વરને સાંભળી ઉભય વળ્યા એ પંથમાં
જોયું જરા છેટે રહી છે માનવી બે અંતમાં ૯૯
તલવાર તે પર છે ઝુકી એ માનવીની ગર્દને
સાધી સમય આ આકરો યોગી વદ્યા સબુર ને
શાને હણો આ જન્નને અપરાધ એવો શો કર્યો
છોડી મુકો? છોડી મુકો? અપરાધ એવો ના કર્યો ૧૦૦
પ્રીય પાઠકો! આજે અહિં આ છે અછોરી લોકને

મહોત્સવ મહા માયા તણો મેળો ભરાયો લોકનો
બલીદાન દેવા દેવીને બે માનવી આણ્યાં અહી
ભર જંગલે આ જંગ છે અવરોધ તેને છે નહી ૧૦૧
બે યોગીઓ ત્યાં તો ગયા તેથી ઘણા ખુશી થયા
થયા ભોગ બેના ચાર તે દેવી તણી મોટી દયા
પકડી લઇ જકડી દીધા યોગી ઉભયને ત્યાં અરે
નિઃશસ્ત્ર તેઓ ત્યાં હતા નિરૂપાયથી તે શું કરે ૧૦૨
બલીદાન દેવા દેવીને તૈયાર તે તો જ્યાં કરે
દશ બાર ઘોડેસ્વાર તો આવી અચાનક ત્યાં ચઢે
રાજા તણા એ મોકલ્યા આવ્યા હતા તે ખોળવા
અહીં સાદ સુણી કારમા આવ્યા હતા તે ખોળવા ૧૦૩
શસ્ત્રો સહે સજ્જીત છે આવી અચાનક તે ચઢયા
તલવાર ચાલે જ્યાં તહાં તે આવીને વચ્ચે પડયા
લોકો ગયા વિખરાઇ પણ ચાર જણ ઉભા રહ્યા
સ્વારે સમાચારો વળી રાજા તણા ત્યાં તો કહ્યા ૧૦૪
સ્વાર સાથે યોગીઓને દંપતિ પેલાં હતાં
ધીમે કદમ તે તો ગયાં રાજા કને એ ચાલતાં
રાત્રી ઘણી વીતી હતી શાંતિ ધરી સૌ સુઇ ગયાં
દુઃખમાં ડુબેલા દંપતી આશ્રય મળે સુખીઆં થયાં ૧૦૫
મૃત્યુ તણા જે પાસથી બે માનવી છોડયાં હતાં
રાજા નીકટ તેડાવીઆં જે પુછવા કયાંનાં હતાં

રાજા અને બે યોગીઓ વિના બીજુ કોઇ નથી
નરનારી ત્યાં તો આવીયાં બીના બની જે તે કહી ૧૦૬
રાજા તણા પ્રશ્નો થકી નર તેહ વાણી ઉચર્યો
બહુ દુઃખથી દુનીઆં તજી આજે અહીંઆં નીકળ્યો
મુજ ગામ અમદાવાદ છે મુજ નામ ત્રીકમલાલ છે
મારી સહે નારી પૂરે મણીલક્ષ્મી તેનું નામ છે ૧૦૭
હતી સંતતિ અમને રૂડી એક પુત્ર કુન્દનલાલ તો
અમ પાપના પરતાપથી નાસી ગયો છે હાલ તો
કાગળ મળ્યો અમને પછી પ્રીય પુત્ર કુન્દનલાલનો
નીજ પ્રેમદાની માટ તે સ્વર્ગે સીધાવ્યો હાલ તો ૧૦૮
મુજ પુત્રને તેની પ્રિયા કરી આત્મહત્યા ગુજર્યાં
હત્યા નિવારણ કારણે અમે તીર્થ માટે પરવર્યાં
ઘરબારને છોડી દઇને તીર્થભૂમિઓ ફરતો ફરૂં
સુખ સંપતી સઘળી તજી અરણ્વ વિષે હું તો ફરૂં ૧૦૯
યાત્રા કરી શ્રીત્રીપુરાની આવ્યો હતો અહીંઆં અરે
કૃત્રીમ યોગીવેશમાં ઠગ તો મળ્યા મુજને અરે
હત્યા અમારી જોવા આશા અનેરી આપીને
શીરચ્છેદ કરવા લઇ ગયા આશા અનેરી આપીને ૧૧૦
પ્રીય પાઠકો ? આ બ્યાન પ્રીતમદાસ તો સુણતા હતા
છે એજ કુન્દનલાલનાં માતા પીતા આતો ખરાં
આંખે થકી અશ્રુ વહ્યાં વચનો બીજાં નાકંઇ કહ્યાં

આજ્ઞા થઈ તેથી અરે રાજા ઉતારે તે રહ્યા ૧૧૧
એક દીન કુન્દન એકલા સંધ્યા સમે ફરતા હતા
નર બે અરે તેવે સમે કુન્દન સમીપે આવતા
શાહુકાર સરખા શોભતા કંઇ કારણે આવ્યા હતા
કુન્દન નીકટ બેસી જઈ મુખથી કંઈ કહેતા હતા ૧૧૨
યોગી તણા છો વેશમાં પણ ભાગ્યરેખા બહુ ભલી
કુન્દન સમી તમ દેહને કોપીન લજવે એકલી
તમ ભાગ્યમાં કો રાજ્યની ગાદી દીપાવાને લખી
ભગવાં ધરી શાને પ્રભુ નીજ દેહને કરતા દુઃખી ૧૧૩
ઇચ્છા તમારી હોય જો ગાદી અપાવું આજ હું
મુજ કાજ થોડું જો કરો તો આજ આપુ રાજ હું
કુન્દન બધી વાણી અરે ઉત્સુકતાથી સાંભળી
શી યોજના છે આપની તે તો બતાવોને ખરી ૧૧૪
દશ હજાર કેરા દામની થેલી તહાં કાઢી દીધી
સ્વીકારવા મુખથી અરે છે અર્જ કુન્દનને કીધી
બદલે અમારી માગણી દઇ ધ્યાન શાણા સાંભળો
હીંમત ધરી હૈયે અતી શુભ કામ તે સ્હેજે કરો ૧૧૫
છે રાજની પુત્રી અરે તેને મીલાવી આપશો
સુરેન્દ્રનું મૃત્યું વળી સ્હેજે કરાવી આપશો
પછી રાજગાદી પર બીરાજો આપ નિષ્કંટક થઇ
છે સ્હેજ સરવે આપને મુશ્કેલ તેમાં ના કંઇ ૧૧૬

બહુ કાળથી પૂરતા હતા ના કામ એ અમથી થતું
ખાત્રી ભર્યું કો જન તો અમને અરે મલતું નતું
સદ્‌ભાગ્યથી આવી મળ્યા છો આજ અમને આપતો
તેમાં અમારાં આપનાં સરસે સહુએ કાજ તો ૧૧૭

થેલી સ્વીકારો ભેટની ફુલ પાંખડી એ તો ગણી
વળી આપશું બીજું વધું કરીને કદર તમ તણી
થાઓ તમે તત્પર હવે ધરી હામ હૈયે હેતથી
યુક્તિ લઢાવો અવનવી જુદા કંઇ એ વેતથી ૧૧૮

કુન્દન વિચારે મનમાં શી આ વળી ઘટના હશે
આવ્યો સમય તે સાધવો ઇચ્છા પ્રભુની તે થશે
નીરાશ કરીને આમને અહિંથી કદી કાઢી મુકું
સાહસ કરે બીજો કંઇ આ દાવ હું શાનો ચુકું ૧૧૯

તત્કાળ દાબી રોષને કુન્દન વધ્યા મૃદુ હાસ્યથી
થેલી પછી ઉંચકી લીધી વળતો વધ્યા વધુ આશથી
છે કામ એ સ્હેલું મને મુશ્કેલ તેમાં ના કંઇ
મુજથી થવાનું કામ એ શંકા ન તેમાં છે કંઇ ૧૨૦

તે લાવી આપુ સુંદરી ઘડી ઘાટ રાજાનો વળી
પછી રાજ મળશે તે મને શુભ સ્હાય કરશે શ્રીહરી
ખાત્રી પુરી રાખી તમે એ મીત્ર રહેજો આજથી
શો લ્હાવ બીજો છે મને વિનાશ્રમે આ રાજથી ૧૨૧
સંતાઈ જાઓ સુખથી આજે અહિંથી તો તમે

આ સ્થળ વિષે મળજો ફરી કાલે વળી સંધ્યા સમે
ત્યાં ઘાટ સરવે ગોઠવી પ્રોગ્રામ ઘડશું પ્રીતથી
જોખમ ન ઝાઝું આવશે વિચારશું એ રીતથી ૧૨૨
બીજે દીને સવારમાં કુન્દન ગયો રાજા કને
બધી વાત માંડીને કરી થેલી ધરી પેલી અને
રૂસ્વત મને આપી ગયા તમ જાન લેવાની મીશે
શાહુકાર સરખા ભાસતા પણ ઠગ પુરા તે તો દીસે ૧૨૩
રાજન તેથી ચેતવું દુશ્મન ખરેખર એ થયો
જડમુળથી ઉખેડવો એ ન્યાય નીતીમાં કહ્યો
અરિ કર્જની રહે શેષ તો શાંતિ ધરી સુવું નહિ
અરિ કર્જની રહે શેષ તો વૃદ્ધિ થશે તે તો રહી ૧૨૪
માટે મહારાજ તમે સાવધપણે પૂરજો સદા
સહુ દીન સુખના હોય ના મુશીબત પડે આવી કદા
રૂસ્વત તીજોરીમાં ધરો વળી દાનમાં તે આપશું
દુશ્મન ફસાવી હું લઉં પછી દંડ તેને આપશું ૧૨૫
નિંદ્રા ન લેશો સાંજરે વળી આપના તંબુ વિષે
સુજો સુખે મુજ સ્થાનમાં વળી જાગજો ઉંધ્યા મીષે
વળી ઘાટ એવો ગોઠવ્યો દુશ્મન બધા કબજે થશે
અરધી નીશા જ્યારે જશે ત્યારે બધા એ આવશે ૧૨૬
સંકલ્પ એવો ત્યાં કરી સંધ્યા થઈ ત્યારે ખરી
તે સ્થાનમાં આવી ઉભો કાલે હતી અવધી કરી

વળી રાહ જોતાં ત્યાં ઉભો ઉભય જનોની તે અરે
ગીરી કંદરાથી તે સમે નીકળ્યા જનો તે તો ખરે ૧૨૭
આવી મળ્યા તે યોગીને આશા હતી વહને ભરી
આવી ઉભા યોગી કને યોગી સ્મરે છે શ્રી હરી
બંને જનો બોલ્યા તહાં શી રીત ભાઈ છે કરી
ઘડવો હવે કંઇ ઘાટ તે શી યોજના આપે કરી ૧૨૮
કુન્દન વદ્યો આ સાંભળી ભાઈ ફીકર ત્યાગો તમે
શુભ કૃત્ય થાશે આપણું વિશ્વાસ રાખો આ સમે
અરધી નીશાએ આવજો રાજા તણા તંબુ વિષે
સજી ડ્રેસ સાથે આવજો વળી પહરેગીરોના મીષે ૧૨૯
મેં પહરેગીરોને ફ્રોડીને કાઢી મુકયા છે ત્યાં થકી
ના રોકશે તેથી તમો ત્યાં આવજો આજે નકી
કરી ઘાત રાજાનો પછી એ સુંદરી લઈ આવશું
પછી રોકશે નહિ કોઇ તેથી આપણે તો ફાવશું ૧૩૦
શસ્ત્રો ના એકે લાવશો નિર્ભય થઈને આવજો
વળી જાણ પડવા મુજને સંકેત છુપો કહાવજો
હથીઆર લઈ હાજર રહું હું વહેમ કોઈ ન લાવશો
વળી સોવસા સંપૂર્ણ ત્યાં તો લાગ આપણ ફાવશે ૧૩૧
એવું કહી કુન્દન તહીં થકી ચાલી ગયા છે તે વળી
પેલા જનો પણ ત્યાં થકી ચાલી ગયા છે તે વળી
અહિ કુન્દને આવી પ્રથમ બાજી બધી પુરી કરી

સ્વારો છુપાવ્યા તંબુમાં વળી બંધુકો પુરી ભરી ૧૩૨
સંજ્ઞા છુપી આપી બધી અંદર છુપાવ્યા તે અરે
પલંગમાં પોતે સુતો રાજા તણા બ્હાને અરે
અરધી નીશા વીતી ગઇ સંજ્ઞા થઇ છુપી તહાં
સાવધ થયા સ્વારો સહુ જન બેઉ આવ્યા છે જહાં ૧૩૩
તંબુ વિષેથી કુન્દને સંજ્ઞા કરી છુપી રીતે
દાખલ થયા તંબુ વિષે વિશ્વાસથી નીર્ભય ચીતે
પ્રવેશ અંદર જયાં થયો ત્યાં સ્વાર ધીમે આવીઆ
વળગી પડયા તે બેઉને પાછળ થકી તે આવીઆ ૧૩૪
બહુ બળ કર્યું બંને જણે તેમાં નહિ તે ફાવીઆ
વળી કુન્દને ઉપર રહી કર શ્રંખલા પહેરાવીઆ
મજબુત બાંધ્યા દોરડે સ્વારો તણા સ્વાધીન તે
ઉંઘ્યું નહિં કોઇ જરા રાત્રી વિતાવી એ રીતે ૧૩૫
ઉગ્યો રવી જ્યારે અરે રાજા સભા બેઠા ભરી
બે ચોરને હાજર કર્યાં બધી વાત ત્યાં વીદીત કરી
રાજા નજર નિહાળતાં એ ચોર તે બોલ્યા અહો !
ફોજદાર ને જેલર અરે મુજ રાજ્યના આતો અહો ! ૧૩૬
તજી નોકરી એ લુંટનો ધંધો અરે કરતા હતા
પાપો પુરાં નહોતાં થયાં મુજ હાથમાં આવ્યા નતા
છો ઘોર પાપી આતમા શીક્ષા પુરી કરવી હશે
ફાંસી દઇ દો તેહને ફરી જન્મ લેશે પરભવે ૧૩૭

રાજા હુકમ પુરા થતાં તે બેઉને લેઇ ગયા
ફાંસી દીધી તત્કાળ ત્યાં નરકે સીધાવી તે ગયા
અહિં આજ કુન્દનલાલને પ્રધાનપદ મળીયું વળી
હા, ના ઘણી કરવા છતાં ઇચ્છા ઘણી રાજા તણી ૧૩૮
એક દીન રાજા યોગીઓ સાથે સહુ સાજનો
ફરવા ગયા ગીરીકંદરા અવસર અહાહા! આજનો
રાણી અને પુત્રી વળી છે પાટવી કુંવર સહે
જન બેઉને છોડયાં હતાં આવ્યાં હતાં તે તો સહે ૧૩૯
ઇચ્છા થઇ પૂરવા તણી ગીરીકંદરામાં જઇ વળી
જોવા દીગંબર યોગીઓ દર્શન તણી ઇચ્છા ખરી
સાધન નહિં સાથે લીધું પાળા પગે ચાલ્યા જતાં
નીહાળી કુદરતની લીલા મોહીત મનમાં તે થતા ૧૪૦
ફરતા અરે પુર જોસમાં ભર જંગલે આવી ગયા
વિકાળ વન આ તો હતું નીરખી સહુ વિસ્મય થયા
વ્યાઘ્રો સિંહો અહિંઆં ઘણાં ત્રાડી રહ્યા પુર તોરમાં
મસ્તી કરે મદમાં ચઢી ત્રાડી રહ્યા પુર તોરમાં ૧૪૧
બહુ રાનમાં હેરાન થઇ અંતે અરે ભુલા પડયા
એવે અચાનક કેસરીના સ્થાનમાં આવી ચઢયા
પગરવ સુણ્યો માનવ તણો કરી ત્રાડ બહાર નીકળ્યો
રાજા સહે સહુ માનવીનો જીવ ચગડોળે ચઢયો ૧૪૨
ઉપાય ના એકે હતો બચવા તણો આજે અરે
ભજતા હતા પરિગ્રહ્ય જે અંતકાળ આ જાણી ખરે

અહિં કેસરી ખુશી થયો છે ભક્ષ માનવનો મળ્યો
ઉપાય ના એકે હતો ના જાય તે કેમે ખળ્યો ૧૪૩
સહુ આગળે કુન્દન હતો પાછળ બીજા ચાલ્યા જતા
સહુએ જનો આ અવસરે ભયભીત અંતર તો થતા
તેવે સમે સીંહે તહાં એક ત્રાપ મારી કારમી
સહુ આગળે ચાલ્યો જતો એ ચોટ કુન્દન પર હતી ૧૪૪
કુન્દન મને સમજી ગયો છે આપણી છેલ્લી ઘડી
આખર જતાં સંસારથી બુરી ઘડી આવી પડી
સીંહ થાપ કુન્દનને પડે ત્યાં શી બની બીના ખરી
હતો બાલયોગી સાથ તે કુદ્દી પડયો આગળ વળી ૧૪૫
કુન્દન બચાવા જાનને કરવા અદા મીત્રાઈને
આગળ પડયો એ બાલયોગી જાન ખોવા ધાઇને
જ્યાં ત્રાપ મારે સીંહ તે ગોળી હૃદય લાગી ગઈ
રાજા તણી એ તો કૃતિ એ સીંહની વેરી થઇ ૧૪૬
મરણોન્મુખ જે સીંહ થઇ ધરણી ઢળ્યો આજે હવે
સહુ માનવીને જન્મ આપુ નર થકી લડયો હવે
અહીં બાલયોગી પણ પડયો મૂર્છા વિષે ભયભીત થઇ
મૃતપ્રાય જાણે એ થયો વળી શાન શુદ્ધિ છે નહી ૧૪૭
ડોળી કરી ઉંચકી લીધો એ બાલયોગીને વળી
સહુ આવીઆં તંબુ વિષે શુભ આશા અંતરમાં ધરી
શીતળ પદાર્થો લાવીને માર્જન કર્યું સંભાળથી
શુધ્ધિ સરસ મળતી ગઇ માર્જન કર્યું એ જ્યારથી ૧૪૮

સંપૂર્ણ શુદ્ધિ જ્યાં મળી રાજા ઘણા ખુશી થયા
વળી સર્સ સાહસ જોઈને આફ્રીન તે પર થઈ ગયા
ઈનામ કંઈકે માગવા એ બાલયોગીને કહ્યું
અવસર અનેરો જાણીને આ વેણ રાજાનું ગમ્યું ૧૪૯
રાજા રહો ? છે માગવું ખુશી થઇ આપો કદી
કહી એમ યોગી બાળ તો ચાલ્યો એ તો વદી
ઘડી ત્રણ થતાં પાછો વળ્યો થઇ સુંદરીના વેશમાં
નારી તણાં વસ્ત્રો સહુ પરિધાન અંગે છે કર્યાં ૧૫૦
મોહક બનાવી મૂરતી નયનો કર્યાં જાદુ ભર્યાં
સરવે સભા વિસ્મય થઇ વિચાર વમળે છે પડયાં
રાજા કહે ઓ સુંદરી શો ભેદ આ છે તે કહો
છો બાલયોગી કે તમો છો સુંદરી આપે અહો ૧૫૧
સુણી વચન રાજા તણાં એ સુંદરી બોલી તહાં
ડાકટર જયંતીલાલની હું પુત્રી ચંદા છું જહાં
યોગી વજીર જે આપના મુજ ઘેર રહેતા તે હતા
આશક થઇ હું તે પરે મુજને જરા ચ્હાતા નતા ૧૫૨
તે કારણે લઇ ભેખ હું યુક્તિ થકી સાથે ફરૂં
આપો વચન જો એટલું હું તેમની સાથે વરૂં
વિસ્મય થયાં સરવે અહી ચંદા તણી કથની સુણી
કુન્દન કહે ઓ પ્રેમદા છું આપનો આજે ઋણી ૧૫૩
ઉપકારનો બદલો ચાહે તમ કાજ શીરને અર્પવું
ઉપકારનો બદલો ચાહે ખાંધે ચઢાવી ફેરવું

પણ સુંદરી એ વાત જે વરવા તણી કરશો નહી
સંકલ્પ મારો આકરો કદી કાળ તે ફરશે નહિ ૧૫૪
આ જગતમાં વીણા વીના હું કોઇને પરણું નહિ
મા બેન બીજી નારીઓ હું કોઇને પરણું નહિ
ચંદા વદી એ સાંભળી વિણા ગઇ સ્વર્ગે અહા !
તો તો અરે શાને મને આ દુઃખ દો છો જે મહા ૧૫૫
રાજા તણી પુત્રી હતી તે આ સમે બોલી વળી
જો જીવતી વિણા હશે ચંદા છુટી ત્યારે ખરી ?
ચંદા વદી એ સાંભળી જીવતી વિણા હોશે કદી
ત્યારે ન આગ્રહ હું કરૂ સ્વર્ગે ગઇ આવે યદી ૧૫૬
વળતી વદ્યા રજા તહાં શો ભેદ યોગી આ કહો ?
તે સાંભળીને કુન્દને વૃતાંત પોતાનો કહ્યો
રજા તણી પુત્રી ઉઠી નીજ આસનેથી ત્યાં વળી
છો આપ કુન્દન માહ્યરા હું આપની વીણા ખરી ૧૫૭
સરવે સભા બેઠી હતી પણ પ્રેમ ના રોકયો રહ્યો
ભેટી પડયાં નિર્દોષથી આવેશ ના રોકયો રહ્યો
માતાપીતા કુન્દન તણાં જે સાંભળી બેઠાં હતાં
નીજ પુત્રને પીછાણીઓ હર્ષાશ્રુઓ વહેતાં હતાં ૧૫૮
ઉભાં થઇ નીજ પુત્રને કંઠે જઇ વળગી પડયાં
કરી પાપનો પસ્તાવ તે આજે ઘણાં રોઇ પડયાં
રાજા ઘણા ખુશી થયા જોઇ દશા કુન્દન તણી

ચંદા બીચારી એકલી આ સર્વથી રોતી ઘણી ૧૫૯
આપી ધીરજ તેને ઘણી પરણાવશું શું પેરથી
છે પુત્ર રાજા પાટવી પરણાવશું તે પેરથી
સરવે જનો સુખી મળ્યા કુન્દન તણા સાથે ભળ્યા
માતા પીતા મેળો થયો સરવે દુઃખો આજે ટળ્યા ૧૬૦

નીજ દેશ રાજા આવીઆ સહુ સાજ સાથે તે મળી
કૃષ્ણલાલને તેડાવીઆ બ્રગુક્ષેત્રથી તારે વળી
જયંતીલાલ પણ આવ્યા ખરા પરણાવીઆં કુન્દન વીણા
વળી પાટવી કુંવર સહે લગ્ન થયાં ચંદા તણાં ૧૬૧

પૂળદાયી સારૂ ગામડું દાને વિણાને આપીયું
પ્રધાનપદ કુન્દન તણું કાયમ કરીને સ્થાપીયું
વેવાઇ વેવાણ સહુ મળ્યાં સદભાગ્ય સહુનાં છે ફળ્યાં
નીરાંત બેસી પછી દૂઃખો તણાં વર્ણન કર્યાં ૧૬૨

પ્રીય પાઠકો ! નોવેલ વાંચી ના તમાસો ધારશો
વરવિક્રયે તમ સંતતિ હાથે કરી ના મારશો
પ્રીય પાઠકો ! આરામ લ્યો આજે કથા આ સ્ટોપ છે
સંપૂર્ણ આજે તે કરી દીન જેષ્ઠ શુકલ ચોથ છે
કહે દાસ જોઇતારામ એ છે શારદા ગુણ ગાનમાં
શીશી, સીદ્ધિ, ખંડે મુનીશાલે બારસીદા ગામમાં

સમાપ્ત

વાંચવા લાયક ઉત્તમ પુસ્તકો.

સીતમગર શયતાન.

ડાહ્યો કે દીવાનો.

આકાશમાં અકસ્માત.

સૌન્દર્ય સંગ્રામ.

પ્રેમની પીસ્તોલ.